RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

# માસિક પત્રિકા

Issue : 3, Year: 69, June, 2022, Pages: 52, Price Rs. 7.00



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

# પંચગીની સેનેટોરિયમનો નવો શણગાર

















# શ્રી પ્રવીણભાઈ જી શાહને 'સમાજરત્ન'નો લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ



શિક્ષણ થકી સમાજના તમસને ઓગાળવા સતત કાર્યરત રહેલા, અપ્રતીમ બુદ્ધિપ્રતિભા અને કૌશલ્ય ધરાવતા ઝાલાવાડી સભાના ઉપપ્રમુખ, ટ્રસ્ટી તથા સંસ્થાના સહુથી મોટા દાતા પ્રવીણભાઈને તેમની ૪૦ વર્ષની સાતત્યપૂર્ણ સમાજસેવા માટે ચેમ્બુર સ્થિત હરિહરપુત્ર ભજન સંસ્થા દ્વારા **'સમાજરત્ન' નો લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ** આપવામાં આવ્યો છે.

આ ગૌરવશાળી ઘટના માટે ઝાલાવાડી સભા ખૂબ આનંદ અનુભવે છે.




# પંચગીની સેનેટોરિયમ ખાતે
# ગઝીબો ના દાતા

જેતપુર નિવાસી હાલ અંધેરી

## સ્વ. કેતનકુમાર કાંતિલાલ શાહ ના સ્મરણાર્થે




શ્રીમતી સંગીતાબેન
કેતનકુમાર શાહ તરફથી
હસ્તે
મહેન્દ્રભાઈ રતિલાલ અજમેરા
પરિવાર

## પાંચ લાખ રૂા. નું અનુદાન

---

લોનાવલા સેનેટોરીયમ નવીનીકરણ યોજનામાં



લીંબડી નિવાસી હાલ સાયન

શ્રીમતી સરોજબેન જશવંતલાલ સંઘવી પરિવાર
તરફથી

## રૂા. ત્રણ લાખ નું અનુદાન

વિપુલ - મનિષા વિશાલ - મમતા



શ્રી જશવંતલાલ નાનાલાલ સંઘવી

શ્રીમતી સરોજબેન જશવંતલાલ સંઘવી

---

લોનાવલા સેનેટોરીયમ નવીનીકરણ યોજનામાં



પૂજ્ય પિતાશ્રી ગિરધરલાલ કસ્તૂરચંદ શાહ
તથા
પૂજ્ય માતા શ્રીમતી લલિતાબેન ગિરધરલાલ શાહના
જન્મશતાબ્દી વર્ષ નિમિત્તે


## રૂા. ત્રણ લાખ નું અનુદાન

ચંદ્રકાંત ગિરધરલાલ શાહ (મૂળી નિવાસી - હાલ નેપિયન્સી રોડ)
ચંદ્રાબેન ચંદ્રકાંતભાઈ શાહ



સ્વ. શ્રી ગિરધરલાલ કસ્તૂરચંદ શાહ

સ્વ. શ્રીમતી લલિતાબેન ગિરધરલાલ શાહ




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

જૂન ૨૦૨૨
વર્ષ : ૬૯ : : અંક : ૩
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ-૪૦૦ ૦૦૨.
મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ-૪૦૦૦૧૧. ફોન :૦૨૨-૩૫૭૪૦૮૧૧
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/-+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/-
છૂટક નકલ રૂા. ૭/-

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧-૦૦ થી સાંજના ૭-૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*



# પિતા એટલે...

દુનિયાના મહાભારત આગળ કૃષ્ણ કહે છે
ગીતા, એવા મારા પિતા...

કહ્યા વગર જે શીખવાડે એવો શિક્ષક જેનામાં,
એ પિતા મારામાં જીવે, હું જીવું એનામાં.

સુખના દિવસો છલકાવવામાં,
દુઃખનાં આંસુ પીતા, એવા મારા પિતા...

હરતો ફરતો અખંડ દીવો, હરતી ફરતી જ્યોતિ,
સંઘર્ષોના ભવસાગરમાં સફળતાનાં મોતી.

ધરતી જેવું ધૈર્ય જીવે, માણસના રૂપમાં સીતા,
એવા મારા પિતા...
પપ્પા એટલે ચુપકીદીથી વાંચે કાયમ આંખો,

આભથી મોટી ઊડવા માટે આપે સૌને પાંખો.
સંબંધોના કાગળ ઉપર જેણે જીવી કવિતા, એવા
મારા પિતા...

# સફળતા

એક સરવે અનુસાર, નિષ્ફળ લોકો ચાર પરાજય બાદ હાર માની લે છે. સફળ લોકોની પણ પહેલાં ૧૦ વખત હાર થઇ પરંતુ તેમણે પ્રયાસ યથાવત્ રાખ્યા અને ૧૧મી વાર વિજય હાંસલ કર્યો. સફળતા હાંસલ કરવા માટે જરૂરી છે કે આપણે માન્યતાઓ, ઉત્તમ મૂલ્યોને આત્મસાત કરીએ, વિચારોની ગુણવત્તા સુધારીએ, જીવનના ઉદ્દેશ્યને હંમેશાં યાદ રાખીએ. શુદ્ધ ઇચ્છા અને દ્રઢ સંકલ્પ સાથે આગળ વધતા રહીએ.



મોટા ભાગના લોકો તપસ્યા, સમર્પણ અને સ્વયંને ઘડતા કષ્ટો અને પડકારોથી દૂર જ ભાગે છે. જે સફળ હોય છે, તેઓને દરેક પડકારો ઝીલવાની આદત હોય છે, જેને નિષ્ફળ લોકો એકવાર કરવાથી પણ દૂર ભાગે છે.

કુદરત પાસેથી આપણે અસંખ્ય વસ્તુઓ શીખી શકીએ છીએ. ચાલો વાંસના વૃક્ષથી જ કંઈક શીખીએ. એ એટલું ઊંચુ થાય છે કે આકાશને આંબશે તેવું લાગે છે. રસપ્રદ વાત એ છે કે વાંસના બીજને ધરતીમાં વાવ્યાના પાંચ વર્ષ પછી તેમાંથી અંકૂર ફૂટે છે. જોકે અંકુરિત થયાના માત્ર છ સપ્તાહમાં ૯૦ ફૂટ ઊંચાઈને હાંસલ કરે છે. તો, પહેલાં પાંચ વર્ષ વાંસનું બીજ શું કરતું હતું ? એ બીજે તેનું સમગ્ર રોકાણ ધરતીના ઊંડાણમાં પોતાના મૂળને ફેલાવવામાં જ કર્યું હતું. જેથી કરીને સપાટીથી ઉપર સ્ફૂરિત થનારા આ ઊંચાઈના વિકાસના બળને તે સહન કરી શકે. સફળતા કોઈ નાની દોડ નથી, પરંતુ એક યાત્રા છે જ્યાં લક્ષ્ય સુધી પહોંચતા પહેલાં અનેકવાર નિષ્ફળતાનો સામનો કરવો પડે છે. છેલ્લા કેટલાક સમયથી અનેક જાહેરાતો તરત જ સફળતાના દાવાઓ કરીને તગડી કમાણી કરવાનો પ્રયાસ કરી રહી છે. આ દરેક જાહેરાતો તમારી અંદર એક ઉત્કંઠા પેદા કરે છે કે લૉટરીની ટિકિટ ખરીદો અને તરત જ અબજપતિ બની જાઓ. આ ચમત્કારિક ખાદ્યપદાર્થનું સેવન કરીને માત્ર એક મહિનામાં ૧૫ કિલોગ્રામ વજન ઘટાડો, ઈન્ટરનેટ પર દરરોજ માત્ર ૨ કલાક કામ કરીને વર્ષમાં ૧૦ લાખ રૂપિયાની તગડી કમાણી કરો. દુર્ભાગ્યપણે આ દરેક દાવાઓ વાસ્તવિકતાની આગળ માત્ર પોકળ સાબિત થાય છે. તો પછી, સફળતા હાંસલ કરવા માટે શું કારણ હોય છે ?

સૌથી પહેલાં આપણે એ માનસિકતાથી બહાર આવવું પડશે કે સફળતા લૉટરી માફક છે. એ સ્વીકારવું પડશે કે સફળતા માટે સમર્પણ, ધીરજ અને સતત પ્રયાસો આવશ્યક છે. બીજા આ સુવર્ણ અક્ષરોને યાદ રાખો : ''જીવનમાં કોઈપણ મહત્ત્વપૂર્ણ વસ્તુઓ નિઃશુલ્ક પ્રાપ્ત થતી નથી''. જો આપણું લક્ષ્ય કોઈ કળામાં નિપુણ થવું છે તો તેનું મૂલ્ય છે આપણા સમય અને ઊર્જાને અભ્યાસમાં રોકવી. 'અભ્યાસ' જ એક એવી ચાવી છે જે કૌશલ્યના દ્વાર ખોલે છે. સ્વિડિશ સાયકોલૉજિસ્ટ તેમ જ પ્રોફેસર કે. એંડર ઈરિક્સને આ જાણવા માટે વિશ્વવિખ્યાત સંગીતકાર, ખેલાડી અને નૃત્યકારનું આકલન કર્યું કે તેઓના આ અસાધારણ કૌશલ્યનું મુખ્ય કારણ શું હતું. તેમના સંશોધનના પરિણામોએ એ થિયરીને સંપૂર્ણપણે નકારી હતી કે પ્રસિદ્ધ કલાકારો પાસે કળાની કોઈ જન્મજાત ભેટ હોય છે. ઈરિક્સને માલૂમ પડ્યું કે, કુશળ કલાકાર અને સામાન્ય વ્યક્તિ વચ્ચે માત્ર એ જ અંતર છે કે કોઈપણ ક્ષેત્રમાં નિપુણતા હાંસલ કરવા માટે જીવનભર અભ્યાસ કરવો. જોકે જીવનમાં કેટલા કલાક અભ્યાસ કરવો જોઈએ તે વ્યવસાયના આધાર પર અલગ અલગ હોય છે અને તે સફળતાનું એકમાત્ર કારણ પણ નથી. પરંતુ તો પણ માલ્કમ ગ્લેડવેલનું પુસ્તક 'આઉટલાયર્સ' અનુસાર, વિશ્વવિખ્યાત કલાકાર બનવા માટે જીવનભર ૧૦ હજાર કલાકનો અભ્યાસ એક આદર્શ નિયમના રૂપમાં જોવા મળ્યો છે. વિકાસની માનસિકતાથી સફળતા સુનિશ્ચિત થાય છે. સામાન્યપણે આપણા મનમાં ઉન્નતિનો અર્થ વધુ પગારની નોકરી, ઘરમાં વધુ બેડરૂમની ઉપલબ્ધતા, આધુનિક કારની માલિકી જેવો હોય છે. બહેતર છે કે આપણે જીવનની દરેક પરિસ્થિતિઓને 'કંઈક શીખવાની' અથવા 'વિકસિત' થવાના અવસરના રૂપમાં જોઈએ. આજે જ્યારે જીવનમાં મનને વિચલિત કરતી અસંખ્ય વસ્તુઓ ઉપસ્થિત છે, ત્યારે પોતાના લક્ષ્ય પ્રત્યે એકાગ્ર રહેવાથી જ સફળતા હાંસલ કરી શકાશે. અર્થાત્ સંત કબીરે તેને ખૂબ જ સુંદર રૂપમાં રજૂ કર્યું છે : ''ધીરે-ધીરે રે મના, ધીરે સબ કુછ હોય, માલી સીંચે સૌ ઘડા, ઋતુ આએ ફલ હોય.''

સ્વામી મુકુંદાનંદ

# ઝાલાવાડી સભાની
# નૂતન ઓફિસનું ઉદ્‌ઘાટન




ઘણા લાંબા સમયથી જેની પ્રતીક્ષા હતી તે ઝાલાવાડી સભાની કાલબાદેવી ખાતેની ઓફિસ નવા રૂપરંગ સાથે નવા બિલ્ડીંગમાં તૈયાર થઈ ગયેલ છે. નૂતનીકરણ થયેલ ઓફિસનું વિધિવત ઉદ્‌ઘાટન મંગળવાર તા. ૩-૫-૨૨ અખાત્રીજના દિવસે ઓફિસના મુખ્ય દાતા અને ટ્રસ્ટીશ્રી પ્રવીણભાઈ જી. શાહના વરદ્‌હસ્તે થયું.

સુંદર પ્લાનિંગ, મનમોહક ફર્નિચર, નયનરમ્ય લાઈટીંગ, ઓફિસ સ્ટાફ તેમજ મુલાકાતીઓ માટે મોકળાશભરી જગ્યા, કોન્ફરન્સ રૂમ, ટ્રસ્ટી કેબિન, સ્ટોરેજ માટે માળિયું, પેન્ટ્રી, બાથરૂમ સાથેની તમામ અદ્યતન સગવડ અને આધુનિક સુવિધાવાળી સંપૂર્ણ વાતાનુકુલિત ઓફિસ, કોઈપણ કોર્પોરેટ ઓફિસને ટક્કર મારે તેવું ઉત્કૃષ્ટ ઈન્ટીરીયર જોઈ દરેક ઝાલાવાડીને ગર્વ સાથે સંતોષની લાગણી થાય તેમ છે.

૧૨૦ વર્ષ જુની સંસ્થાની ઓફિસ ઓપ આપવા તેમ જ સભાની ગરિમાને છાજે તેવી ઓફિસ બનાવવા માટે અતુલભાઈ, પંકજભાઈ, અનિલભાઈ, દિલીપભાઈ તેમજ નરેન્દ્રભાઈ ગાંધી ની ટીમે ખૂબ જહેમત ઉઠાવેલ છે.

- ઓફિસનું ઉદઘાટન માનનીય ઉપપ્રમુખ ટ્રસ્ટીશ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ ના વરદ હસ્તે કરવામાં આવ્યું
- **CONFERENCE ROOM** નું ઉદ્‌ઘાટન માનનીય ટ્રસ્ટી શ્રી મહેશભાઈ વોરા અને માનનીય ટ્રસ્ટી શ્રી મહેન્દ્રભાઈ તુરખીયાએ કર્યું.
- ટ્રસ્ટી કેબિન નું ઉદ્‌ઘાટન માનનીય મંત્રી ટ્રસ્ટીશ્રી પંકજભાઈ સંઘવી અને માનનીય ટ્રસ્ટી શ્રીમતી મનીષાબેન શાહ દવારા કરવામાં આવેલ.
- દરેક સ્ટાફ ની પોતાની seat નું ઉદ્‌ઘાટન તેમના હસ્તેજ કરવવામાં આવેલ. જેની સ્ટાફ ને અનેરી ખુશી હતી.
- પ્રભુ શ્રી પાશ્વનાથ દાદા ની મૂર્તિ renovation કમિટી દ્વારા રાખવામાં આવેલ.( શ્રી અતુલ ભાઈ, શ્રી પંકજભાઈ, શ્રી અનિલભાઈ, શ્રી નરેન્દ્ર ભાઈ અને શ્રીદિલીપભાઈ)

નૂતન ઓફિસના ઉદ્‌ઘાટન માટે ટ્રસ્ટીશ્રી પ્રવિણભાઈ શાહ, મહેશભાઈ વોરા, મહેન્દ્રભાઈ તુરખીયા, પંકજભાઈ સંઘવી, મનિષાબેન શાહ તેમજ અતુલભાઈ શાહ, અનિલભાઈ સંઘવી, મુકેશભાઈ ચશ્માવાળા, નરેન્દ્રભાઈ સંઘવી, દિલીપભાઈ શાહ, મહેશભાઈ દોશી, અશોકભાઈ તુરખિયા, અતુલભાઈ વોરા, ચેતનભાઈ ગોસલિયા, નરેન્દ્રભાઈ ગાંધી, પ્રિયાબેન તુરખિયા તથા વિજયભાઈ અજમેરા હાજર રહ્યા હતા.

# સંબંધનાં ફૂલ



જે લોકો સતત ભૂતકાળની નકારાત્મક વાતો જ કરતા હોય તેમનાથી દૂર રહેવામાં જ ભલાઈ છે, કારણ કે આવા લોકોના શબ્દો અને સમજ તમને ઉદાસી તરફ ધકેલશે.

આપણે બધા હંમેશાં નકારાત્મક લાગણીમાંથી બહાર નીકળવાના રસ્તા શોધતા રહીએ છીએ કારણ કે આપણને ખબર છે કે આ લાગણી આપણા જીવનના વિકાસ માટે યોગ્ય નથી, પણ એવું થઈ શકતું નથી.

એવું નથી કે બધાની વિચારધારા નકારાત્મક હોય છે પણ દરેકના જીવનમાં ક્યારેક તો મુશ્કેલી આવતી જ હોય છે. હકીકતમાં જીવનમાં જ્યારે સમસ્યા આવે ત્યારે એને સારી રીતે ઉકેલવા માટે માનસિક ક્ષમતા અને સ્પષ્ટતા હોવી જરૂરી છે. પરિસ્થિતિ નકારાત્મક હોય છે ત્યારે મન જાણે સ્થિર થઈ જાય છે અને એમ લાગે છે કે એ આગળ જ વધવા નથી ઈચ્છતું.

મનમાં નકારાત્મક વાતો વારંવાર ટેપની જેમ પુનરાવર્તિત થવા લાગે છે. જ્યારે જીવનમાં સતત નકારાત્મક ઘટનાઓ જેમને પૈસાનું નુકસાન, લોકો સાથે લડાઈ કે સ્વજનો સાથે મતભેદ...વારંવાર બનવા લાગે છે ત્યારે આવી માનસિક સ્થિતિ ઊભી થાય છે. આવી સ્થિતિમાં મન સતત પોતાને કહે છે કે 'તું ઝઘડાખોર, 'તું મૂરખ છે એટલે લોકો તને ઠગી જાય છે અથવા તો 'તું લોકોને પસંદ નથી '...આવી માનસિકતાને કારણે ડિપ્રેશન અને તનાવ વધે છે.

જોકે આ સ્થિતિમાં અકળાવાને બદલે પરિસ્થિતિનું યોગ્ય વિશ્લેષણ કરીને એના જવાબદાર કારણ શોધીને પછી ઉકેલ મેળવવાથી જ સમસ્યા ઉકેલાય છે. કેટલાક લોકો સતત પોતાની ભૂતકાળની ખરાબ સ્થિતિને વાગોળતા હોય છે. તેઓ જૂનો ખરાબ સમય યાદ કરીને આજનો સમય વધારે સારો છે એવું સાબિત કરવા ઈચ્છે છે પણ હકીકત એ છે કે ખરાબ યાદગીરીને સતત યાદ કરવાથી ક્યારેય સારી લાગણી અનુભવી શકાતી નથી.

જે લોકો સતત ભૂતકાળની નકારાત્મક વાતો જ કરતા હોય તેમનાથી દૂર રહેવામાં જ ભલાઈ છે કારણ કે આવા લોકોના શબ્દો અને સમજ તમને ઉદાસી તરફ ધકેલશે. આ લોકોને એ વાત સમજાવાનો પ્રયાસ કરવો જોઈએ કે જે વીતી ગયું છે એને ભૂલી જવામાં જ ભલાઈ છે.

જો મનમાં સતત જૂની નકારાત્મક યાદને વાગોળવામાં આવે તો મન કડવાશથી ભરાઈ જાય છે અને એમાં પછી નવી મધુર યાદગીરી બનાવવા માટે કોઈ જગ્યા જ નથી બાકી રહેતી. આ સંજોગોમાં મન સતત નકારાત્મકતા અને ડિપ્રેશન તરફ ધકેલાતું રહે છે.

સામાન્ય રીતે નકારાત્મકતા પ્રતિભાવ સાથે જોડાયેલી વાત છે જેમાં ખાસ કરીને બીજાની વાતોનો અને મનની પ્રતિક્રિયાનો સમાવેશ થાય છે.

આ હકીકતને સમજવાથી કોઈપણ ઉકેલ આવી શકે છે અને જીવન સારી રીતે પસાર થઈ શકે છે.

**રજની શાહ**

ના જન્મ તારી મરજીથી,
ના મરણ છે તારા હાથમાં ?
થોડી ઘણી તકદીરની રેખા,
આપી દીધી તારા હાથમાં ?
પાત્ર તારું નક્કી પહેલેથી ,
કેમ ભજવવું એ તારા હાથમાં !
પળમાં પડદો પડી જશે, ત્યાં,
દાદ મેળવવી તારા હાથમાં !!
ભરી ભરીને કેટલું ભરીશ ?
સાવ નાનકડા તારા હાથમાં.! ????
જગ જીત્યા પછી ય શું રહ્યું,
બોલ શુ રહશે,તારા હાથમાં ?
ગાડી, બંગલો, નોકર ચાકર
કાંઈ પણ નહીં આવે સાથમાં.!
કરેલાં કર્મો, કરેલું પુણ્ય, અને
કરેલું પાપ જ આવશે સાથમાં.!
અહીંથી મર્યા પછી બીજા ભવમાં..
સ્વજન પણ નહીં આવે સાથમાં.!
માંગી લે તું પ્રભુ પાસે એટલું જ,
ભવોભવ ધર્મ આપજો સાથમાં....



# શ્રી પ્રવીણભાઈ જી શાહને 'સમાજરત્ન'નો લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ

ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભાના સ્તંભ સમા, સભાની આગવી ઓળખ સમા, અત્યંત વિચક્ષણ, નિર્ભિક, બાહ્ય ઠાઠમાઠથી જોજનો દૂર રહી, સત્વશીલ જીવનશૈલી ધરાવતા, કરોડો રૂપિયાનું દાન કરીને પણ અત્યંત નિરાભિમાની, સાલસ સ્વભાવના પ્રવીણભાઈ જી. શાહનું તેમની નિરંતર સમાજસેવાના ઉપલક્ષ્યમાં સમાજકલ્યાણના અનેક કાર્યો કરતી ચેમ્બુરની તમિલ સંસ્થા 'હરીહર પુત્ર ભજન સંસ્થા' દ્વારા અદકેરું સન્માન કરવામાં આવ્યું.



તા. ૨૮ મે ની સાંજે ષણ્મુખાનંદ - સાયનમાં પ્રેક્ષકોથી ખીચોખીચ ભરાયેલા સભાગૃહમાં પ્રવીણભાઈને સિંહની મુખાકૃતિ ધરાવતા આસન પર આરૂઢ કરીને સ્ટેજ પર લાવવામાં આવ્યા. બહુઆયામી વ્યક્તિત્વ ધરાવતા આ વ્યક્તિ વિશેષની ઉત્કૃષ્ટ, નિઃસ્વાર્થ સમાજસેવાના ૪૦ વર્ષના કાર્યોની ઝલક દર્શાવવામાં આવી.

ગુજરાત કેળવણી મંડળ - માટુંગા (અમુલખ અમીચંદ હાઈસ્કુલ)ના પ્રમુખ, સેવામંડળ એજ્યુકેશન સોસાયટી (એસ.એન.ડી.ટી કોલેજ - માટુંગા) ના પ્રમુખ, જૈન એજ્યુકેશન સોસાયટી (બોયઝ હોસ્ટેલ - વડાલા તથા આણંદ)ના પ્રમુખ, લીંબડી કેળવણી મંડળની સાત સંસ્થાઓ તથા રાજકોટની શાળાના પ્રમુખ, માનવસેવા સંઘ - સાયન (અનાથ બાલિકાઓ-વૃદ્ધજનોનો આવાસ - મેડિકલ સેન્ટર, ઔદ્યોગિક પ્રશિક્ષણ કેન્દ્ર તથા ડે-કેર સેન્ટર, કમ્યુનિટી વેલફેર સેન્ટર તથા પારણાઘર) ના પ્રમુખ, ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા (સંસ્થાની અનેકવિધ તબીબી શૈક્ષણિક યોજનાઓ - લોનાવલા - પંચગીની - દેવલાલી -સુરેન્દ્રનગર તથા માથેરાન સેનેટોરિયમ)ના ઉપપ્રમુખ અને સર્વેસર્વા પ્રવીણભાઈના નેતૃત્વ તળે અનેક સંસ્થાઓ અપાર પ્રગતિ કરી રહી છે - હજારો વિદ્યાર્થીઓનું ઉજ્જવળ ભવિષ્ય સાકાર થઈ રહ્યું છે. પ્રવીણભાઈનું સન્માન કરતી વેળાએ સંસ્થાના અગ્રણી જયંતભાઈ લાપસિયા અને સાથીદારોનો અપાર ઉત્સાહ છલકાતો હતો. લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ આપતી વખતે પ્રવીણભાઈને વૉરન બફેટના કાર્યોની સાથે સરખાવતા જનમેદનીએ તાળીઓનો ગડગડાટ કરી દીધો. સહુએ 'સ્ટેન્ડીંગ ઓવેશન' આપ્યું.




આવા કર્મઠ, સત્યને વરેલા, સાધન શુદ્ધિમાં માનનારા, પ્રસિદ્ધિથી જોજનો દૂર રહેતા, દિલેર, નિષ્ઠાવાન ને મૂઠી ઊંચેરા પ્રવીણભાઈનું સન્માન એ ગૌરવવંતી ઘટના છે. તેઓ ઝાલાવાડની મોંઘેરી મૂડી છે. સંસ્થાઓની સાથે પોતાની સંપત્તિના પણ ટ્રસ્ટી રહી સમાજ ઉત્કર્ષમાં મુખ્યત્વે શિક્ષણ કાજે તેઓ સંપત્તિને વાપરી નથી રહ્યા બલ્કિ વાવી રહ્યા છે.

પ્રવીણભાઈ, શતાયુ બનો. સમાજસેવાનો જે દીપ આપે પ્રગટાવ્યો છે તે સદાય ઝળહળતો રહે એ જ શુભકામના સાથે ખૂબ ખૂબ અભિનંદન...

- સંધ્યા શાહ

# ડોબા જેવો બાપ



**એ** ૨૦૧૮નો આકરો ઉનાળો હતો. તે સમયે મારું 'પૉસ્ટીંગ' સાબરમતી નદીના કાંઠે આવેલી બેંકની એક તાલુકા શાખામાં હતું. મે મહિનાની પ્રચંડ ગરમી અને એમાંય ખરો બપોર. એટલે શાખામાં ગ્રાહકોની સામાન્ય અવરજવર હતી. છત ઉપર લટકી ફરતા પંખા મોંઘવારી સામે લડતા ગરીબોની જેમ ગરમીને હંફાવવાનો મિથ્યા પ્રયાસ કરતા હતા. શાખાના કર્મચારીઓ પોતાના રોજિંદા કામકાજમાં વ્યસ્ત હતા, તો હું પણ કામના તુમારનો નિકાલ કરતો હતો.

એ વખતે એક સફેદ વસ્ત્રધારી ટોળું શાખામાં પ્રવેશ કરે છે.ટોળામાં ત્રણ પુરુષો અને બે સ્ત્રીઓ હતી. પુરુષોએ માથાં અને દાઢી-મૂછ મુંડાવી ચહેરા સફાચટ કર્યા હતા અને ખભે ખેસ વીંટ્યા હતા તો સ્ત્રીઓએ સાડી પહેરી માથાં ઢાંક્યા હતા. તેમાંથી એક સૌથી મોટા દેખાતા અને ચપળ લાગતા પુરુષના હાથમાં એક થેલી હતી. આખું ટોળું સીધું જ શાખામાં નવનિયુક્ત ફરજ પરના અધિકારી પાસે પહોંચે છે. કાપડની થેલીમાંથી કેટલીક બાંધી મુદતની થાપણોની રશીદો કાઢી તેની રકમનો દાવો કરે છે.

વાત જાણે એમ હતી કે બાજુના ગામના એક વયોવૃદ્ધ વ્યક્તિની અમારી શાખામાં ૧૪ લાખની થાપણો હતી અને તેમનું હમણાં ત્રણ દિવસ પહેલાં જ અવસાન થયું હતું. અને, આ શ્વેતાંબર ટોળું એમના સંતાનોનું હતું. સંતાનોમાં ત્રણ પુત્રો અને બે પુત્રીઓ. તેમણે આપેલી 'ફિક્સ્ડ ડિપોઝિટ'ની રશીદોની તપાસ કરી અધિકારીએ કહ્યું :

''તમારા પિતાજીએ આ થાપણો માટે કોઈ વારસદારની નિમણૂક કરેલ નથી એટલે આ નાણાં લેવા માટે તમારે કેટલીક કાર્યવાહી કરવી પડશે.''

''કેવી કાર્યવાહી, સાહેબ ?''

''સૌ પ્રથમ તો તમારે નોટરી સમક્ષ સોગંદનામું કરી વારસાઈ કરવી પડશે. તે પછી મૃતકનો મરણનો દાખલો, કાયદેસરના તમામ વારસદારોના ઓળખપત્રોની નકલ, તેમનો એક-એક ફોટોગ્રાફ, રૂ. ૩૦૦ના સ્ટેમ્પ ઉપર 'ઈન્ડૅમનિટી બૉન્ડ' ઉપર તમામની સંમતિ સાથે એક દાવેદારની નિયુક્તિ અને તેની બેંકની વિગત વિ. આપ્યા પછી તેના ખાતામાં દાવાની રકમ આવશે.''

આટલું સાંભળતા તો તે પાંચેયના ચહેરા વધારે શોકાતુર બન્યા. કારણકે તેમને તો આજે જ કામ પતાવી દેવાની ઉતાવળ હતી. સમજો ને કે આ નાણાંમાંથી જ પિતાનો ક્રિયા-કર્મ કરવાનું આયોજન હતું. ફરજ પરના અધિકારી સાથે થોડીક રકઝક પછી તે ટોળું મારી 'કૅબિન'માં આવે છે. તે પૈકીના સૌથી સક્રિય હતા તે ભાઈએ રજૂઆતનો દોર શરૂ કર્યો...

'સાહેબ, પેલા અધિકારી કહે છે તે સાચી વાત છે ?

તપાસના અંતે મેં અધૂરી વાત પૂરી કરી :

''હા...અને વધુમાં દાવાની રકમ મોટી હોવાથી અમારા શાખાના અધિકાર ક્ષેત્રમાં આવતી નથી માટે તે મંજૂરી અર્થે ક્ષેત્રીય કાર્યાલયમાં જશે. એટલે એકાદ અઠવાડિયું એમાં પણ થશે.''

પરિસ્થિતિ અપેક્ષિત ન સર્જાતા અકળાયેલા એ મહાશયે પોતાના સહોદરોને સંબોધીને કહ્યું : ''આ બાપા પણ છે ને...! 'સાવ ડોબા જેવા' હતા. એમણે જો આ થાપણોમાં વારસદારની નિમણૂક કરી હોત તો આજે આપણને આટલી તકલીફ ના પડી હોત...!''

બાકીના બે ભાઈઓએ આ વાતમાં પોતાનો સૂર પુરાવ્યો. બે બહેનોનું મૌન પણ સંમતિ સૂચક જ હતું. એટલે, હવે મારી અંદરનો માણસ ઉશ્કેરાયો.

હાથનો ઈશારો કરી મેં તેમને વધારે નજીક બોલાવી કહ્યું : 'તમે એ વિચાર કર્યો કે જે રકમની રોકડી કરતાં તમને આટલી તકલીફ પડે છે, એ રકમને એકઠી કરતાં એ 'સાવ ડોબા જેવા' માણસને જિંદગીમાં કેટલી તકલીફો પડી હશે..?!''

અને, આટલું સાંભળતા જ સાડી ઓઢેલા અને મૂંડન કરેલા માથાં શરમથી ઝૂકી ગયા.

❖❖❖



# સુહાસિની

**આશા વીરેન્દ્ર**

નંદિતાને હવે બાંસઠ-ત્રેસઠ તો થયાં હશે, પણ સદા પ્રફુલ્લિત ચહેરો, એકવડો બાંધો, ચીવટપૂર્વક સુઘડ રીતે પહેરાયેલી સાડી - આ બધાને લીધે એના સંપર્કમાં આવનાર સૌ કોઈને એ પ્રિય થઈ પડતી. આ જુઓને, બે દિવસ સવારે એ લાફિંગ ક્લબમાં ન જઈ શકી ત્યાં તો આજે સવારે રેણુ, રંજના, મુકેશ સૌ ફરિયાદ કરવા લાગ્યાં, 'કેમ નહોતાં આવતાં ? તમે આમ ગાપચી મારો એ ન ચાલે હં ! તમારા વિના સૂનું સૂનું લાગે છે.'

'સાચ્ચે જ, આન્ટી, તમારા હસવાનો રણકાર એટલો મીઠો છે કે, એ સાંભળીને દિવસ સુધરી જાય.' રેણુએ વહાલથી કહ્યું.

'મારો દીકરો ને વહુ એના નાનકાને લઈને ફરવા ગયાં છે એટલે ઘરમાંથી નીકળી નહોતી શકી. આજે રાત સુધીમાં તો એ લોકો આવી જશે એટલે કાલથી પાછી હું નિયમિતપણે આવીશ, બસ ?'

નંદિતા ઘર તરફ જતાં વિચારી રહી, એ હતા ત્યારે એ પણ રેણુની જેમ જ કહેતાને ! 'તું હસે ત્યારે એવું લાગે છે કે, મંદિરમાં એકસાથે ઘંટડીઓ રણકી ઊઠી. તારા હાસ્યને કદી વિલાવા ન દઈશ. બધા માટે ભલે તું નંદિતા હોય, મારે માટે તું સુહાસિની. દિલ ખુશ કરી દે એવું સુંદર હસનારી મારી સુહાસિની.'

ઘરે જઈને પહેલું કામ એણે મોબાઈલમાં મિસ્ડ કૉલ જોવાનું કર્યું. એક્કે ફોન નહોતો. એનું મન ઉદાસ થઈ ગયું. એણે નક્કી કર્યું કે, જો ગૌરવનો ફોન નહીં આવે તો પોતે પણ સામેથી ફોન નહીં કરે. કોણ જાણે કેમ પણ રહી રહીને લાગતું હતું કે, એ હવે પહેલાંનો ગૌરવ નથી રહ્યો. એ ચાર-પાંચ દિવસ પહેલાંની વાત યાદ કરી રહી. સવારે નાસ્તો કરતાં ગૌરવે કહ્યું હતું, 'મમ્મી, મારે એ તરફ એક ઑફિસિયલ વિઝિટ પણ છે તો વિચારું છું કે આલોકા અને બિટ્ટુને બે-ત્રણ દિવસ મહાબળેશ્વર ફેરવી આવું.

'હા હા, ચોક્કસ. આનંદથી ફરી આવો બેટા, ને મારી ફિકર જરાય ન કરશો.' નંદિતાએ ખુશીથી કહ્યું તો હતું પણ મનમાં જરાક ખટકો તો રહ્યો જ કે, 'ઑફિસિયલ વિઝિટ' શબ્દ વાપરવાને બદલે ગૌરવ સીધે સીધું ન કહી શકત કે મારો જન્મદિવસ ઊજવવા જવું છે ? એ શું એમ માનતો હશે કે, ૨૦મી ઑગસ્ટને રવિવારે એનો જન્મદિવસ આવે છે એ એની જન્મદાત્રી મા ભૂલી ગઈ હશે ?

એને યાદ આવ્યું કે, ગયે વર્ષે એના જન્મદિવસે ગૌરવ અને આલોકા નવું ટીવી લઈ આવેલાં. સરસ મજાનું રૂપકડું ટીવી જોઈને બિટ્ટુ ખુશ થઈ ગયેલો. તાળીઓ પાડતો જાય અને બોલતો જાય, 'દાદીનું નવું ટીવી., દાદીનું નવું ટીવી...'

'દાદીનું ટીવી ? મારે માટે જુદું ટીવી લેવાની શી જરૂર હતી ? ઘરમાં એક ટીવી તો છે. આપણે બધા સાથે બેસીને જોઈએ જ છીએ ને ?'

ગૌરવ અને આલોકાની નજર એકમેક સાથે ટકરાઈ એ નંદિતાના ધ્યાન બહાર ન રહ્યું. આલોકાએ જરા થોથવાતાં કહ્યું, 'એ ટીવી તો છે જ, પણ આ તો તમારી બર્થ-ડે ગિફ્ટ.'

'ને મમ્મી, તું રૂમમાં બેસીને તને ગમતા પ્રોગ્રામ જોયા કરે તો બીજી કોઈ માથાકૂટ નહીં ને અમને પણ જરા પ્રાઈવસી...' આલોકાએ ઈશારો કરીને એને બોલતો અટકાવી દીધેલો.

બધી અણગમતી વાતોને ખંખેરી નાખવી હોય એમ એણે માથું ઝાટકી નાખ્યું. પોતાની પર્સમાંથી ૫૦૦, ૫૦૦ની બે નોટ કાઢીને એણે બૂમ પાડી, 'સવિતા. ઓ સવિતા, આ યાદીમાં લખેલી બધી વસ્તુ લઈ આવ. બે લિટર દૂધ, નાની નાની બટેટી એક કિલો, લીલીછમ જોઈને કોથમીરનો એક ઝૂડો લેજે ને...' સવિતા તો જોતી જ રહી.

'બા, આજે કેમ આટલાં બધાં ખુશ છો ? આટલા બધા ખુશ તો મેં તમને કોઈ દિ' નથી જોયાં !'

'ખુશ તો હોઉં જ ને ! આજે તારા નાના શેઠનો જન્મદિવસ છે. આજે બધી એને ભાવતી વાનગીઓ બનાવવી છે. ખીર, પૂરી, બટેટાનું ભરેલું શાક, ખાંડવી...' 'બા આટલું બધું તમે બનાવશો ?'

'અરે, તને ખબર નથી ચાલીસ-પચાસ માણસની રસોઈ તો હું હાલતાં-ચાલતાં બનાવી કાઢતી. હવે એવું છે કે, આલોકા રસોડાના કોઈ કામને હાથ લગાડવા નથી દેતી એટલે ટેવ છૂટી ગઈ છે ને થાકી પણ જવાય છે.'

તો યે નંદિતાએ પાંચ વાગ્યા સુધીમાં બધી તૈયારી કરી લીધી. નવી ક્રોકરી, નવા ટેબલ મેટસ, નવા નેપકીન અને ટેબલની

વચ્ચોવચ મોટી, કલાત્મક મીણબત્તીય ખરી, એને થયું, ગૌરવ વિચારતો જ હશે કે, ત્રણ દિવસથી મમ્મી એકલી છે તો રાત્રે આઠેક વાગ્યા સુધીમાં પહોંચી જઈએ. ઘડિયાળમાં સાતના ટકોરા થયા એટલે એ નાહી-ધોઈ, નવી સાડી પહેરીને તૈયાર થઈ. બસ, હવે થોડી વારમાં એ લોકો આવવા જ જોઈએ. આ સરપ્રાઈઝ જોઈને ગૌરવ આશ્ચર્યથી ઊછળી પડશે અને કહેશે, 'મૉમ, યુ આર ગ્રેટ મને ભાવતી રસોઈ બનાવવા તેં કેટલી મહેનત કરી ?'

નવ, દસ અને અગિયાર થયા ત્યારે નંદિતાને ઝોકાં આવવા લાગ્યાં. લેચ-કીથી દરવાજો ખોલી ગૌરવ ઊંઘતા બિટ્ટુને તેડીને અંદર આવ્યો. 'આ શું મા ? તને કોણે કહ્યું' તું આ બધું બનાવવાનું ? બહાર નીકળ્યા હોઈએ તો જમીને જ આવીએ ને ?'

'બેટા, તને ભાવતી ખીર...' 'જે હોય એ બધું ફ્રીજમાં મૂકી દે મમ્મી. બહુ થાકી ગયો છું. કાલે મૂડ હશે તો ખાઈશ.' બેમાંથી કોઈને નંદિતાને પૂછવાનું ન સૂઝયું કે એ જમી છે કે નહીં ? દીકરો પગે લાગશે એમ કરીને નંદિતાએ ગૌરવને આપવા કવર તૈયાર રાખ્યું હતું એ એણે ટેબલ ક્લોથ નીચે દબાવી દીધું. આલોકા નાઈટી પહેરીને ધમધમ કરતી આવીને ટેબલ પરથી બધું ઉપાડતાં બબડતી હતી, 'નકામી આટલી મહેનત કરીને ! ને બગાડ પણ કેટલો ?'

નંદિતાની આંખો ભરાઈ આવી પણ તરત જ એની નજર દીવાલ પર લટકતા ફોટા તરફ ગઈ. એને યાદ આવ્યું - એણે રડવાનું નથી, હસવાનું છે. એણે આલોકાને કહ્યું, 'આલોકા ચિંતા ન કરીશ. સવિતાને બધું લાવવા મેં જ પૈસા આપ્યા હતા ને આમાંથી કશું બગડશે નહીં. કાલે અનાથાશ્રમમાં બાળકોને ખવડાવી આવીશ.' રૂમમાં આવી ને આંખો લૂંછતા એ લાફિંગ ક્લબમાં હસતી એમ જોરજોરથી હસવા લાગી, હા... હા... હા.

---

## એક સાદી કસોટી

તમને હું થોડાક સવાલો પૂછવા માગું છું. તરત જ જવાબ આપવાની કોશિશ કરજો.

૧. ૧૯૮૪ની સાલના દુનિયાના ૩ સૌથી ધનવાન માણસોનાં નામ આપો.

૨. ૧૯૭૭નું નૉબેલ પ્રાઈઝ મળ્યું હોય તેવી ૩ વ્યક્તિઓનાં નામ આપો.

૩. ૧૯૮૦ની ઑલિમ્પિક રમતોમાં સુવર્ણચંદ્રક જીતનાર ત્રણ એથ્લીટ્સનાં નામ આપો.

૪. હિમાલયન કાર રૅલીના ૩ વિજેતાઓનાં નામ આપો.

૫. ગુજરાતી સાહિત્ય પરિષદનું પ્રથમ પારિતોષિક મેળવનાર પાંચ જણનાં નામ આપો.

કાં ! કેમ લાગ્યું ?

જુઓ, આ બધા કોઈ સામાન્ય માણસો નથી જ ! પોતપોતાના ક્ષેત્રમાં માહેર અને પ્રથમ ક્રમની વ્યક્તિઓ છે આ બધી. સર્વશ્રેષ્ઠ તેમ જ ઉત્તમ ! છતાં આપણને એ લોકો આટલાં થોડાં વર્ષો બાદ યાદ પણ નથી રહેતા. તાળીઓના ગડગડાટ તો શમી જ જતા હોય છે. ઈનામો, એવૉર્ડ્સ કે પ્રમાણપત્રો પણ એમના મેળવનારની સાથે જ ક્યારે આપણી સ્મૃતિમાંથી અતીતમાં સરી જાય છે તેનો ખ્યાલ પણ નથી આવતો.

હવે આ કસોટીનો બીજો ભાગ જોઈએ. નીચેના પ્રશ્નો ઉકેલવાનો પ્રયત્ન કરીએ.

૧. એવા ૩ શિક્ષકોનાં નામ આપો જેણે તમને નિશાળ કે કૉલેજકાળ દરમિયાન ખૂબ જ હૂંફ આપી હોય કે આગળ વધવાની પ્રેરણા આપી હોય.

૨. એવા ૩ મિત્રોનાં નામ આપો જેમણે કપરા સંજોગોમાં તમને સાથ, સહારો તેમ જ હૈયાધારણ આપી હોય.

૩. તમારા સાચા રાહબર બન્યા હોય તેવા ૩ વડીલોનાં નામ આપો.

૪. પ્રશંસા કે કદરના શબ્દોથી તમારું દિલ જીતી લીધું હોય તેવી ૩ વ્યક્તિઓનાં નામ આપો.

૫. જેમની સાથે સમય પસાર કરવાનું તમે પસંદ કરતા હો તેવી ૩ વ્યક્તિઓનાં નામ આપો !

કાં ?! હવે કેવું લાગ્યું ? અત્યંત સહેલુંને ?

કહેવાનું તાત્પર્ય એ જ કે આપણા જીવનમાં જેમની કાળજીથી, હૂંફથી નિખાર આવ્યો હોય તેમને આપણે અજાણપણે જ આપણા હૃદયમાં કાયમી સ્થાન આપી દીધું હોય છે. આપણા દિલ માટે તો સાચા એવૉર્ડ વિનર્સ એ લોકો જ હોય છે. દુનિયા એમને જાણતી હોય કે નહીં, પરંતુ આપણું હૃદય તો જીવનપર્યંત એમને યાદ રાખે છે !

---

**મહત્ત્વની સૂચના**

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને સેનેટોરિયમ બુકિંગ-ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

# કેસર કેરીના કલમી આંબા

**એમ. ડી. સોલંકી**



**શ**નિવારે નિશાળમાંથી ઘેર આવ્યા પછી જમી-પરવારીને સોફા પર બેસતાં દિનકરભાઈએ ટેબલ પર પડેલું પરબીડિયું જોયું. પરબીડિયું હાથમાં લેતાં જ એના સરનામા પરના પરિચિત અક્ષરો જોઈને દિનકરભાઈ મનોમન સમજી ગયા કે આ ટપાલ નખત્રાણાથી દેવસીભાઈએ લખેલ છે.

પત્રમાં એમણે શું લખ્યું હશે એવી ઉત્કંઠાથી એમણે ઝટપટ પરબીડિયું ખોલીને પત્ર વાંચવા માંડ્યો. જેમ જેમ પત્ર વંચાતો ગયો તેમ-તેમ દિનકરભાઈના ચહેરાના હાવભાવ બદલાતા રહ્યા. ધડકતે દિલે એમણે આખોય પત્ર વાંચી નાખ્યો અને પછી તો એ સાવ શૂન્યમનસ્ક બનીને છત સામે તાકી રહ્યા. થોડી વાર પછી તો દિનકરભાઈની આંખો સમક્ષ બે દાયકાનો અતીત આળસ મરડીને સજીવન થઈ ગયો!

વરસો પહેલાં પી.ટી.સી. થયા પછી કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના ખાનકુવા ગામની એક શિક્ષકવાળી પેટાશાળામાં દિનકરભાઈની પ્રાથમિક શિક્ષક તરીકે નિમણૂક થયેલી. એમની પે સેન્ટર શાળા, અમરાપુરમાં એમની સાથે જ નખત્રાણાના વતની દેવસીભાઈ પણ શિક્ષક તરીકે નિમાયેલા. શાળાકીય કામગીરી અંગે પે સેન્ટર શાળામાં અવારનવાર મળવાનું થતાં દેવસીભાઈ અને દિનકરભાઈના અંતરમાં લાગણીના છોડનું બીજ રોપાઈ ગયેલું.

દેવસીભાઈનું વતન નખત્રાણા હતું. એમની અમરાપુર શાળા દસ કિલોમીટરના અંતરે હતી. દેવસીભાઈ અને એમના મોટા ભાઈનાં પાકાં મકાન નખત્રાણા ગામથી થોડે દૂર રમણીય એવા વાડી વિસ્તારમાં હતાં. ઘરની આગળ મોટું આંગણું અને પછી સપ્રમાણ કમ્પાઉન્ડ વૉલ ચણેલી હતી. દેવસીભાઈ મોટેભાગે રજાના દિવસે દિનકરભાઈને એમના ઘેર જ બોલાવી લેતા. એમનાં બા-બાપુ, મોટા ભાઈ-ભાભી વગેરે ખૂબ જ મળતાવડાં સ્વભાવનાં હતાં. એક જ આંગણે અલગ અલગ રહેતા બંને ભાઈઓના પરિવારમાં મનમેળ ખૂબ જ સારો હતો.

ખાનકુવાની શાળામાં છએક મહિનાની નોકરી પછી દિનકરભાઈને એમના વતનના જિલ્લામાં જ પ્રાથમિક શિક્ષક તરીકેની નોકરી મળી જતાં એ ખાનકુવાની પ્રાથમિક શાળામાંથી રાજીનામું આપીને વતનમાં આવી ગયેલા.

છેલ્લા દિવસે દેવસીભાઈએ દિનકરભાઈને પોતાના ઘેર નખત્રાણા બોલાવીને પ્રેમપૂર્વક જમાડેલા અને પછી બંને ભાઈઓના મકાનના આંગણામાં સહિયારી જમીનમાં એમણે દિનકરભાઈના હાથે કેસર કેરીની કલમનો આંબો રોપાવતાં કહેલું - 'આ આંબાની રોપેલી કલમ અમને હંમેશાં તમારી યાદ આપશે. અમે ખાતર-પાણીથી એની માવજત કરીશું. એને જ્યારે પ્રથમ વખત કેરીઓ આવશે ત્યારે તમે સૌ સપરિવાર અહીં આવજો. આપણે સૌ સાથે મળીને કેરીઓ ખાઈશું.'

નખત્રાણાથી દેવસીભાઈના પરિવારની વિદાય લઈને આવ્યા પછી દિનકરભાઈ એમની નોકરીમાં ગોઠવાઈ ગયા. બે મિત્રો વચ્ચે હવે સેંકડો કિલોમીટરનું અંતર થઈ ગયું હતું. બંને અલગ અલગ જિલ્લામાં ફરજ બજાવતા હોવાથી રૂબરૂ મળવાનું સાવ ઓછું થઈ ગયું હતું. આ સમયે મોબાઈલનું બિલકુલ ચલણ નહોતું એટલે બંને મિત્રો પત્રવ્યવહાર દ્વારા એકબીજાના ખબર-અંતર પૂછી લેતા હતા. આ સમય દરમિયાન બેએક વખત દેવસીભાઈ મહેમાન બનીને દિનકરભાઈના ઘેર આવી ગયેલા. એકાદ વખત દિનકરભાઈ પણ સમય કાઢીને નખત્રાણા જઈ દેવસીભાઈના પરિવારને મળી આવેલા અને પોતે રોપેલા કલમી આંબાને જોઈ આવેલા.

એકાદ વર્ષ પછી એપ્રિલ મહિનાની શરૂઆતમાં જ દેવસીભાઈનો પત્ર આવ્યો હતો– 'દિનકરભાઈ, મે મહિનાની પંદર તારીખે તમારે સપરિવાર અમારે ત્યાં મહેમાન બનીને આવવાનું છે. ભૂલતા નહીં.'

દેવસીભાઈએ આપેલા ભાવભર્યા આમંત્રણનો સ્વીકાર કરી સરિતાબહેન અને બંને બાળકો સાથએ દિનકરભાઈ નખત્રાણા પહોંચ્યા. બંને પરિવારોએ એમને અંતરના ઉમળકાથી આવકાર્યા. એમના હાથે રોપાયેલ આંબો નાનકડું વૃક્ષ બની ગયો હતો. એની ડાળીએ ડાળીએ કેસર કેરીનાં ઝૂમખાં લટકતાં હતાં.

રાતના વાળુમાં દેવસીભાઈના સંયુક્ત પરિવાર સાથે સૌએ આનંદભેર રસપૂરીનું જમણ લીધું. સૌનાં હૈયાં હરખથી હરખાઈ ગયાં. બે દિવસના રોકાણ પછી ભારે હૈયે એકબીજાથી વિદાય લીધી.

સમયનું ચક્ર એની નિરંતર ગતિથી ફરતું હતું. બંને વચ્ચે નિયમિત પત્રવ્યવહાર ચાલતો હતો. આમ ને આમ પાંચેક દિવાળીના દીવા ટમટમી ગયા. આજે સવારે આવેલ દેવસીભાઈનો પત્ર વાંચીને દિનકરભાઈ સાવ ગમગીન બની ગયા. કોઈએ ક્યારેય સ્વપ્નમાંય વિચાર્યું ન હોય એવી ઘટના બની ગઈ હતી, જેણે નખત્રાણામાં દેવસીભાઈ અને અહીં દિનકરભાઈના હૈયાને હલબાવી મૂક્યાં હતાં. પત્રમાં દેવસીભાઈએ લખ્યું હતું,

'દિનકરભાઈ,

સપરિવાર કુશળ હશો.

આ પત્ર ખૂબ જ દુ:ખી હૃદયે લખી રહ્યો છું. ૧૪મી જાન્યુઆરીના દિવસે ઉત્તરાયણના પર્વનો આનંદ અમારા પરિવારમાં સૌને હૈયે હતો. સવારથી જ બંને પરિવારનાં બાળકો જાત જાતની પતંગો - ફીરકીઓ અને નાસ્તાના ડબ્બાઓ લઈને ધાબે ચઢી ગયાં હતાં. ત્યાં અચાનક પતંગ અને ફીરકી જેવી બાબતે અમારા પરિવારનાં બાળકો સામસામે ઝઘડી પડ્યાં.' સંજોગવસાત્ હું તથા મોટા ભાઈ હાજર નહોતા. નાનાં બાળકોએ એકબીજા સાથે મારામારી કરી અને પછી તો જાણે દેરાણી-જેઠાણી મેદાનમાં આવી ગયાં. નાનાં બાળકોના ઝઘડામાં એ બંને વિવેકભાન ગુમાવીને બાખડી પડ્યાં! ગુસ્સામાં એકબીજાના મોંએથી બોલાયેલા શબ્દો જાણે કે એની મર્યાદા ચૂકી ગયાં. વાતમાંથી વતેસર થઈ ગયું! બા-બાપુએ ઝઘડો શાંત કરવા ઘણા પ્રયત્નો કર્યા પણ એમની વાત કોઈએ સાંભળી જ નહીં. સાંજે મોટા ભાઈ ઘેર આવ્યા ત્યારે ભાભીએ મીઠું-મરચું ઉમેરીને એમની કાનભંભેરણી કરી. ભાભીની કહેલી વાતને સાવ સાચી માની લઈને મોટા ભાઈએ અમારી સાથે ફરી ઝઘડો કર્યો. બા-બાપુ અને બાળકો સાથે અમે પતિ-પત્ની ઘરમાં જ પુરાઈ રહ્યાં. અમારા સૌનાં મન ક્ષુબ્ધ બની ગયાં.'

'સવારે મોટા ભાઈ જાતે જ કુહાડી લઈને કેસર કેરીના આંબા પાસે આવીને ઊભા. અમે બધાંયે હાથ જોડીને એમને વિનવણી કરી. 'મોટા ભાઈ, આ આંબાને કાપશો નહીં. પ...ણ... જીદે ચડેલા મોટા ભાઈએ અમારી આજીજીને અવગણી! નિર્દય બનીને કુહાડી વડે એમણે કેસર કેરીના લીલાછમ આંબાને થડમાંથી જ કાપી નાખ્યો! અમારાં સૌનાં કાળજે ચિરાડો પડી ગયો. એટલું જ નહીં, બે દિવસ પછી ચણતર કામના મજૂરો લાવીને અમારા આંગણાની સહિયારી જમીન પર ઊંચી દીવાલ ચણાવી દીધી. દિનકરભાઈ, અમારા બંને ભાઈઓના આંગણાની મધ્યમાં દીવાલ ચણીને મોટા ભાઈએ જાણે કે અમારા પરિવારની શાંતિમાં પલિતો ચાંપી દીધો! એ દિવસે અમે કોઈએ મોંમાં અનાજનો દાણોય ના મૂક્યો. અમારા ઘરમાં રાંધ્યાં ધાન રઝળી પડ્યાં!'

'મર્યાદાનો ભંગ થાય એવા વાણીવિલાસનો કાળોતરો એરુ અમને સૌને આભડી ગયો. એકબીજાના સુખેસુખી અને દુ:ખ કે માંદગીમાં અમારા બંને પરિવારો એકબીજાની ઢાલ બનીને ઊભા રહેતા હતા એ બધુંય બંધ થઈ ગયું. સમયાંતરે મોટા ભાઈને પણ હવે એમનાથી ગુસ્સાના આવેગમાં જે કંઈ થઈ ગયું તેનું ભારે મનદુ:ખ છે પણ ભાભી મોટા ભાઈના અહમ્‌ને સતત સળગતો જ રાખે છે. શું કરીએ તો પરિવારમાં શાંતિ થાય એની કોઈ ગતાગમ અમને પડતી જ નથી. હવે તો કુદરત કરે એ ખરું!'

દેવસીભાઈનો લખેલ પત્ર વાંચ્યા પછી દિનકરભાઈનું મન બેચેન બની ગયું.

હવે સમય બદલાઈ ગયો હતો. મોબાઈલયુગ શરૂ થઈ ગયો હતો એટલે મનમાં આવે ત્યારે બંને મિત્રો એકબીજાને ફોન કરીને ખબર-અંતર પૂછી લેતા હતા.

એક વખત દિનકરભાઈનાં બંને બાળકોએ 'રણમહોત્સવ' જોવા જવાની ઇચ્છા વ્યક્ત કરી. સરિતાબહેને પણ બાળકોની વાતમાં સૂર પુરાવ્યો. બે દિવસ પછી દિનકરભાઈએ નખત્રાણામાં દેવસીભાઈ સાથે ફોન પર 'રણમહોત્સવ' જોવા આવવાની વાત કરી. સામેથી જવાબ મળ્યો, 'તમે તારીખ નક્કી કરીને અમદાવાદથી ભુજ આવી જશો. ભુજ એસ.ટી.ના બસ સ્ટેશન પાસે જ ગાડી તૈયાર હશે. જે તમને 'રણમહોત્સવ' જોવા લઈ જશે. પણ હા દિનકરભાઈ, 'રણમહોત્સવ' જોયા પછી તમારે સૌએ અમારા મહેમાન બનીને અમારે ઘેર નખત્રાણામાં બે દિવસ રોકાવું પડશે.'

નક્કી કરેલ તારીખે દિનકરભાઈ પરિવાર સાથે સવારે સાત વાગ્યે ભુજ પહોંચ્યા. ત્યાંથી એ બધાં 'રણમહોત્સવ' જોવા ગયાં. રાતનું ભોજન ત્યાં જ પૂરું કરીને સૌ નખત્રાણા પહોંચ્યા ત્યારે રાત્રિના બાર વાગી ગયા હતા. આખા દિવસના થાકેલા સૌ ઘસઘસાટ ઊંઘી ગયા.

સવારે આઠ વાગ્યે ચા-નાસ્તાથી પરવારીને દિનકરભાઈ આંગણામાં આવ્યા ત્યારે એમની નવાઈનો પાર ના રહ્યો. દેવસીભાઈએ એમના પત્રમાં લખ્યા મુજબની બંને ભાઈઓના સહિયારા આંગણામાં ઊંચી ચણેલ દીવાલ એમને

જોવા જ ના મળી! એટલું જ નહીં એ આંગણીની મધ્યમાં રોપેલી કેસર કેરીના બે કલમી આંબાની લીલીછમ ડાળીઓ પવનની લહેરમાં આમતેમ ડોલી રહી હતી. દિનકરભાઈની આંખો આશ્ચર્યથી પહોળી થઈ ગઈ. એમણે બાજુમાં ઊભેલા દેવસીભાઈ સામે જોઈને પૂછ્યું, 'આ બધું કેવી રીતે બની ગયું?'

'એ બધી વાત હું તમને શાંતિથી કહીશ. એ પહેલાં મોટા ભાઈ તમને સૌને ચા-નાસ્તા માટે બોલાવે છે ત્યાં જઈ આવો, અને હા, બપોરનું ભોજન તમારે મોટા ભાઈના ઘેર લેવાનું છે.'

મોટા ભાઈના ઘેર જમ્યા પછી દસેક મિનિટમાં બંને મિત્રો બાઈક ઉપર વાડીએ પહોંચ્યા. લીલાંછમ વૃક્ષોની હારમાળાઓ વચ્ચે ઢાળેલા ખાટલા પર બેઠા પછી દેવસીભાઈએ કહ્યું,

'દિનકરભાઈ, તે દિવસે મોટા ભાઈ અને ભાભી એમના કોઈ સગાની ખબર જોવા બહારગામ ગયાં હતાં. મારે નખત્રાણામાં મિટિંગ હોવાથી હું શાળામાં ગયો નહોતો, ઘેર જ હતો. મિટિંગનો સમય થતા હું બાઈક લઈને રોડ પર આવ્યો. મોટા ભાઈનાં બંને બાળકો સ્કૂલમાંથી છૂટીને ઘર તરફ આવતાં હતાં ત્યાં જ કોઈ ડમ્પરવાળાએ નાના અમિતને ટક્કર મારીને પાડી દીધો. મેં આ ઘટના નજરોનજર જોઈ. બાઈકને ત્યાં જ રહેવા દઈ રિક્ષામાં હું અમિતને હૉસ્પિટલ લઈ ગયો. માથામાં વાગવાથી ઘણું લોહી વહી ગયું હતું. ઈમરજન્સી વૉર્ડમાં ડૉક્ટરો ભેગા થઈ ગયા. એમના અભિપ્રાય પ્રમાણે અમિતનું તાત્કાલિક ઑપરેશન કરવું ખૂબ જરૂરી હતું. અમિતને લોહી ચઢાવવું પડે તેમ હતું. તેના '૦' નૅગેટિવ ગ્રુપનું લોહી મેળવવાની કાર્યવાહી થઈ, પરતું આ ગ્રુપનું લોહી હૉસ્પિટલ કે અન્ય સ્થળેથી ઉપલબ્ધ થઈ શક્યું નહીં. આવી કટોકટીને સમયે મેં મારું લોહી આપવાની વાત કરી. મારું લોહી પણ '૦' નૅગેટિવ ગ્રુપનું હતું. અમિતનું ઑપરેશન સફળ થયું. મેં મોટા ભાઈ અને ભાભીને ફોન કરતાં એ હાંફળાં-ફાંફળાં થઈને હૉસ્પિટલ દોડી આવ્યાં. અમિત ભાનમાં આવી ગયો હતો. એટલે એમના જીવમાં જીવ આવ્યો. મારા ખભા પર હાથ મૂકીને આંખમાં ઝળઝળિયાં સાથે મને કહ્યું, 'નાનકા, આજે તેં જ અમિતને જીવતદાન આપ્યું છે. તારો કેટલો અને કેવો આભાર માનું એ જ મને સમજાતું નથી. ભાભીની આંખની પાંપણો પણ ભીની થઈ ગઈ.'

મેં કહ્યું, 'મોટા ભાઈ, હું તો તમારો નાનો ભાઈ છું. તમારે મારો આભાર માનવાનો હોય નહીં. હું ખુશનસીબ છું કે મારું લોહી નાના અમિત માટે ઉપયોગી બન્યું. આખરે અમિત પણ આપણો જ દીકરો છે ને? એમ કાંઈ ડાંગે માર્યાં પાણી...'


અને પછી તો ત્રીજા જ દિવસે મોટા ભાઈએ મજૂરોને બોલાવીને અમારા સહિયારા આંગણા વચ્ચે એમણે ચણાવેલી દીવાલને તોડી નર્સરીમાં ગયા અને કેસર કેરીના કલમી આંબાના બે તંદુરસ્ત રોપ રિક્ષામાં લઈ આવ્યા. બા-બાપુજી સાથે અમારા આખાય પરિવારની હાજરીમાં આંબાની બે કલમો રોપી. દેરાણી-જેઠાણીએ સાથે મળીને આનંદભેર રોપેલી કલમોને પાણી પીવરાવ્યું. ગોળ-ધાણા વહેંચાયા અને અમારા આખાય પરિવારમાં આનંદ છવાઈ ગયો.

હીંચકા પર બેઠેલા બા-બાપુજી પાસે જઈને મોટા ભાઈએ ગળગળા થઈને કહ્યું, 'બા-બાપુજી. આમ જુઓ તો આપણા પરિવારમાં જે કંઈ બન્યું એમાં ભૂલ તો મારી જ હતી. મેં જ રજમાંથી ગજ કર્યું! મમતે ચઢીને મેં કેસર કેરીના કલમી આંબાને આંબાને કાપી નાખવાની અને સહિયારા આંગણામાં દીવાલ ચણવાની ભૂલ કરીને તમારા સૌનાં દિલ દુભાવ્યાં હતાં. બાકી નાનકાની તો જરાય ભૂલ જ નથી. તમે સૌ મને માફ કરજો. બસ, હવે સૌ ગઈ ગુજરીને ભૂલી જઈને નવેસરથી જિંદગી જીવીશું.'

'મોટા, જીવનમાં ભૂલ થઈ જવી એ સ્વાભાવિક છે, પણ સમય આવતાં થયેલી ભૂલને સુધારી લેવી એ અગત્યની વાત છે. હવે સૌ સંપથી રહેજો અને કેસર કેરીના કલમી આંબાનું જતન કરી એને ઉછેરજો' મોટા ભાઈના ખભે હાથ મૂકીને બાપુજીએ કહ્યું.

દેવસીભાઈની વાત સાંભળ્યા પછી દિનકરભાઈ ખૂબ રાજી થઈ ગયા. એ બોલ્યા, 'જેનો અંત સારો એનું બધું જ સારું!'

❖❖❖



દુ:ખ જ્યારે મર્મની અંદર પ્રવેશે ત્યારે તારા હસ્તાક્ષર લઈને આવો, કઠોર વચન ગમે તેટલા આઘાત કરે, સર્વ આઘાતોમાં તારો સ્વર જાગી ઊઠો. પ્રાણના સેંકડો વિશ્વાસ જ્યારે તૂટી જાય ત્યારે એક વિશ્વાસમાં મન વળગેલું રહો.

- રવીન્દ્રનાથ ટાગોર

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા –મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે. **સેનિટોરિયમનું ઓનલાઈન બુકિંગ ચાલુ છે. પત્રિકામાં છપાતી જાહેર ખબરની રકમ તથા સંસ્થાને મળતું ડોનેશન હાલમાં online સ્વીકારવામાં આવે છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt પ્રદીપભાઈને મોકલવા વિનંતી.**

લોનાવલા : મિલનભાઈ
**9860125136**
પંચગીની : નિરવભાઈ
**9819012468**

માથેરાન તથા સંસ્થાના અન્ય કામ માટે સભાના મેનેજર શ્રી પ્રદીપભાઈ તુરખિયાનો સંપર્ક કરવો. **9867748120**

પત્રિકા જાહેરખબર
દેવલાલી : આશાબેન
**9819956529**

સુરેન્દ્રનગર અતિથિ ભવન
સુરેન્દ્રનગર – કેતનભાઈ શાહ
**9099350644 / 9426756100**
મુંબઈ – મિલનભાઈ તુરખિયા
**9860125136 / 7208472884**

**તા. ૪-૧-૨૦૨૧થી સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

## Please Note Office New Mobile No.
# 7208472884 • 7208481791 • 7208472744

**ઝાલાવાડી સભાના સભ્યોને વિનંતી કે જેમના વડીલ અવસાન પામ્યા હોય તેમની માહિતી ઓફિસમાં જણાવવી. ઘરના અન્ય વ્યક્તિએ નવું સભ્યપદ લેવાનું રહેશે. આપણા સ્થાનિક પ્રતિનિધિઓ પાસે માહિતી હોય તો ઓફિસમાં જણાવી તેમના ઘરના અન્ય વ્યક્તિને નવા મેમ્બર બનવા માટે જણાવવા વિનંતી.**

**મુંબઈ ઑફિસ**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai
**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**
**Office Time : 11.00 A.M. To 7.00 PM ● Lunch Time : 1.00 To 2.00 PM**

## Please Note Office New Mobile No.
# 7208472884 • 7208481791 • 7208472744

# ગાંઠે બાંધ્યું આકાશ



વર્ષા અડાલજા

પતિ પરમેશ્વર મણિકાંત વિનયકાંત સ્વર્ગે સિધાવ્યા ત્યારે રુક્ષ્મણીબહેન મંત્રેલું પાણી છાંટ્યુ હોય એમ જડ થઈ ગયાં હતાં. મૂંગાંમંતર. આંખોમાં તગતગાટ અને હાથપગ તો લાકડું.

સૌને થયું બચાડા જીવને ઘા લાગ્યો છે. પંદર વર્ષની ઉંમરે પરણીને ઘરમાં આવ્યાં તે આજે એમને ખાસ્સાં ત્રેપન થયાં. ને પાછી બેય માણસની માયા તે કેવી ! ને બધું થઈ ગયું અચાનક ! કંઈ ખબર પડે એ પહેલાં તો ઝાડ પરથી પાક્કા ફળ પેઠે ટપ દઈને ખરી પડ્યાં.

ખાસ્સું માણસ ભેગું થયું હતું. ખડાયતા એકડા વીસા જ્ઞાતિના તમામ આગેવાનો હાજર થઈ ગયા હતા. કુળદેવીની સામૂહિક પહેડીના પણ મોટાં માથાં હાજર. ઓહોહો થઈ ગયું.

મણિકાંતની નનામી બંધાઈ. કંકુ ગુલાલ ઊડ્યાં. ઘીનો દીવો થયો. ફૂલહારના તો ઢગલા. અંતિમ દર્શનની પ્રદક્ષિણા શરૂ થઈ. રસેશ તો બાપુજીનાં ચરણસ્પર્શ કરતાં ભાંગી જ પડ્યો. ભલભલાની આંખમાં પાણી આવી ગયાં. મણિકાંત ભલો જીવ. બે પૈસા દઈ છૂટે ને શરીરેય ઘસે. અહાહા ! જ્ઞાતિના મેળાવડામાં એમની કાંઈ ખોટ પડી !

રુક્ષ્મણીબહેનને પોટલાની જેમ ઊંચકીને પતિની નનામી પાસે લાવ્યાં. હમણાં એવડાં એ ઠૂંઠવો મૂકશે એવી અપેક્ષાથી ઘણાની છાતી તો રુદન સાંભળ્યા પહેલાં જ ફફડી ઊઠી, પણ રુક્ષ્મણીબહેન તો એવાં જ. જાણે ઝાડનું ઠૂંઠું !

રસેશ આગળ થયો. નનામી ઊંચકાઈ, રસેશની વહુ દુપટ્ટો આંખે દાબતી છુટ્ટે મોંએ રડી પડી. ઘડીમાં તો ઘર ખાલી થઈ ગયું. રુક્ષ્મણીબહેનને હાથ જોડી જોડીને સ્ત્રીઓ પણ ચાલી ગઈ. થોડાં નજીકનાં સગાંવહાલાંની સ્ત્રીઓ પુરુષોનાં સ્મશાનેથી પાછા ફરવાની રાહ જોઈને બેસી રહી. રુક્ષ્મણીબહેન તો ભીંતને માથું અઢેલી જેમનાં તેમ !

ઉઠમણું-સાદડી જેવા વ્યવહારોમાં નિપુણ સ્ત્રીઓએ એ વખતે પણ રુક્ષ્મણીબહેનને રડાવવાના પ્રયત્નો કર્યા પછી માથું ધુણાવીને કહી દીધું, બાઈ તો ઘા ખાઈ ગઈ છે. છાતીમાં ડચૂરો ભરાયો છે, હળવી નહીં થાય તો કાં તો માંદી પડશે ને કાં પતિ પાછળ ઉપર. ધણીનો કાંઈ વિજોગ થ્યો છે !

દિવસો વીતવા લાગ્યા. ઘરમાં એક વ્યક્તિની ગેરહાજરી ધીમે ધીમે ભૂંસાવા લાગી. મણિકાંત વિનયકાંત શાહની છબી શ્રીનાથજીની મોટી તસવીરની બાજુમાં ટિંગાઈ ગઈ અને ઘરનો વ્યવહાર ચાલવા લાગ્યો.

એમનાં ધોતિયાં, કોટ, ચાંદીની મૂઠની લાકડી, ચાદર, બધું બ્રાહ્મણને દાનમાં આપી દીધું. જૂની વાપરેલી વસ્તુઓ ચંપલ, ચશ્માં, ખાસ ટેલિફોન નંબરની નાની ડાયરી, ને પલંગ પાસેના ટેબલ પર રહેતી કેટલીયે વસ્તુઓ ધીમે ધીમે અદશ્ય થઈ ગઈ. બપોરે રુક્ષ્મણીબહેન છાપું લઈ આડા પડે ત્યારેય છાતીમાં એક ઊંડો ધ્રાસકો રહેતો, હમણાં ઑફિસેથી પતિ આવી ચડશે, ચંપલ કાઢતાં જ બૂમ મારશે, 'થાળી પીરસો'.

પોતાને હાંફળાફાંફળા ઊઠવું પડશે. સવારે તો કહીને ગયા હતા કે હું જમવાનો નથી. એટલે આજે પોતાનું ભાવતું રીંગણાંનું શાક કર્યું છે. મર્યા. એ શાક ભાણામાં જોતાં જ ભડકશે. ભલું હશે તો થાળીનો ચોકડીમાં ઘા અને કાં એવા લાલઘૂમ ડોળા તતડાવશે કે જંતરડાની જેમ ઘૂમ ઘૂમ કરતી નજરનો ફટકો જબરજસ્ત વાગશે. આવા ઘા કોને દેખાય ?

સાંજની જ વાત લ્યો ને.

પોતે ક્યાંય ગયાં હોય તોય પાંચ સાડા પાંચે તો કરફ્યુ ઑર્ડરની જેમ ઘરમાં આવવું જ પડે. આ રાંધું કે તે રાંધુંની ગભરામણમાં રસોઈ માંડે. હાથ ફટાફટ કામ ઉકેલે. કાન બારણાંની બેલ પર અને છાતીમાં ભારભાર. આ ભાવશે ? ફરી રાંધવું પડશે ? સાથે મહેમાન લેતા આવશે ?

ત્યાં તો ઉપરાછાપરી બેલ. એમનાથી એક મિનિટેય દરવાજે ન ઊભા રહેવાય. રાહ જોવાનું કામ મારું નથી – એમ દમામદાર રીતે એ કહે. સવારે ઊઠતાંવેંત ચાનો કપ હાજર, બારણે પડેલાં છાપાં તુરત હાથમાં. નીચે પગ મૂકે ત્યાં સ્લીપર. ટૂથબ્રશ પર પેસ્ટ લગાડીને ઝગમગતા બૅઝિન પર તૈયાર, હૅન્ડલ પર કોરોકટ્ટ ધોયેલો નેપકીન, મોં ધૂએ ત્યાં એ જ વખતે ગરમ ફળફળતો નાસ્તો, છેલ્લી ચમચી

મોંમાં મૂકે ત્યાં બાથરૂમમાં ગરમ પાણી, ટુવાલ તૈયાર. નહાઈને નીકળે ત્યાં સફેદ કપડાં - ઈસ્ત્રીદાર. બાજુમાં પૉલિશવાળા બૂટ, કથ્થઈ ચપ્પલ ને કાળાં સેંડલ. લાઈનબંધ. બધું જ ફટોફટ. એક ક્ષણનોય વિલંબ ન પરવડે. સમય ગુમાવવો એમને ગમે જ નહીં ને પાલવે પણ નહીં. એમની ચોક્કસાઈ ને સમયની શિસ્તના તો દાખલા દેવાય.

છતાંય પોતે નિર્લેપભાવે સ્થિર રહીને ઘડિયાળના કાંટાની જેમ શ્વાસભેર, સતત દોડતાં હોય રુક્ષ્મણીબહેન.

પતિ હજી ઘરમાં પગ મૂકે ત્યાં ક્યાં ક્યાં જવાનું છે, શું કાર્યક્રમ છે તે બધું પુત્રને કહી દે, અને હવે રસેશની વહુ દીપાને. દીપા ફોન કરે, એપોઈન્ટમેન્ટ નક્કી કરે, ક્યાં જવાનું છે ? શેનો કાર્યક્રમ છે ? બધું નોંધી લે, સસરાને યાદ કરાવે. પતિ દીપાનો વાંસો થાબડીને કહે, તું મારી સેક્રેટરી છે. ક્યારેક તેમને મળેલાં ફૂલો ને હાર એને આપી દે. રસેશ ને દીપા માટે ડ્રેસ કે સફારી સૂટનું કપડું લાવે. પછી કહી દેશે, રુક્ષ્મણી માટે કંઈ નથી લાવ્યો. એની પસંદ શું ? આવાં દેશી ડાયલ ક્યાં મળતાં હશે એય ખબર નથી. આ લે પૈસા. દીપા તારી સાસુ માટે લઈ આવજે. બસ, તમે હવે રાજી ?

રાત્રે જમીને ટી.વી. પર ન્યૂઝ જોવાના તે નક્કી. દૂરદર્શન, બી.બી.સી. ને સી.એન.એન. એકેએક. રિમોટ કન્ટ્રોલ એમના જ હાથમાં હોય. અચાનક એમને એક દિવસ વિચાર આવ્યો. દીપા ! રસેશ ! તમારે તો ફિલ્મ અને સીરિયલ જોવી હોય. તમારો રસ એ. જાઓ, રસેશ તમારા બેડરૂમ માટે એક નાનું ટી.વી. કાલે જ લઈ આવો. આ લો ચૅક. રુક્ષ્મણીબહેન ડોળા ફાડતાં જોઈ રહ્યાં ને રસેશના બેડરૂમમાં રૂપકડું રંગીન ટી.વી. ગોઠવાઈ ગયું.

હવે રાતનું રસોડું અને સમુંનમું કરવાનુંય એમના જ ભાગે આવ્યું. દીપાને સીરિયલનો હપ્તો પડે. રસોડામાંથી પરવારીને રુક્ષ્મણીબહેન પોતાના બેડરૂમમાં જાય ત્યારે પતિ પાસે બે-ચાર ફાઈલ, પુસ્તકો, સામયિકો પડ્યાં જ હોય. કૉર્ડલેસ ફોન પર વાતો ચાલતી રહે અને રુક્ષ્મણીબહેન પલંગને બીજે છેડે ગુમસૂમ સૂતાં રહે. કશું લેતાં મૂકતાં પતિનો અછડતો સ્પર્શ થઈ જાય અને રૂંવેરૂંવું ખંજરીની જેમ રણઝણી ઊઠે.

થોડી વારમાં તો પતિ ઊઠી જાય. એ સૂતાં સૂતાં જોતાં રહે. અફલાતૂન કપડાં કબાટમાંથી નીકળે. અરીસામાં લળી લળીને જોઈને પહેરાય. પછી સુગંધથી મહેક મહેક થતાં પાછુંય જોયા વિના પતિ ચાલ્યા જાય અને પોતે તકિયો છાતી સાથે ભીંસીને અંધારામાં પડ્યાં રહે.

આમ વર્ષોનાં વર્ષો વીતી ગયાં.

અને આજે આ સૂમસામ તપતી બપોરે, રુક્ષ્મણીબહેન ફાળ ખાઈને બેઠાં થઈ જાય છે, હમણાં બૂમ પડશે... બપોરે ઘોરો છો ? ઊઠો, થાળી પીરસો... કફનીમાં ડાઘા છે ?... ચર્ર્ર્ર્... લો બે ફાડચાં... એટલુંય ઘરનું ધ્યાન રખાતું નથી ? આવો નાસ્તો ? જરા દીપા પાસેથી કંઈ શીખો... અને ફફડેલા હોઠ પરનો શબ્દ. ગમાર.

જાણે વળ દઈને કોઈએ ચોંટિયો ભર્યો હોય એમ પોતે સિસકારો બોલાવી જતાં.

''કેમ બા ? ઊંઘ નથી આવતી ?''

આછા બદામી સિલ્કનાં ડિઝાઈનર સલવાર કમીઝમાં સજ્જ દીપા બહાર આવી. બદામી ચંપલ, બદામી સિલ્કની મેચિંગ પર્સ. રુક્ષ્મણીબહેન બાઘાં બનીને જોઈ રહ્યાં. નિશ્વાસ મૂકી દીપા પાસે આવી.

''તમને થાય છે ને બા કે, બાપુજી ગયા ને હજી છ મહિના નથી થયા ને હું જો આમ તૈયાર થઈને... બટ વ્હૉટ ટુ ડુ ? મારું અને રસેશનું સર્કલ તમે જાણો છો ને ! સંબંધ જાળવ્યા વિના છૂટકો નહીં. બાપુજીની ખોટ બહુ સાલે છે ને બા ? જુઓ ને ! તમે તો સાવ કરમાઈ ગયાં છો. ઓ.કે. બા, તો હું જાઉં છું. સાંજે જૂઈ સ્કૂલેથી આવે એટલે દૂધ આપી દેજો... અને હા, જો પાછી એ નીચે ન ઊતરી જાય એનું ધ્યાન રાખજો, યુનિટ ટેસ્ટ માથા પર આવે છે... જાઉં છું...''

ત્યાં ફરી દીપા શ્વાસભેર પાછી આવી, ''હું તો ભૂલી જ ગઈ. બા પ્લીઝ કાંદા ઝીણાં સમારી રાખજો, બટેટાં બાફી રાખજો અને બજારમાંથી લીંબું મગાવવાનું ભૂલતાં નહીં... અને...''

રુક્ષ્મણીબહેન ડોકું ધુણાવતાં બેસી રહ્યાં. શાંતિ થઈ ગઈ. સૂમસામ. હમણાં કશુંક કરવું પડશે, ઊઠવું પડશે, વઢ ખાવી પડશે... ઉભડક જીવે એ બેસી રહ્યાં.

કશું જ ન બન્યું. ઊઠીને રસોડામાં ગયાં. બટેટાં બાફ્યાં. કાંદા સમાર્યા. ચા બનાવી ડ્રૉઈંગરૂમમાં આવ્યાં. ઘટક ઘટક ઘૂંટડો ભરીને પીધી. મજા આવી. બૅઝિનમાં મોં રાખી ઘસીભૂંસીને મોં ધોયું. વાળ ઓળતાં હાથ થંભી ગયો. કેવાં કરમાઈ ગયાં છો બા ? દીપા બોલતી હતી.

સાચ્ચે જ ?

એમણે અરીસામાં લળીને જોયું. ચહેરો ઝાંખો લાગતો હતો ? વાળમાં આગળ સફેદ છાંટ હતી. એમણે ધીમે ધીમે નિરાંતે માથું ઓળ્યું. વાળ હજી ઘટાદાર હતા. અંબોડો વાળ્યો. સાડલો જરા સરખી રીતે પહેર્યો. ડ્રૉઈંગરૂમમાં આવીને પાછા સોફામાં બેઠાં. થોડી વાર પગ હલાવ્યા કર્યો. કાનમાંથી મેલ કાઢ્યો. હજી સાડાચાર જ થયા હતા. સાડાચાર ? ફરી જીવ જરા ફફડી ઊઠ્યો. ઘણી વાર મનુ ડ્રાઈવર આવીને ઊભો

રહેતો. સાહેબે થર્મોસમાં કૉફી મગાવી છે.

ચાવી દીધી હોય એમ એ ઊભાં થઈ ગયાં. બારણું ખોલ્યું. લાંબા કોરિડોરમાંથી પવનનો સૂસવાટો આવ્યો.

''કેમ છો રુક્ષ્મણીબહેન ?''

એ હબકી ગયાં.

''કોણ''

''કમાલ છો ? નયના છું... બત્રીસ નંબરનો ફ્લૅટ.''

રુક્ષ્મણીબહેને હસવાનું કર્યું.

''ના ના, આ તો જરા લાઈટ બહુ છે, તમારું મોં દેખાયું નહીં.''

''ચાલો આવો છો ?''

રુક્ષ્મણીબહેન ગભરાઈ ગયાં.

''હું... ? હું વળી ક્યાં આવું ?''

''પ્રેમ કલામંદિર જાઉં છું.''

રુક્ષ્મણીબહેન આંખ પટપટાવતાં નયનાબહેનને જોઈ રહ્યાં.

''તમે નામ નથી સાંભળ્યું પ્રેમ કલામંદિરનું ? લો, ખરાં છો તમે. હું તો રોજ બપોરેથી ત્યાં જાઉં છું, છેક સાંજે પાછી આવું. તમે એક વાર ચાલો તો ખરાં, તમને મજા આવશે. ચાલો, ઝટ કપડાં બદલી લો.''

''હું... અત્યારે... ના ના.''

રુક્ષ્મણીબહેને કોરિડોરમાંથી ડોકું ખેંચી લીધું. ''ઘરમાં કોઈ નથી... હમણાં જૂઈ સ્કૂલેથી આવશે.''

''તો કાલે આવજો. કાલે રજા છે, એને સ્કૂલ નહીં હોય. તમને સાડાચારે બૂમ પાડીશ. તૈયાર રહેજો.''

આવજો કહેતાં નયનાબહેન લિફ્ટમાં દાખલ થઈ ગયાં.

બીજે દિવસે સવારથી જ રુક્ષ્મણીબહેનના મનમાં ચટપટી થવા લાગી. પોતાને ક્યાંક જવાનું છે, એકલાં. એ વિચારથી જ તેઓ ઉત્તેજિત થઈ ગયાં હતાં, થોડાં ડરી પણ ગયાં હતાં. આજ સુધી પૂછીને, રજા લઈને જ એ ઘરબહાર ગયાં છે. હવે કોને પૂછવું ? શું પહેરવું ? ત્યાં કોણ હશે ? ત્યાં શું કરવાનું ? પોતે ગમાર છે કહીને કોઈ મશ્કરી કરશે ?

દીપાને વાત કરું, પૂછું એમાં બપોર પડી. આજે રજા હતી, રસેશ ઘરે હતો. દીકરો-વહુ મોડાં ઊઠ્યાં હતાં. પોતે સવારથી રસોડામાં હતાં. રજાને દિવસે જમવાનું અફલાતૂન જોઈએ એવો પતિનો આગ્રહ રહેતો. એમણે પૂરણપોળી, બટેટાવડાં, ચટણી, રાયતું, પુલાવ, કઢી બધું બનાવ્યું. ઊભાં ઊભાં પગમાં કળતર થતું હતું અને જૂઈ ક્યારની ઊઠી ગઈ હતી, એટલે એનું કામ ને એની પાછળની દોડાદોડી.

મોડેથી નહાઈધોઈ રસેશ-દીપા ડાઈનિંગ ટેબલ પર ગોઠવાયાં. રુક્ષ્મણીબહેન હાંફળાંફાંફળાં દોડીને પીરસતાં રહ્યાં. સાંજની કોઈ મિત્રને ત્યાં પત્તાંની મહેફિલ હતી એટલે એની ચર્ચા-વિચારણામાં બન્ને મગ્ન હતાં. થાળીની બાજુમાં કૉર્ડલેસ ફોન હતો. જમતાં જાય, વાતો કરતાં જાય, ફોન પર બીપ બીપ નંબર લગાડતાં જાય. બા... રાયતામાં દહીં ખાટ્ટું છે... શાક કેમ તેલમાં તરે છે ? સવારે ધોબી મારાં કપડાં નથી આપી ગયો ? મેં તમને કહ્યું હતું ને આજે એને બોલાવજો જ ! તમે ખરાં ભૂલકણાં થઈ ગયાં છો... નાઉ દીપા ધીસ ઈઝ ધ પ્રૉબ્લેમ...

રુક્ષ્મણીબહેનનું ગળું સુકાઈ ગયું. ઘડીભર તો થયું કે પતિ જ જમવા બેઠા છે અને એ હડિયાપટ્ટી કરે છે. એ જ અવાજ... એ જ ઢંગ...

''બા''

રસેશે મોટેથી બૂમ પાડી. એ ઝબકી ગયાં. ''શું રસેશ બેટા ?''

''પુલાવમાં કાજુ-દ્રાક્ષ નથી નાખ્યાં ?''

''એ... તો ઘરમાં હતાં નહીં ને... એટલે...''

'ઠીક છે,' બબડતાં રસેશે ખૂબ ઓછો ભાત લીધો. દીપાએ એક નજર સાસુ તરફ કરી લીધી. એમના મનમાં જાણે કંઈક ગુનો કર્યો હોય એવી લાગણી થઈ ગઈ.

જમ્યાં. બન્ને બેડરૂમમાં સૂતાં સૂતાં કોઈ ઈંગ્લિશ ફિલ્મ જોવામાં મશગૂલ થઈ ગયાં. રુક્ષ્મણીબહેન થાળી પીરસી ડાઈનિંગ ટેબલ પર બેઠાં પણ જમવામાંથી સ્વાદ ઊડી ગયો હતો, હંમેશની જેમ. બારણાની બે વાર બેલ વાગી. ઊઠવું પડ્યું. ધોબી આવ્યો, હિસાબ કરી પૈસા આપ્યા. ખાવાનું ઠંડું થઈ ગયું હતું. બાજુમાંથી કોઈ મેળવણ લેવા આવ્યું. ત્યાં નોકર આવ્યો.

જેમતેમ રસોડું પતાવી ડૉઈંગરૂમના સોફામાં આડાં પડ્યાં. અંદર સૂવા જાય તો બપોરનો દૂધવાળો આવે, ટપાલી, નોકર આવે-જાય. બારણું ખોલબંધની બહુ પંચાત થાય. રસેશ-દીપાના બેડરૂમમાંથી ટી.વી.નો અવાજ મોટેથી આવતો હતો. સૂવાનું તો કંઈ મળ્યું નહીં. તંદ્રામાં પડી રહ્યાં. ત્રણ થયા ત્યાં તો રસેશ-દીપાએ જવાની તૈયારી કરવા માંડી. એમણે તરત ઊઠીને ચા મૂકી. રસેશની મસાલા વગરની, દીપાની મસાલાવાળી પણ ખાંડ વગરની. પેટમાં ચૂંથાતું રહ્યું, આ લોકોને વાત નથી કરી, ઘરમાંય કોઈ નહીં ને નયનાબહેન જોડે કેમ જવાશે ? જૂઈને મારી પાસે મૂકી જશે તો તો જેલ જ સમજો.

પણ જૂઈને સાથે લઈને ફટાફટ તૈયાર થઈ એ લોકો નીકળી ગયાં. જતાં જતાં કેટલી સૂચના આપતાં ગયાં.

અંતે ગયાં. રુક્ષ્મણીબહેન એકલાં પડ્યાં. આવું કદી બન્યું ન હતું. પતિ હતા ત્યારે તેમની ધરી પર ઘર એવું ગોળ ગોળ ઘૂમતું

કે ચક્કર આવી જતાં. બીજું કંઈ કરવાનું કે વિચારવાનું રહેતું જ નહીં.

ઘડિયાળનો કાંટો આગળ વધતો હતો અને એમને સાથે ઢસડી જવાનો હોય એમ સોફાનું હૅન્ડલ પકડી બેઠાં હતાં. બારણાંની ઘંટડી વાગી. પગ ઘસડતાં બારણાં સુધી ગયાં. કોણ હશે ? નયના ? જવું ? ન જવું ? જાય તો કાંઈ થાય તો... પછી... રસેશ-દીપા વઢે તો ?

''તૈયાર ?'' નયનાબહેનનો લહેકાભર્યો અવાજ આવ્યો, બોલતાં બોલતાં એ અંદર આવ્યાં. ''લો, તમે તૈયાર નથી ? ઝટ કપડાં બદલી લો.''

''હું ? હા... બરાબર... પણ ઘરમાં કોઈ... નથી તો પછી...''

''એટલે તો તમને કહું છું ચાલો. મજા આવશે. રાત સુધી એકલાં શું કરશો ? આજે ત્રણ પ્રોગ્રામ છે. ડેમોન્સ્ટ્રેશન, ફૅશન અને સત્સંગ. તમને જેમાં રસ પડે એમાં બેસશું.''

ઘાંઘાં થતાં રુક્ષ્મણીબહેન તૈયાર થઈ ગયાં. બહાર નીકળતાં પ્રશ્ન થયો : ઘરનું શું કરવું ? ચાવી જોડે લઈ જવી પડે અને એવું કદી બન્યું ન હતું. ખાંખાંખોળાં કર્યાં તો બેડરૂમના ટેબલના ખાનામાંથી લેચ કી મળી. હા, આ તો એમની જ હતી ! રાત્રે બહાર જાય ત્યારે સાથે લઈ જતા. એમણે ચાવી લીધી. નાના પાકીટમાં થોડા પૈસા હતા. તેમાં ચાવી મૂકી પાકીટ બ્લાઉઝમાં ભરાવી એ નયનાબહેન સાથે નીકળ્યાં.

નયનાબહેન સાથે ટૅક્સીમાં બેસતાં જાણે કોલંબસે અમેરિકાની શોધ કરી હતી. એવાં એ ઉત્તેજિત થઈ ગયાં હતાં. પ્રેમ કલામંદિર પહોંચ્યા કે નયનાબહેને સોની નોટ કાઢી. પાંચ માળના મકાનની લિફ્ટમાં તે લોકો ત્રીજે માળે આવ્યાં ત્યારે દોઢસો-બસો બહેનોથી હૉલ ભરાઈ ગયો હતો. રુક્ષ્મણીબહેને નયનાબહેનનો હાથ પકડી રાખ્યો હતો. અધધ ! આટલી બધી સ્ત્રીઓ ? નયનાબહેન બોલ્યે જતાં હતાં. બપોરે બાર વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધી બધા માળ પર જાતજાતની પ્રવૃત્તિઓ ચાલ્યા કરે. રોજ નીચે બૉર્ડ મુકાય તેમાં બીજા દિવસનો કાર્યક્રમ લખાય.

બન્ને જરા મોડાં હતાં. કાર્યક્રમ શરૂ થઈ ગયો હતો. પહેલાં કોઈ બહેને મકાઈની નવી વાનગી શી રીતે બનાવવી તે બતાવ્યું. બીજાં બહેને ત્વચાની સંભાળ લેવાની રીતો, ક્રીમ વગેરે બધું બતાવ્યું. કેટલીયે બહેનો કાગળ-પેન લાવી હતી તે ઉતારી લેતી હતી.

પોણા છ થયા એટલે નયનાબહેન ઊઠયાં. રુક્ષ્મણીબહેન તન્મય થી સાંભળતાં હતાં, એમને ઉઠાડ્યાં. નીચે આવ્યાં ત્યાં નયનાબહેનને બીજા બેત્રણ બહેનો મળી ગયાં. ટોળું ઊપડ્યું. પાણીપૂરી ખાઈ સૌ છૂટાં પડ્યાં. નયનાબહેને તરત ટૅક્સી કરી.

''મજા આવી કે કંટાળ્યાં ? હું તો ભઈ રોજ આવું છું. ટાઈમ પાસ થાય અને કંઈ જાણવા મળે.''

રુક્ષ્મણીબહેન બોલ્યાં.

''મને તો બહુ ગમ્યું હોં બહેન ! આહાહા કાંઈ બાઈયું ! આ બધા રોજ આવે ?''

''પાંચેય માળ ભરેલા હોય છે જોયું નહીં !''

''કાલે જાઓ ત્યારે મારી બેલ મારશો ?''

''શ્યોર. અવારનવાર આવતાં રેજો, મનેય કંપની. આ તો મને થયું તમારું મન જરા છૂટું થાય.''

''સારું કર્યું હોં બહેન.'' રુક્ષ્મણીબહેને ઉમળકાથી એમનો હાથ દબાવ્યો.

લેચ કીથી બારણું ખોલતાં રુક્ષ્મણીબહેનનો હાથ જરા કંપ્યો. પાછું પોતે જ મન મક્કમ કર્યું. મેં કંઈ ચોરી થોડી કરી છે કે દીકરા વહુથી ડરવું પડે ? રસેશ-દીપા હજી આવ્યાં નહોતાં. ફ્રીજમાં થોડું ખાવાનું પડ્યું હતું, ગરમ કરી ખાઈ લીધું. એવી ઊંઘ ચડી કે મોડી રાત્રે એ લોકો ક્યારે આવ્યાં તેની ખબર પણ ન પડી.

રોજની જેમ સવારે વહેલાં ઊઠ્યાં, દૂધ લીધું, જૂઈની સ્કૂલની તૈયારી કરી. આજે પોતાને કશેક જવાનું છે, તે પણ એકલાં એ વિચારથી એટલા ખુશ થઈ ગયાં હતાં કે આ બધાં રોજનાં કામનો કંટાળો અદશ્ય થઈ ગયો હતો. દીપાને કહેવું ન કહેવુંની અવઢવમાં બપોર પડી. બન્ને જમવા બેઠાં.

''રાત્રે દૂધ નથી મેળવ્યું ? દહીં નથી ?'' જરા ઠપકાના સૂરે દીપા બોલી.

''ના'' પછી હિંમત કરીને કહી દીધું. ''બહાર ગઈ હતી. મોડેથી આવી એટલે ભૂલી ગઈ.''

દીપા નવાઈથી સામે જોઈ રહી. ''બહાર ગયાં હતાં ?''

''અ...હા... ઉપરવાળાં નયનાબહેન ખરાં ને... તે પ્રેમ કલામંદિરમાં... બહુ મજા આવી હોં !''

દીપા હજી સામે જ જોઈ રહી હતી. પછી મોં બગાડીને બોલી, ''એમ જે તે લોકો સાથે રખડવા જાઓ... તમે ?''

''રખડવા શું ? બધું શિખવાડે છે ત્યાં.'' થાળી લઈ એ ઊઠી ગયાં, પણ પીઠ પાછળ બે આંખો એમની પર તોળાઈ રહી એનો એમને ભાર લાગવા માંડ્યો. બહારના રૂમમાં સોફાને બદલે એ સીધા બેડરૂમમાં જઈ ઊંઘી ગયાં. ઝબકીને બેઠાં થયાં ત્યાં વાગ્યા હતા અઢી ! દીપાના બેડરૂમમાંથી ટી.વી. નો અવાજ આવતો હતો. ચાપાણી પી લઈ, હાથપગ ધોઈ, માથું ઓળ્યું. થોડો પાઉડર લગાડ્યો. પતિ જીવતાં મોટી લાલ સ્ટીકરની બિંદી લગાડતાં, તે તો હવે

લગાડવાની હતી નહીં. ધોળું છાપેલું ડાયલ પહેરી તૈયાર થઈ ગયાં. છેલ્લે દીપાના રૂમ પાસે આવી મોટેથી બોલ્યાં,

''જાઉં છું બેટા.''

''ક્યાં ?'' ટી.વી.માં વછૂટતી બંદૂકની ગોળી પોતાને વીંધી ગઈ હોય એમ દીપા બેઠી થઈ ગઈ.

''પ્રેમ કલામંદિર.'' અને દીપાનું મોં જોતાં એ વિરોધ કરે એ પહેલાં એ બહાર નીકળ્યાં. લિફ્ટની રાહ જોયા વિના દાદર ચડી નયનાબહેનના ઘરમાં ઘૂસી ગયાં.

''ઓહો તમે ! આવો. હું તૈયાર જ થાઉં છું. રાજી, શરબતનાં બે ગ્લાસ લાવ તો !''

અંદરથી એક બાઈ આવી, બે ઠંડાં પીણાંના ગ્લાસ મૂકી ગઈ. રુક્ષ્મણીબહેન જોતાં રહી ગયાં ત્યાં તો નયનાબહેન બદામી રંગના ઝીણા પોત પર ભરતકામની સાડી પહેરી બહાર આવ્યાં.

''તમને ગમી ? હમણાં જ ઑર્ડરથી ભરાવી. આજકાલ આ કલર ફૅશનમાં છે.''

રુક્ષ્મણીબહેનને તરત દીપાના આ જ રંગના સલવાર-કમીઝ સાંભર્યાં. પોતે પહેલાં પહેરતાં લાલપીળા રંગ. હવે માત્ર સફેદ રંગ. ભડકાછાપ ડિઝાઈનો અને હવે ધોયેલો, ઈસ્ત્રી વિનાનો સાડલો. પહેલી વાર પોતાની ઉપર શરમ આવી. બન્ને નીચે ઊતર્યાં. નયનાબહેને ટૅક્સી કરી. એમણે અચકાતાં પૂછી લીધું, ''તમે રોજ ટૅક્સીમાં જાઓ છો ?''

''હા. લગભગ. વહેલી હોઉં તો બસમાં. એવું છે, મારી બા તરફથી મને જે પૈસા મળ્યા છે તે વ્યાજે રાખીને મારો ખર્ચો કાઢી લઉં છું. અહીં એક ચૅરિટી ફંડ છે એમાં આપું. સિઝનમાં અથાણાના ઑર્ડરમાંથી સારી કમાણી કરી લઉં છું.'' ટૅક્સી ઊભી રહી. એમણે પાકીટ ખોલ્યું. રુક્ષ્મણીબહેનને શરમ આવી, પોતાની પાસે પોતાના પૈસા જ ક્યાં હતા ? પહેલાં પતિ કાંઈક કાગળ પર સહી લેતા. પછી રસેશ લેતો હતો, પણ હાથમાં કોઈએ પૈસા મૂક્યા નહોતા.

આજે એક ડૉક્ટરે ભાષણ આપ્યું. રંગોળીની હરીફાઈ થઈ. કોઈકે મીરાંનાં ભજન હલકભર્યે કંઠે ગાયાં. નયનાબહેનની બહેનપણીઓ સાથે વાત કરી. પાછા ફરતાં નયનાબહેને કહ્યું, ''આવતા રવિવારે પિકનિક છે. મેં તમારું નામ લખાવી, પૈસાય ભરી દીધા છે.''

રુક્ષ્મણીબહેન ગળગળાં થઈ ગયાં.

''તમે રોજ પૈસા ખરચો છો... હું તમને આપી દઈશ... મારે... દીપાને કહીશ તો મને આપશે ને પછી...''

''ગમે ત્યારે આપજો, પણ તમારે માગવા શું કામ પડે ? તમારા પતિ કેટલું મૂકી ગયા છે તમને ખબર છે ? રસેશ તમારી સહી લે છે તો તમારું નામ ધંધામાં ક્યાંક હશે જ અને તમારા ભાગના પૈસા પણ હશે જ. પૂછજો. કંઈ સલાહ જોઈતી હોય તો કહેજો. મારા હસબન્ડ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે.''

એ પાછાં ફર્યાં ત્યારે દીપાનું મોં ચડેલું હતું. તે તરફ પણ તેમનું ધ્યાન ન ગયું. એમના મનમાં આ જ વાત ઘોળાતી રહી.

થોડા દિવસ થયા ત્યાં તો દીપા ગળે આવી ગઈ. રસેશ ઑફિસે જવા નીકળે એ પહેલાં જ એણે મોરચો માંડી દીધો. રુક્ષ્મણીબહેન સ્વસ્થતાથી યુદ્ધની ઘોષણાની રાહ જોતાં હતાં.

''બા...'' રસેશે બૂમ પાડી.

વેલબુટ્ટા ભરેલી બદામી રંગની સાડીને ઈસ્ત્રી કરતાં રુક્ષ્મણીબહેને સ્મિત કર્યું અને સ્વીચ ઑફ કરી બહાર આવ્યાં.

''શું છે રસેશ ?''

એ શાંતિથી સોફામાં બેઠાં. દીપા તરાપ મારતી હોય એમ તંગ થઈને ઊભી હતી અને રસેશ ખળભળી ઊઠ્યો હતો.

''આ શું ? આ શું માંડ્યું છે તમે ?''

''શેનું શું માંડ્યું છે ઈ વાત કર દીકરા.'' રુક્ષ્મણીબહેને પહેલા જ ઘાનો વાર ચૂકવનારની હોંશિયારીથી કહ્યું.

''બધું સમજો છો ને પાછાં ઉપરથી...''

''દીપા, તું રહેવા દે. આ તમે રોજ ઘરબાર મૂકીને ક્યાં ભટકો છો ? આ બધું શું સારું લાગે છે આ ઉંમરે ?''

''ભટકો છો એટલે શું ? હું પ્રેમ કલામંદિર સંસ્થામાં જાઉં છું. જોવા જાણવાનું મળે. ત્યાં બધા કેવા સારા સારા માણસો આવે છે. જુઓ તો ખબર પડે. મારા જેવડીયે આવે. આ દીપા જેવડી બાઈયું તો કેવાં સારાં કામ ત્યાં આવીને કરે છે. આવી જો તો ખબર પડે. તારા જેવડાય રવિવારે સવારે વ્યાખ્યાનમાં આવે છે અને...''

''ને ઘરમાં કામકાજ નથી ? રોજ સાંજે જૂઈ સ્કૂલેથી આવે ત્યારે મારે કેટલો પ્રોબ્લેમ થાય છે ! કાલે રજિસ્ટર્ડ પોસ્ટ પાછી ગઈ...''

''જૂઈ સ્કૂલેથી પાછી આવે ઈ ટાણે તારી જરૂર હોય, મારી નહીં. એનાં લેસન-બેસન બધી તને ખબર પડે અને એવું છે ને તને કામકાજની તકલીફ હોય તો આખા દા'ડાની બાઈ રાખી લે ને !''

દીપાનો અવાજ ફાટી ગયો.

''તમે મને શિખામણ આપો છો ? પૈસા ઝાડ પર ઊગે છે ?''

સોફામાં પગ લઈને બેસતાં રુક્ષ્મણીબહેન બોલ્યાં, ''એની તો તમને લોકોને ઝાઝી ખબર, પણ બેય માણસ તમે ક્લબમાં જાઓ છો ને હોટલુંમાં ડીનર લ્યો છો તે પૈસા તો ઈનાય બેસતા જ હશે ને બેટા ! લે, ઠીક યાદ આવ્યું, રસેશ એક દસ હજારનો ચૅક જોઈએ છે હોં !''

''દસ હજાર ? કે... કેવી વાત કરો છો ?

શેના જોઈએ છે ? હું ક્યાંથી કાઢું ? કમાલ છો તમે.''

''નેપાળ પશુપતિનાથ બધાં જાય છે, તે મેંય નામ નોંધાવ્યું છે. મેં ક્યાં કોઈ દાડો કયાંય પગ મેલ્યો છે ? ને જોજો પૈસાની વ્યવસ્થા તો હશે જ હોં ! ધંધામાં મારે નામે જમા થતા જ હોય ને ! ઈનું વ્યાજ જ ગણો તો આટલાં વરસમાં કેટલું થાય ? હું તો કહું છું મારે નામે બૅન્કમાં ખાતું ખોલી નાખીયે હેં બેટા ! મારી રકમ એમાં જમે થાય ને, એટલે મારું હું ફોડી લઉં. તને ઘડી ઘડી પછી મૂંઝવવો નહીં. લે ઊઠું ત્યારે ! આજે બેક વેલું જાવું છે. ઓલું... અંગૂઠાથી દબાવીને શું... હા એક્યુપ્રેસરના ક્લાસ છે મારે... કાલ તું ઑફિસ જાઈશ ત્યારે તારા ભેગી નીકળી જાઈશ હોં ! એટલે બૅન્કમાં જતાં અવાય. તને બાપડાને પાછો ધક્કો નહીં. લે, ઊઠું ત્યારે ! ને દીપાવહુ જૂઈ સારુ મેં મકાઈની કચોરી કરી છે. તળી દેજો.''

ઘડિયાળમાં જોતાં રુક્ષ્મણીબહેન ઊઠ્યાં. દીપા ટગરટગર એમને જોઈ રહી હતી. ત્યાં ટેલિફોનની ઘંટડી વાગી. રસેશે ફોન લેવા હાથ લંબાવ્યો, કે રુક્ષ્મણીબહેને રિસિવર ઉઠાવ્યું.

''હલ્લો નયનાબહેન ? હા, ક્યારે નીકળો છો ? ઠીક ત્યારે નીચે જ ઊભી છું. આવજો.''

રુક્ષ્મણીબહેને કપડાં બદલ્યાં. નાનકડી બિંદી કરી અને ઉતાવળે નીકળી ગયાં.

❖❖❖



## પપ્પાનો ફોન

અઠવાડિયે બે એક વાર આવે છે, પપ્પાનો ફોન
જાણે જીવનમાં અજવાળું લાવે છે, પપ્પાનો ફોન

.. કેમ છે ? મઝામાં !!!''
ખાલી ચાર શબ્દોનો સંવાદ, પપ્પાનો ફોન
જાણે છે ઈશ્વરનો કોઈ સાદ, પપ્પાનો ફોન

સાસરે હું ઠાવકી સમજણની મૂરત
મને બાળક બનાવી જાય છે, પપ્પાનો ફોન
મને સઘળું સમજાવી જાય છે, પપ્પાનો ફોન

છો ને હો મુશ્કેલી કે કેવી હો આફત
કોઈ બેઠું છે નો અહેસાસ છે, પપ્પાનો ફોન
એક હૂંફાળી છે તાકાત મારા, પપ્પાનો ફોન

રિફ્રેશ થઈ જાઉ છું એના રીંગટોને
મારા મનનું છે ચાર્જર મારા પપ્પાનો ફોન
અઠવાડિયે બે એક વાર આવે છે, પપ્પાનો ફોન
જાણે જીવનમાં અજવાળું લાવે છે, પપ્પાનો ફોન

**યુવક જોઈએ છે**

**ડિસેમ્બર ૧૯૮૨ મુંબઈ રહેવાસી બોર્ન**
**૫'-૬' સિંગલ સ્માર્ટ યુવતી**
**IT company માં જોબ.**
**દસા સ્થાનકવાસી જૈન**
**divorcee આવકાર્ય છે.**
**સંપર્ક : ૯૮૬૯૪૩૭૨૦૨**
**E.mail: amul.shah79@gmail.com**
**Foreign સેટલ યુવક પણ સંપર્ક કરે.** (Advt.)

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા – મુંબઈ**
**માસિક પત્રિકા**
**આપની જાહેરખબર, બાયો-ડેટા શ્રદ્ધાંજલિ વગેરે દર મહિનાની ૨૦ તારીખ પહેલા સભાની ઓફિસમાં મોકલી આપો.**

૧. છેલ્લું કવર પેજ (Four Colour Printing)
૧૮૦ મિ.મી. x ૨૦૫ મિ.મી — રૂા.૧૦૫૦૦/-
૨. કોઈપણ કલર પેજ (Four Colour Printing )
૧૮૦ મિ.મી X ૨૪૨ મિ. મી. — રૂા. ૮૪૦૦/-
૩. આખું પાનું ૨૧X૧૭ સેન્ટિમીટર
(Black & White Printing) — રૂા. ૪૩૦૫/-
૪. અર્ધું પાનું (ઊભી સાઈઝ)
૨૧X૮ સે. મી. (Black & White Printing) — રૂા. ૨૨૦૫/-
૫. પા પાનું (Black & White Printing)
૧૦.૫ (H) x૮ (L) સે. મી. — રૂા. ૧૧૫૫/-
૬. પેનલ (Black & White Printing)
૬x૫ સે.મી. — રૂા. ૬૩૦/-

**(Inclusive of GST) Please send Artwork in JPEG Format Only**



# સાહસોનો સ્વપ્નદ્રષ્ટા- જુલે વર્ન

૧૯ મી સદીના નવમા દાયકાને એક દિવસે ભરાવદાર રાતાં થોભિયાંવાળો એક આદમી ફ્રાંસના શિક્ષણપ્રધાનની મુલાકાતે ગયેલો. તેના નામના કાર્ડ સામે જોતાં જ શિક્ષણકચેરીના સ્વાગતમંત્રીનું વદન પ્રકાશી ઊઠ્યું. ''વર્ન સાહેબ,'' એક ખુરશી ધરતાં એ બોલ્યો : ''કૃપા કરીને જરા વાર બેસશો ? તમે આટલી બધી મુસાફરીઓ કરો છો, તે થાકેલા હશો !''

હા, લેખક જુલે વર્નને તો થાક લાગ્યો જ હોય. અનેક વાર એમણે પૃથ્વીની પ્રદક્ષિણા કરેલી હતી - એક વાર તો ૮૦ દિવસમાં. મહાસાગરના પેટાળમાં એમણે ૬૦,૦૦૦ માઈલની સફર ખેડી હતી, ચંદ્રલોકની યાત્રા કરી હતી, ધરતીના પેટાળમાં પ્રવાસ કરેલો હતો. ખંડેખંડના આદિવાસીઓ સાથે એમણે વાતો કરેલી હતી. લેખક જુલે વર્ન જ્યાં ન પહોંચ્યા હોય તેવો પૃથ્વીની ભૂગોળનો ભાગ્યે જ કોઈ પ્રદેશ હશે.

પણ માનવી જુલે વર્ન તો બેઠાડું ઘરકૂકડી જેવા હતા. એમને કોઈ વાતનો થાક લાગ્યો હોય તો તે લખવાનો. આમિયેં ગામના એમના ઘરના ઉપલા મજલાની એક નાની ઓરડીમાં બેઠાં બેઠાં ૪૦-૪૦ વર્ષો સુધી એમણે વરસનાં બેને હિસાબે પુસ્તકો લખ્યે જ રાખ્યાં હતાં.

વર્ન એક સ્વપ્નદ્રષ્ટા હતા એટલું જ નહિ, આવતી કાલની આલમની રૂપરેખાના એક મહાન આલેખક હતા. હજી તો રેડિયોની પણ શોધ નહોતી થઈ ત્યાં તેમની કલમે ટેલિવિઝનને કામ કરતું આલેખી નાખ્યું હતું - એનું નામ એમણે 'ફોનો-ટેલિફોટો' પાડેલું. વિમાનના શોધક રાઈટ-બંધુઓ ધરતી ઉપરથી ઊંચે ચડ્યા તે પૂર્વે પચાસ વર્ષે લેખક વર્ન પાસે 'હેલિકૉપ્ટર' વિમાનો તૈયાર હતાં. આપણી વીસમી સદીની કોઈક જ એવી અજાયબી હશે કે જેનાં આગમ ઓગણીસમી સદીના આ કલ્પનાશીલ માનવીએ નહીં ભાખ્યાં હોય. સબમરીનો, હવાઈ જહાજો, ગગનચૂંબી ઈમારતો, યાંત્રિક દાદરા, બખ્તરિયા ગાડીઓ, વૈજ્ઞાનિક વાર્તાઓના એ પિતામહ હતા.

હજી તો આવતી કાલે થનારી શોધો વિશે વર્ન એટલી ચોક્સાઈભરી વિગતો સાથે લખતા, કે વિજ્ઞાની મંડળોમાં તેની ઉપર ચર્ચાઓ ચાલતી અને વર્ને આપેલા આંકડાઓનો તાળો મેળવવામાં ગણિતશાસ્ત્રીઓ અઠવાડિયાંના અઠવાડિયાં ગાળતા.

આગળ જતાં વર્નનાં લખાણોમાંથી પ્રેરણા પામનારા અનેક નામાંકિતોએ તેને અંજલિ આપેલી છે. ઉત્તર ધ્રુવ ઉપર વિમાનમાં ઊડીને પાછા ફરેલા એડમિરલ બર્ડે કહ્યું હતું કે જુલે વર્ન એમના ભોમિયા હતા. ઊંચે અવકાશમાં ને નીચે સાગરના પેટાળમાં હેરત પમાડે તેટલાં અંતરો સુધી પહોંચનારા ઑગસ્ટ પિકાર્ડે, વાયરલેસના શોધક મારકોનીએ અને બીજા અનેકોએ કબૂલ કર્યું છે કે એ બધાં શોધ-સાહસોનો પહેલવહેલો તણખો એમના મગજમાં મૂકનાર એક જ માનવી હતો : જુલે વર્ન.

૧૮૨૮માં જુલે વર્નનો જન્મ થયો ત્યારે રેલગાડીના જન્મને હજી પાંચ જ વરસ વીત્યાં હતાં, એટલાંટિક મહાસાગર ખેડતી સ્ટીમરોમાં યંત્રો મુકાયાં હતાં, પણ તે ઓચિંતાં ખોટકાઈ પડે તે બીકે જૂના સઢ પણ સ્ટીમરો સાથે જ રાખતી હતી.

પિતાના આગ્રહથી ૧૮ વરસની ઉંમરે જુલે વર્ન પેરિસમાં કાયદાનો અભ્યાસ કરવા ગયા, પણ એમને કવિતા અને નાટકો લખવામાં વધારે રસ હતો.

એક સાંજે, પેરિસની એક ફૅશનેબલ મિજબાનીથી કંટાળીને જુલે વર્ન ઓચિંતા ઊભા થઈ ગયા ને દાદરો ઊતરી ગયા. સીડીને નીચલે છેડે એ પહોંચ્યા ત્યારે બીજા એક સજ્જન પગથિયાં ચઢવા જતા હતા.

'થ્રી મસ્કેટીઅર્સ'ના મશહૂર લેખક એલેકઝાન્ડર ડ્યૂમા સાથેની જુલે વર્નની દોસ્તીની ત્યાં, એ સીડીને પહેલે પગથિયે, શરૂઆત થઈ. ડ્યૂમા સાથેની ઓળખાણને પરિણામે નવજુવાન વર્નના જીવનમાં લેખનકાર્યનું કાયમી સ્થાન નિશ્ચિત થઈ ગયું. એ બંનેએ મળીને એક નાટક લખ્યું. પછી, ઈતિહાસ માટે ડ્યૂમાએ જે કાર્ય કરેલું તે પોતે ભૂગોળ માટે કરવાનું વર્ને ઠરાવ્યું.

વર્ન હવે શૅરબજારના એક દલાલ બન્યા. એમના સંજોગો સુધરવા માંડ્યા. તે છતાં પુરાણા ઘરમાં રહેવાનું ને લખવાનું એમણે ચાલુ રાખ્યું. સવારના છ વાગ્યે તો એ કામે ચડી જતા ને બાળકોના એક સામયિક માટે વિજ્ઞાન વિશેના લેખો તૈયાર કરવા માંડતા દસેક વાગે, એટલે શૅરદલાલિયા વાઘા ચડાવીને એ બજારમાં પહોંચી જતા.

જુલે વર્નની પહેલવહેલી ચોપડી હતી 'બલૂનમાં પાંચ અઠવાડિયાં'. પંદર પ્રકાશકોને એ મોકલાયેલી, પણ એ એમણે પરત કરી હતી. ખિજાઈને વર્ને ઘરની સગડીમાં એનો ઘા કરેલો, પણ લેખક-

પત્નીએ દોડીને એ ચોપડીને ઉગારી લીધી, ને હજી એકાદ પ્રકાશકને તે મોકલી જોવાનું વચન પતિ પાસેથી મેળવ્યું. સોળમા પ્રકાશકે એને સ્વીકારી ને પ્રગટ કરી.

જોતજોતામાં 'બલૂનમાં પાંચ અઠવાડિયાં'એ તે જમાનામાં વધુમાં વધુ વેચાતાં પુસ્તકોની હરોળમાં પોતાનું સ્થાન લઈ લીધું. સુધરેલી દુનિયાની દરેક ભાષામાં તેનો અનુવાદ થયો ૧૮૬૨માં. એ ચોપડીના ચોત્રીસ વરસના કર્તાની ખ્યાતિ દૂર દૂર સુધી પ્રસરી ગઈ હતી. ત્યારબાદ શેરબજારની વિદાય લઈને દર વરસે બે નવલકથાઓ લખી આપવાના એક પ્રકાશક સાથેના કરાર પર વર્ને સહી કરી.

વર્નના તે પછીના પુસ્તક 'ધરતીના પેટાળમાં'નાં પાત્રો આઈસલેંડ ટાપુના એક જ્વાળામુખીના ડાચા વાટે પૃથ્વીના પેટમાં પ્રવેશ કરે છે, અને સેંકડો સંકટોનો સામનો કરીને ઈટલીના બીજા એક જ્વાળામુખીમાંથી વહેતા લાવા-ઝરણ સાથે બહાર નીકળે છે. પૃથ્વીના પેટાળમાં જે કાંઈ બની રહ્યું છે તે વિશેની વિજ્ઞાનની તમામ માહિતી તેમ જ કલ્પનાઓ એ કથામાં ગૂંથાયેલી હતી - ને ઉપર રોમહર્ષક સાહસનો મસાલો ભભરાવેલો હતો. વાચકો એનાથી ધરાય જ નહિ.

વર્ન-દંપતીને ઘેર પુત્રજન્મ થયો પછી પેરિસમાંથી રહેણાંક ફેરવીને તેઓ આમિયેં ગામે જઈ વસ્યાં. લક્ષ્મીનો પ્રવાહ હવે એમના આંગણામાં વહેવા માંડ્યો હતો. જુલે વર્ને એ કાળની મોટામાં માટી ગણાતી એક નૌકા ખરીદી, નવું મકાન બાંધ્યું ને તેના ઊંચા મિનારાની ટોચે કોઈ જહાજી કપ્તાનની કેબિન જેવી પોતાની ઓરડી સજાવી. નકશાઓ અને પુસ્તકોનાં થોથાં ઘેરા વચ્ચે બેઠાં બેઠાં પોતાના જીવનનાં છેલ્લાં ચાલીસ વરસો એમણે ત્યાં વિતાવ્યાં.

જુલે વર્નનાં તમામ સર્જનોનાં કદાચ સહુથી વધુ વિખ્યાત '૮૦ દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા' બનેલું હશે. પેરિસના એક છાપામાં એ ચાલુ વાર્તારૂપે પ્રગટ થતું. ફોગ નામનો તેનો નાયક પોતે લગાવેલી એક શરત જીતવા માટે સમયની સાથે હોડમાં ઊતર્યો હતો.

એ હતી ૧૮૭૨ની સાલ. તે પછી સત્તર વરસે ન્યુ યૉર્કના એક છાપાએ નેલી બ્લી નામની ખબરપત્રી પાસે ફોગનો કાલ્પનિક વિક્રમ તોડાવેલો - એ બાઈએ ૭૨ દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા કરી બતાવી. પાછળથી, રશિયામાં સાઈબીરિયા વીંધતી રેલવે નખાઈ તેને પ્રતાપે, ફ્રાંસના એક વતનીએ ૪૩ દિવસમાં એ પ્રદક્ષિણા કરી બતાવેલી - અને સાઈબીરિયાની આરપાર જનારી એ રેલવેની આગાહી તો જુલે વર્ને વરસો અગાઉ કરી રાખેલી હતી જ!

'સાગર તળે ૬૦,૦૦૦ માઈલ'માં વર્ને 'નોટિલસ' નામની જે સબમરીનનું સર્જન કરેલું તે વીજળીથી ચાલતી એટલું જ નહિ, સમુદ્રમાંથી જ વીજળી પેદા કરી શકતી - અને બે બ્રિટિશ વૈજ્ઞાનિકોએ પછીથી એ વસ્તુ પ્રયોગરૂપે સિદ્ધ કરી બતાવી છે. અણુશક્તિ વડે ચાલતી અમેરિકન નૌકાદળની અદ્યતન સબમરીન 'નોટિલસે' અનંત કાળ સુધી સાગરના પેટાળમાં રહી શકવાની જે સિદ્ધિ પહેલી જ વાર હાંસલ કરી તે પણ વર્નની 'નોટિલસ'ને પગલે ચાલીને જ.

આર્ષદ્રષ્ટા તરીકે વર્નને વધુમાં વધુ કીર્તિ અપાવે તેવી એમની એક ચોપડી ઓછામાં ઓછી વંચાઈ છે. એનું નામ છે 'એક અમેરિકન પત્રકારની નોંધપોથીઃ સન ૨૮૯૦.' એ કથામાં ન્યુયૉર્કનું નામ 'વિશ્વનગરી' રાખેલું છે ને તે જગતનું પાટનગર બન્યું છે. ૧૦૦-૧૦૦ વાર પહોળા તેના રાજમાર્ગોની બેઉ બાજુએ હજાર-હજાર ફૂટ ઊંચી ઈમારતોની કિલ્લેબંધી ખડી છે. તેમાં પૃથ્વીની આબોહવા સંપૂર્ણપણે માનવીના અંકુશમાં રહે છે, અને ઉત્તર ધ્રુવનાં હિમ-વેરાનોમાં પણ ખેતી થાય છે. વર્નની એ કથાનો નાયક 'વિધિનો છડીદાર' નામનું છાપું ચલાવે છે, ને તેનાં આઠ કરોડ વાચકો છે. એ અખબારના ખબરપત્રીઓ જુદા જુદા ગ્રહ ઉપરથી ટેલિવિઝન વાટે સમાચાર પાઠવે છે, અને તેના ગ્રાહકો પોતાના દીવાનખાનામાં બેઠાં બેઠાં જ બ્રહ્માંડના જુદા જુદા બનાવોનાં દૃશ્યો નિહાળી શકે છે.

આયુષ્યને અંતે વર્નના જીવનમાંથી સુખ ઓસરવા માંડ્યું હતું. સાહિત્ય-જગતના પંડિતો એને તુચ્છકારતા હતા. એ જમાનાના ફ્રેંચ લેખકોમાં વર્નનાં પુસ્તકો સહુથી વધુ વંચાતાં, તે છતાં ફ્રાંસની 'સાહિત્ય-અકાદમી'માં તેમને સ્થાન મળ્યું નહોતું. મીઠી પેશાબની બીમારી એમને લાગુ પડી હતી, આંખોનું નૂર આથમવા લાગ્યું હતું, બહેરાશ વધતી જતી હતી. એમની આખરી કૃતિઓ સરમુખત્યારો અને સિતમગરોના આગમનની ભયભીતતાથી ભરેલી હતી.

૧૯૦૫માં જુલે વર્નના પ્રાણ પરલોકને પ્રવાસે ઊપડી ગયા. આલમ આખી એમની મૈયતમાં મોજૂદ હતી - પેલી 'અકાદમી'ના ૪૦ સભ્યો, દેશદેશાવરના એલચીઓ અને સમ્રાટો તથા રાષ્ટ્રપતિઓના ખાસ પ્રતિનિધિઓ. એની કબર ઉપર પ્રશંસાનાં હજારો પુષ્પોનો જે ગંજ ખડકાયો તેમાંથી પેરિસના એક છાપાની આ અંજલિ કદાચ જુલે વર્નના હૈયાની વધુમાં વધુ સમીપ પહોંચી હશે :

'વાર્તા કહેનારા દાદાજી ચાલ્યા ગયા.'

**જ્યૉર્જ કેન્ટ**

**(અનુવાદક : મહેન્દ્ર મેઘાણી)**

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૬૨૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- શ્રીમતી જ્યોતિબેન રાજેશભાઈ શાહ તરફથી દિકરી હેઝલ તથા દિકરો અનુજના જન્મદિવસ પ્રસંગે (હાલ - માટુંગા)
- શ્રી દિપેનભાઈ નરેન્દ્રભાઈ પરીખ (હાલ - માટુંગા)
- શ્રીમતી સુશીલાબેન શશીકાંતભાઈ શાહ (અજમેરા) ના જન્મદિવસ નિમિત્તે હસ્તે નયનાબેન ધીરેનભાઈ શાહ (અજમેરા) - (હાલ - ઘાટકોપર)
- બરવાળા ઘેલાશા નિવાસી (હાલ - ઘાટકોપર) શ્રીમતી વનલીલા ચંદ્રકાંત કેશવલાલ પારેખની ૫૫મી લગ્ન નિમિત્તે હસ્તે મિતેશભાઈ ચંદ્રકાંતભાઈ પારેખ
- શ્રીમતી ધીરજબેન શાંતિલાલ શાહના સ્મરણાર્થે, હસ્તે સુપુત્રી વિભૂતિબેન - લીંબડી નિવાસી (હાલ - કેનેડા)
- શ્રીમતી ધીરજબેન શાંતિલાલ શાહના સ્મરણાર્થે, હસ્તે સુપુત્રી અલકાબેન ભરતભાઈ ડેલીવાળા લીંબડી નિવાસી (હાલ - અમેરિકા)

## ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન

**શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૦૪-૨૦૨૨ પછી મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| **શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ પરિવાર લીંબડી નિવાસી (હાલ - સાયન)** | **૩૦,૦૦,૦૦૦/-** |
| **માતુશ્રી હિરાબેન સ્વરૂપચંદ સંઘવી પરિવાર - ઘાટકોપર** | **૧,૦૦,૦૦૦/-** |

## સાભાર સ્વીકાર

વઢવાણ નિવાસી (હાલ - બોરીવલી) શ્રી ચંદ્રકાન્તભાઈ અમૃતલાલ કેશવજી શાહના સ્મરણાર્થે હસ્તે વસુમતિ ચંદ્રકાન્તભાઈ શાહ પરિવાર

| | |
|---|---|
| શિક્ષણ ફંડ | ૨૦૦૦ |
| પાણી પરબ ફંડ | ૩૦૦૦ |

શ્રીમતી ધીરજબેન શાંતિલાલ શાહ હસ્તે સુપુત્રી વિભુતી તથા અલકાબેન ભરતભાઈ ડેલીવાળા - ઉચ્ચ શિક્ષણ ફંડ ૩૦૦૦

## વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **અંકિત — મોક્ષા** | | |
| શ્રી શેઠશ્રી અતુલભાઈ હરિલાલ શાહના સુપુત્ર હુડાળા (વિરમગામ) નિવાસી હાલ - બોરીવલી | | |
| શ્રી શેઠશ્રી ઊદયભાઈ રતિલાલ મહેતાની સુપુત્રી ઘાનાળા (હળવદ) નિવાસી (હાલ - બોરીવલી) | ૫૦૧ | ૫૦૧ |
| **વિરલ — વિધિ** | | |
| શ્રીમતી દિપ્તીબેન નાગડાના સુપુત્ર નરેડી નિવાસી (હાલ - કાંદિવલી) | | |
| શ્રી સંજયભાઈ અંબાલાલભાઈ ગાંધીની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ - માટુંગા) | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **શ્રીનિલ — નિકિતા** | | |
| શ્રી દિપેનભાઈ ધીરજલાલ સંઘવીના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ - બોરીવલી) | | |
| શ્રી જાગુતભાઈ છબીલદાસ કોઠારીની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - કાંદિવલી) | ૧૦૦૧ | ૧૦૦૧ |
| **રિકિન — પ્રિયંકા** | | |
| શ્રી ભરતકુમાર ચંપકલાલ શાહના સુપુત્ર જોરાવરનગર નિવાસી (હાલ - કલકત્તા) | | |
| શ્રી જયંતીલાલ પ્રેમચંદ હરિયાની સુપુત્રી મોટામોઢા નિવાસી (હાલ - બોરીવલી) | ૫૦૧ | ૫૦૧ |
| **ધવલ — હેત** | | |
| શ્રી અશોકકુમાર બાબુલાલ શાહના સુપુત્ર સુરેન્દ્રનગર નિવાસી (હાલ - મલાડ) | | |
| શ્રી ગૌતમભાઈ મુલચંદભાઈ શાહની સુપુત્રી ગોધાવી નિવાસી (હાલ - મુલુંડ) | ૫૦૧ | ૫૦૧ |
| **રૂષિત — સલોની** | | |
| શ્રી દિનેશભાઈ ધીરજલાલ મહેતાના સુપુત્ર વાંકાનેર નિવાસી (હાલ - ઘાટકોપર) | | |
| શ્રી હિતેનભાઈ રસિકલાલ અજમેરાની સુપુત્રી ચુડા નિવાસી (હાલ - સાયન) | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **સાકેત — ચાંદની** | | |
| શ્રી શેઠશ્રી મહેન્દ્રભાઈ ભોપાલચંદ મહેતાના સુપુત્ર જોધપુર નિવાસી (હાલ - વિલેપાર્લા) | | |
| શ્રી શેઠશ્રી રાજેશભાઈ કાંતિલાલ શાહની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ - બોરીવલી) | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **નિરજ — વૃષ્ટિ** | | |
| શ્રી સંજયભાઈ અજિતભાઈ સોનીના સુપુત્ર રાજુલા નિવાસી (હાલ - બોરીવલી) | | |
| શ્રી યોગેશભાઈ મહાસુખલાલ ગાંધીની સુપુત્રી લીંબડી નિવાસી (હાલ - બોરીવલી) | ૫૦૧ | ૫૦૧ |
| **કરણ — સલોની** | | |
| શ્રી ભરતભાઈ વિનયચંદ્ર દોશીના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - વિલેપાર્લા) | | |
| શ્રી દીપકભાઈ કાંતિલાલ શાહની સુપુત્રી ખંભાત નિવાસી (હાલ - અંધેરી) | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **આદિત્ય — ડોલી** | | |
| શ્રી સુનીલભાઈ ધીરજલાલ ગોસલીયાના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ - બોરીવલી) | | |
| શ્રી કુમારભાઈ પન્નાલાલ રોલીયાની સુપુત્રી ભાભર નિવાસી (હાલ - બોરીવલી) | ૨૫૧ | ૨૫૧ |
| **કરણ — કરીશ્મા** | | |
| શ્રી વિરેનભાઈ પ્રાણલાલ વસાના સુપુત્ર પાટણ વાવ ધોરાજી નિવાસી (હાલ - બોરીવલી) | | |
| શ્રી કૌશિકભાઈ પ્રાણલાલ દોશીની સુપુત્રી રાણપુર નિવાસી (હાલ - બોરીવલી) | ૫૦૧ | ૫૦૧ |
| **રોનક — ડિમ્પલ** | | |
| સ્વ શ્રી પ્રકાશભાઈ હરકિશનભાઈ કામદારના સુપુત્ર રાજકોટ નિવાસી (હાલ - પેડર રોડ) | | |
| શ્રી રાજેશભાઈ નગીનદાસ શાહની સુપુત્રી બોટાદ નિવાસી (હાલ - વસઈ) | ૫૦૧ | ૫૦૧ |

| મંથન | સૃષ્ટિ | | |
|---|---|---|---|
| શ્રી અતુલભાઈ હર્ષદરાય દોશીના સુપુત્ર બોટાદ નિવાસી (હાલ -બોરીવલી) શ્રી કલ્પેશભાઈ હરીલાલ ગોસલીયાની સુપુત્રી નાગનેશ નિવાસી (હાલ - કાંદિવલી) | | ૧૧૧૧ | ૧૧૧૧ |
| અમીષભાઈ દિનેશચંદ્ર શાહના એકાસણા વર્ષીતપના તપશ્ચર્યા નિમિત્તે સુરેખાબેન દિનેશભાઈ શાહ તરફથી વઢવાણ નિવાસી (હાલ - કાંદિવલી) | | ૫૦૧ | |

## પ્રભુતામાં પગલાં

| યશ- જિનલ | | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|---|
| શ્રીમતી હિનાબેન ઈલેશભાઈ હસમુખલાલ સંઘવીના સુપુત્ર લીંબડી નિવાસી (હાલ - મુંબઈ) શ્રી પ્રદીપભાઈ કીર્તિભાઈ શાહની સુપુત્રી લોધરા નિવાસી (હાલ - મુંબઈ) | | ૨૫૦૧ | ૨૫૦૧ |

## સમાચાર સંકલન

**શ્રી મુંબઈ જૈન પત્રકાર સંઘ**

મુંબઈ જૈન પત્રકાર સંઘના એવૉર્ડ વિજેતાઓનાં નામની જાહેરાત

મુંબઈ જૈન પત્રકાર સંઘ ૩૦ વર્ષ જૂની સંસ્થા અને ૨૦ વર્ષથી ચારે સંપ્રદાયના જૈન પત્રકારોને પ્રોત્સાહન મળે તેના માટે એવૉર્ડ આપી સન્માનિત કરવામાં આવે છે. સન ૨૦૨૦-૨૦૨૧ના એવૉર્ડ વિજેતાઓનાં નામોની જાહેરાત કરવામાં આવી છે.

(૧) શ્રીમતી ઋક્ષ્મણીબેન દીપચંદ ગાર્ડી ''વિદ્યાવારિધિ એવોર્ડ -(૧) **દુર્લભરત્ન વિનોબા ભાવે - સંધ્યાબેન શાહ** (૨) કલાને સંગ હૃદયનો ઉમંગ - શ્રેણિક વિદાણી - સુરત (૩) ભગવાન મહાવીરે પ્રબોધેલી - જિતેન્દ્રભાઈ વિરવાડીયા

(૨) શેઠશ્રી નવિનચંદ્ર ડી. મહેતા 'નવિન કોકિલ એવૉર્ડ વર્તમાન યુગ ઓર નારી - ડૉ. રેણુકાબેન પોરવાડ

(૩) શ્રેષ્ઠી પુખરાજજી બાફના - શેઠ ચુનીલાલ બાફના ચે. ટ્રસ્ટ (૧) આવતું વર્ષ કેવું જશે - ગુણવંતભાઈ બરવાળિયા (૨) નવા વર્ષના શુભારંભ - લલિતભાઈ રાઠોડ

(૪) જસ્ટિસ ગુમાનમલ લોઢા ફાઉન્ડેશન ચૅરિટેબલ ટ્રસ્ટ - ગુરુ ગૌતમ સરખી કુતૂહલતા અને વિલાપ - ડૉ. સેજલ શાહ

(૫) શ્રીમતી જેઠીબેન ચીમનલાલ મુલચંદ શેઠ ચૅરિટેબલ ટ્રસ્ટ ધર્મી - અધર્મી સંવાદના રૂપમાં કવિતા - ડૉ. અરુણાબેન પારેખ

(૬) શ્રીમતી રેવાબેન તારાચંદ દોલતચંદ શાહ ચૅરિટેબલ ટ્રસ્ટ (૧) તારે તે તીર્થ - હિંમતભાઈ ગાંધી (૨) પ્રશ્નોત્તર રત્નમાલા - સુબોધિબેન મસાલિયા

(૭) પેથાણી ચૅરીટેબલ ટ્રસ્ટ - સર્વોત્તમ સાધર્મિક ભક્તિ - પારસકુમાર પી. મહેતા - સુરત

(૮) નૈનમલ વિનયચંદ્રજી સુરાણા ચૅરિટેબલ ટ્રસ્ટ - સર્વેષભાઈ વોરા

વિશિષ્ટ સન્માન : જવાહરલાલ મોતીલાલ શાહ
રજનીશભાઈ શાહ - સુરત

**ઝાલાવાડી સભા મહિલા મંડળ - મુલુંડ**

**પ્રોગ્રામ**

**રાજસ્થાન યાત્રા પ્રવાસ**

આ ટુરનું તા. ૬-૩-૨૦૨૨થી ૧૩-૩-૨૦૨૨ એમ આઠ દિવસનાં પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૬ મેમ્બર્સ આવેલ હતા. સમગ્ર યાત્રા પ્રવાસ ૨×૨ AC ટ્રેન, ૨×૨ AC બસ તેમ જ AC ધર્મશાળામાં કરવામાં આવ્યો હતો. આ પ્રવાસની શરૂઆત બાંદ્રાથી આબુરોડ ઊતરી કેસરિયાજીથી થયેલ હતી. ત્યાર બાદ ચિત્તૌડગઢ, ઉદયપુર, કુંભલગઢ, રાણકપુર, મુછાળા મહાવીર, ભેરૂતારક, પાવાપુરી, જીરાવલ્લા પાર્શ્વનાથ અને અંબાજી મંદિર સુધી દર્શન કરી ફરી પાછા આબુરોડથી મુંબઈ પરત ફર્યા હતા. દરેક જગ્યાએ રળિયામણું વાતાવરણ, અત્યંત મનમોહક દેરાસરો, સહુને સેવા-પૂજા તેમ જ મનમૂકીને ફરવાની ખૂબ જ મજા આવી હતી. કુંભલગઢમાં તો બહેનોએ ૪૦૦૦ મીટર સુધી ઉપર ચઢી ખૂબ જુસ્સો અને જોમ દાખવ્યા હતા. દરેક સ્થળોએ ગાઈડ સાથે રાખ્યો હોવાથી ઝીણી ઝીણી માહિતીથી આ પ્રવાસ યાદગાર બન્યો.

શ્રી યશ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના ધર્મેશભાઈ અને દિનેશભાઈએ ખૂબ જ સુંદર આયોજન કરેલ.

ખૂબ આનંદ માણતાં, સુંદર મીઠી યાદો સાથે ખુશી ખુશી ફરી મળવાનો કોલ દઈ સૌ છૂટા પડયા.

સમગ્ર ટુરને સફળ બનાવવામાં પ્રમુખ લતાબેન ખાટડિયા, હીનાબેન પારેખ તેમ જ સર્વે કમિટી મેમ્બર્સે ખૂબ ખૂબ જહેમત ઊઠાવી હતી.

**શ્રી ઝાલાવાડી મહિલા મંડળ, મુલુંડ ચોથો પ્રોગ્રામ...**

શ્રી પરેશ રાવલ અભિનિત, સામાજિક મુવી 'ડિયર ફાધર' તા. ૨૨-૦૩-૨૦૨૨નાં મુલુંડ કાર્નિવલ સિનેમા R-Mall ખાતે દેખાડવામાં આવ્યું હતું. જેમાં મેટિની શોમાં બહેનોએ ઉત્સાહભેર આવી આ પિક્ચર માણ્યું હતું.

⌘⌘⌘

નામ મારું વાવું અને બને કે
નામ તારું નીકળે...
ક્યાંક સંબંધ વાવું તો
ઋણાનુબંધ પણ નીકળે....
(સત્યઘટના)

'સાહેબ, મને એક ફોર્મ આપશો..? મારે પી.ટી.સી.માં એડમિશન લેવું છે..'


૧૭ વર્ષના મહેશ નામના કિશોરે વિનંતી કરી. સાહેબ એટલે ક્લાર્ક. સૌરાષ્ટ્રનાં નાના શહેરોમાં હજી ખુરશીમાં બિરાજમાન કોઈપણ સરકારી કર્મચારીને 'સાહેબ' કહીને સંબોધવાનો રિવાજ આજે પણ છે. ક્લાર્કની ખુરશીમાં બેઠેલા માણસે એક પણ શબ્દ બોલ્યા વગર એક પ્રિન્ટેડ એડમિશન ફોર્મ કાઢીને કિશોરના હાથમાં થમાવી દીધું. પછી એણે જોયું કે છોકરો પેન લાવવાનું પણ ભૂલી ગયો હતો, એટલે તેણે ડાબી તરફના ભીંતની પાસે ગોઠવેલું લાકડાનું ઊભું ચોરસ કાઉન્ટર તેના તરફ ચીંધી દીધું. ત્યાં દોરીથી બંધાયેલી એક સસ્તી, સરકારી પેન પણ લટકતી હતી. છોકરો સમજી ગયો કે સાહેબ શા માટે માત્ર ઈશારાઓથી કામ ચલાવી રહ્યા હતા. ક્લાર્કના ગલોફામાં તેજપત્તી તમાકુવાળું પાન જમાવેલું હતું. બોલવા જાય તો જમાવેલું પાન ખળભળી જાય એવું હતું..! છોકરો ૧૫ મિનિટ પછી ફોર્મમાં બધી વિગત ભરીને પાછો ફર્યો અને કહ્યું..

'લો સાહેબ..! એક નજર મારી લો, ક્યાંય મારી ભૂલ તો નથી થતી ને..?'

ક્લાર્કે નજર મારવી શરૂ કરી. નામ: મહેશ શાંતિલાલ, (સરનેમ છોકરાએ તો લખી હતી પણ હું નથી લખતો, કારણ કે એ જરૂરી નથી) ઉંમર: ૧૭ વર્ષની, સરનામું: મંગાવેલાની ચાલી, ઓરડી નંબર

# સહૃદયી ડૉક્ટર

૪, જી.આઇ.ડી.સીની સામે, શહેરની બહાર... ક્લાર્કની નજર સરતી સરતી, હવામાં તરતી, વિગત ઉપર ફરતી અચાનક એક જગ્યાએ અટકી ગઈ. ત્યાં લખેલું હતું.. 'છેલ્લી પરીક્ષામાં મેળવેલા ગુણ: ૯૨.૯૫% એ સાથે જ ક્લાર્કનું મોઢું ખુલ્લું થઈ ગયું. તમાકુવાળા રસના બિંદુઓ બહાર



છલકાઈ આવ્યા. આઘાત અને આશ્ચર્યના પડીકામાં લપેટાયેલો પ્રશ્ન બહાર ફેંકાયો... '૯૨-૯૩ ટકા માર્કસ..?!? એ પણ બારમા ધોરણમાં..?!? અને એ પણ વિજ્ઞાન પ્રવાહમાં..? છોકરા, તને તો ડૉક્ટરીમાં એડમિશન મળી જાય એવું છે. તું પી.ટી.સી. માં દાખલ થવા શા માટે આવ્યો છે..?'

જવાબમાં મહેશની આત્મકથાનો એક નાનકડો ટુકડો ખરી પડ્યો..

'મારા ફાધર જી.આઇ.ડી.સી માં એક ફૅક્ટરીના વૉચમૅન છે. પગાર રોજમદારી ઉપર મળે છે. મહિનામાં વિસેક દિવસ માંડ ભરાય છે. ચોપડામાં તો 'લઘુતમ વેતન ધારા' પ્રમાણે આંકડો લખવામાં આવે છે, પણ મળે છે રોજના ૭૫ રૂપિયા. મારે તો ડૉક્ટર જ બનવું હતું. એટલા માટે તો આટલી મહેનત કરી હતી, પણ મારા બાપુજીએ કહ્યું ત્યારે સમજાયું કે સપનાના વાવેતર માટે નાણાંના ખાતર-પાણીની જરૂર પડે છે..'

છેલ્લું વાક્ય સાંભળીને ક્લાર્કના કાન ઊંચા થઈ ગયા..

'છોકરા, તું તો સાહિત્યકાર જેવું બોલે છે..!' મહેશ હસ્યો...

'મારે ગુજરાતી વિષયમાં પણ ખૂબ સારા માર્ક્સ આવ્યા છે. માર્કશીટ બતાવું..?'

ક્લાર્ક તો મહેશની માર્કશીટ વાંચીને સ્તબ્ધ થઈ ગયો. આટલા માર્કસ તો એણે સપનામાંયે વિચાર્યા ન હતા. એ મનમાં બબડ્યો.. 'ગમે તે થાય, પણ આ છોકરો ડૉક્ટર બનવો જ જોઈએ. જો કોઈ સજ્જન દાતા આ છોકરાના અભ્યાસનો ખર્ચો ઉઠાવવા તૈયાર થાય તો...'

પણ આવો દાતા શોધવો ક્યાંથી..? એ માટે તો કોશિશ કરવી પડે. પણ કહેવાય છે કે 'કોશિશ કરનેવાલો કી કભી હાર નહીં હોતી..' તો પછી આ પાનની દુકાનની હાર કેવી રીતે થાય..? ક્લાર્કના દિમાગમાં વીજળીનો ચમકારો થયો. એણે ટેબલ ઉપર પડેલા સરકારી ટેલિફોનનું રિસિવર ઉઠાવ્યું અને એક નંબર ડાયલ કર્યો. થોડી વાર સુધી રિંગ સંભળાતી રહી, પછી કોલ રિસિવ થયો. એક અવાજ સંભળાયો.. 'હલ્લો..'

'કોણ..? ડૉક્ટર નિખિલેશભાઈ..?'

'યસ, સ્પીકિંગ, તમે કોણ..?'

'હું... મારી વાત જવા દો ને સાહેબ, મારી સામે બેઠેલા આ છોકરાનું કંઈક કરો ને. એનું નામ મહેશ છે. એના પિતાની આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નબળી છે, પણ

આ છોકરો તેજસ્વી છે. ચીંથરે વીંટેલું રતન છે, સાહેબ..!

એ શિક્ષક બનવા માટે એડમિશન લેવા...'

પાનની શિકરો વચ્ચેથી મહેશની કરુણ કથા ટેલિફોનના દોરડામાં ઠલવાતી રહી. વાત પૂરી થઈ ત્યારે સામેથી માત્ર એટલું જ સંભળાયું...

'એ છોકરાને અત્યારે જ મારા ક્લિનિકમાં મોકલી આપો. આવા બ્રિલિયન્ટ વિદ્યાર્થીને ડૉક્ટર બનતા કોઇ રોકી નહીં શકે. કોહિનૂર ભલે ખાણમાંથી નીકળતો હોય, એ એની નિયતિ છે, પણ એની મંઝિલ તો સમ્રાટના મસ્તક પર શોભતા તાજ હોય છે. તમે ચિંતા કરવાનું છોડી દો.'

ડૉક્ટર નિખિલેશ દેસાઈ સુરેન્દ્રનગરમાંથી એક સેવાભાવી ખાનદાનના ક્યારામાં ખીલેલું સાત્વિક ગુલાબ. એમના નામ સાથે મારે પોતાની અંગત સ્મૃતિઓ પણ જોડાયેલી છે, પણ એ માટે મારે ચાળીસેક વર્ષ પહેલાંના ભૂતકાળમાં પહોંચી જવું પડશે.

૧૯૭૬-૭૭નું વર્ષ હતું. જામનગરનું મેડિકલ કૅમ્પસ છોડીને બહાર નીકળવાની અણી પર હતો ત્યારે નિખિલેશ દેસાઈ નામનો સ્ટુડન્ટ ફર્સ્ટ યરમાં પ્રવેશતો હતો. એક રીતે જોવા જાવ તો મારે ને એને કોઈ મિત્રતા બંધાવાનો સવાલ જ પેદા થતો ન હતો, પણ અમારા કૅમ્પસની વાત જ અનોખી હતી. ૮ બૉયઝ હોસ્ટેલમાં વસતા લગભગ ૮૦૦ થી ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ એક બૃહદ પરિવારના સભ્યોની જેમ જીવતા હતા. એકબીજાને નામથી ભલે ન ઓળખતા હોઈએ પણ કૅમ્પસમાં હરતા-ફરતા હોઈએ ત્યારે સિનિયર-જુનિયર કોઈપણ વિદ્યાર્થી સામે મળી જાય તો 'કેમ છો પાર્ટનર..?' કહેવાનો વહાલ-ભર્યો વિવેક ન ચૂકીએ. આવો જ એક સંબંધ નિખિલેશ જોડે પણ બંધાઈ ગયો હતો. ત્યારે હું એને નામથી પણ ઓળખવા લાગ્યો હતો. છોકરો તેજતર્રાર હતો, વાચાળ હતો, હસમુખો હતો, મળતાવડો હતો. એકાદ વર્ષ પછી અમે છૂટા પડી ગયા હતા. એ પછી ત્રીસેક વર્ષે અચાનક અમે મળી ગયા હતા. મારા એક કાર્યક્રમ માટે હું સુરેન્દ્રનગર ગયો હતો. ત્યાં એક મિત્ર મને એક સેવાભાવી સજ્જનના ઘરે લઈ ગયા હતા. હું એ વડીલની સાથે વાર્તાલાપ કરતો હતો ત્યારે એમનો દીકરો બહારથી ઘરમાં પ્રવેશ્યો. પિતાએ પરિચય કરાવ્યો..

'આ મારો દીકરો, એ પણ ડૉક્ટર છે, તમારી જેમ. એનું નામ...'

'રહેવા દો, વડીલ.. નામ હું જાણું છું.. નિખિલેશ જ ને..?'

મારા સવાલ સાથે જ હું અને નિખિલેશ ભેટી પડ્યા. ૩૦ વર્ષ પહેલાં શરૂ થયેલી દોસ્તી નામની નવલકથાનો બીજો ભાગ શરૂ થયો. એ વાતને પણ બીજો એક દાયકો વીતી ગયો. હમણાં થોડાક દિવસો પહેલાં ફરીથી સુરેન્દ્રનગર જવાનું બન્યું. આ વખતે 'ઈન્ડિયન મેડિકલ એસોસિએશન..' તરફથી આમંત્રણ મળ્યું હતું. મારો સહાધ્યાયી ડૉક્ટર પ્રફુલ ઝિંઝુવાડિયા સુરેન્દ્રનગરના મેડિકલ એસોસિએશનનો પ્રેસિડેન્ટ બન્યો હતો. વક્તા તરીકે હું હતો. હું જાણીજોઈને કાર્યક્રમના નિર્ધારિત સમય કરતા એકાદ કલાક વહેલો પહોંચી ગયો હતો. સુરેન્દ્રનગરમાં રહેતા વાર્તાકાર મિત્ર બકુલ દવેનું પ્રેમભર્યું આમંત્રણ હતું..

'શરદભાઈ, આ વખતે તો મારા ઘરે પધારવાનું જ છે. મારા વયોવૃદ્ધ બા તમને બહુ વાંચે છે..'

મેં કહ્યું..

'હું આવીશ. મિત્રને મળવા માટે કદાચ સમય ન મળે, તો પણ મિત્રની બા ને પ્રણામ કરવા માટે તો મારી પાસે સમય હશે જ..'

હું જ્યારે બકુલ દવેના ઘરમાં બેસીને વાર્તાગોષ્ઠી કરી રહ્યો હતો ત્યારે એક સજ્જન અણધાર્યા પધાર્યા.. બકુલ દવેએ તેમની ઓળખાણ કરાવી..

## આરત

દુ:ખના અંકોડા અમને ચારે બાજુથી ભીડી વળે, કેમે કરતાં મુશ્કેલી અને પીડાનો પાર જ ન આવે, ત્યારે અમે બોલી ઊઠીએ છીએ : આ તે અમારાં ક્યા કર્મ ? આ જન્મે તો મેં કોઈ પાપ નથી કર્યું, કોઈનું બૂરું નથી ચિંતવ્યું મને શા સારુ આટલી મોટી સજા મળવી જોઈએ ?

અમે યાંત્રિક, નિર્જીવ, સ્વાર્થી બનીને જીવ્યાં છીએ. બીજાની આંખોની વેદના જોવાનો અમને સમય મળ્યો નથી. તેમના હૃદયની વ્યથા સાંભળવાની વેળા મળી નથી. કદાચ તકલીફ જાણી હોય તો તે જોઈ-ન-જોઈ કરી છે. મદદ ન કરવા માટે જાત સાથે બહાનાં કાઢ્યાં છે.

પ્રેમ અને અનુકંપાથી અમે કોઈના આંસુ લૂછ્યાં નથી. તનથી, ધનથી કે મનથી ઘસાયાં નથી. પોતાનાં ને પારકાં વચ્ચે હંમેશા ભેદ કર્યા છે.

ધન, પ્રતિષ્ઠાને માન આપ્યું છે અને અકિંચનોને અવગણ્યા છે માણસનો માણસ તરીકે આદર કર્યો નથી.

કયા મોંએ અમે કહીએ કે અમે કોઈ દિવસ કાંઈ બૂરું કર્યું નથી ? દુષ્કૃત્યો કરવાં એ અપરાધ છે તો સત્કૃત્યો ન કરવાં તે પણ અપરાધ જ છે.

'આ મારા મિત્ર છે. સાહિત્યપ્રેમી જીવ છે. તમે આવવાના છો એવી ખબર પડી એટલે તમને ખાસ મળવા માટે... એ પણ ડૉક્ટર જ છે. અને નામ....'

'નામની મને ખબર છે, ડૉક્ટર નિખિલેશ દેસાઈ...'

એક દાયકા પૂર્વે બોલાયેલો સંવાદ ફરી પાછો બોલાઈ રહ્યો. એક દાયકા પહેલાંનું દશ્ય પણ ફરી પાછું ભજવાઈ ગયું. હું અને નિખિલેશ પ્રેમથી ભેટી પડ્યા. વાતમાંથી વાત નીકળતી રહી. એકબીજાની પ્રવૃત્તિઓ વિશે જાણકારીની આપ-લે થતી ચાલી. એમાંથી પેલા વૉચમૅન પિતાના તેજસ્વી દીકરા મહેશની વાત નીકળી. એ વાતમાં મને રસ પડ્યો..

'વાહ..! પછી એ છોકરો તમારી પાસે આવ્યો ખરો..? તમે એનું શું કર્યું..? મદદ કરી કે નહીં..?'

ડૉક્ટર નિખિલેશ દેસાઈએ જે જવાબો આપ્યા તેમાંથી ગુજરાતના કરોડો લોકોને શીખવા મળે તેવું માર્ગદર્શન મળી આવ્યું. ડૉક્ટર નિખિલેશ દેસાઈએ મહેશને કહી દીધું...

'તું મેડિકલ કૉલેજમાં પ્રવેશ મેળવી લે, પૈસાની વ્યવસ્થા હું કરાવી આપું છું..'

અને મહેશને સરકારી મેડિકલ કૉલેજમાં પ્રવેશ મળી ગયો. કોલેજની ફી, હોસ્ટેલની ફી, મેસનું બિલ, ચા-નાસ્તાનો ખર્ચો તથા અન્ય ખર્ચાઓનો સરવાળો ૧૦ મહિનાનો ૮૦૦૦ રૂપિયા જેવો થતો હતો. બે મહિના વેકેશનના હતા નિખિલેશ દેસાઈએ એમના જ વર્તુળના ૨૦ મિત્રોને વિનંતી કરી.

'તમારે આખા વર્ષમાં ફક્ત એક જ વાર માત્ર ૩૦૦૦ રૂપિયા દાન સ્વરૂપે આપવાના છે. એક ગરીબ, તેજસ્વી વિદ્યાર્થીના ભવિષ્યનો સવાલ છે. બોલો, આપી શકશો..?'

બધાએ હા પાડી દીધી. આજના સમયમાં ૩૦૦૦ રૂપિયા તો એક ફૅમિલી રેસ્ટોરન્ટમાં ડિનર કરવા જાય છે તો પણ ખર્ચાઈ જાય છે. સાડાચાર વર્ષ નીકળી ગયા. ગરીબ બાપનો દીકરો મહેશમાંથી હવે 'ડૉક્ટર મહેશ' બની ગયો છે. ઇન્ટરશિપ પૂરી કરીને એણે ગવર્નમેન્ટ નોકરી લઈ લીધી છે. સુરેન્દ્રનગર જિલ્લાના જ એક રૂરલ વિસ્તારના 'પ્રાઈમરી હેલ્થ સેન્ટર'માં મેડિકલ ઑફિસર બની ગયો છે. જેનો પિતા રોજના ૭૫ રૂપિયા માંડ કમાતો હતો એ ડૉક્ટર મહેશ હવે ૭૫,૦૦૦ રૂપિયા કમાતો થઈ ગયો છે. ડૉક્ટર મહેશ જ્યારે ડૉક્ટર નિખિલેશ દેસાઈને પગે લાગવા આવ્યો ત્યારે એમણે બે વાતોનું વચન માગી લીધું.

'બેટા, મને વચન આપ કે તારા માતા-પિતાને જીવનભર તારી સાથે રાખીશ..'

'રાખીશ...' ડૉક્ટર મહેશે વચન આપ્યું..

'અને બીજું વચન આપ કે ભવિષ્યમાં બીજા કોઈ મહેશનું ભણતર પૈસાના વાંકે અટકતું હોય તો તું એને મદદ કરીશ. વધારે નથી માગતો, પણ આખા વર્ષમાં બે-ત્રણ હજાર રૂપિયા...'

'સાહેબ, હું વચન આપું છું. તમે મારી કારકિર્દીની જ્યોત પ્રગટાવી આપી, એ જ રીતે હું પણ બીજી અનેક જ્યોત પ્રગટાવતો રહીશ.'

ડૉક્ટર નિખિલેશ દેસાઈ બોલી પડ્યા...

'વાહ..! તું તો લેખકના જેવું ગુજરાતી બોલે છે.

લેખક. ડૉ. શરદ ઠાકર

## સભ્યપદના લવાજમ સંબંધી સંસ્થાના વાર્ષિક સભ્યોને વિનંતિ

**સભાના વાર્ષિક સભ્યોને જાણ કરવામાં આવે છે કે ગયા વર્ષે સભ્યોનું લવાજમ ૨૦૨૧-૨૦૨૨ સુધીનું એક વર્ષનું લેવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૦-૨૦૨૧ નું લવાજમ કોવિડને કારણે લેવામાં આવેલ નથી, જે સભ્યો પાસેથી અગાઉ એક વર્ષનું એડવાન્સ લીધું હતું તેની સામે ઍડજસ્ટ કરવામાં આવેલ છે માટે હવે એપ્રિલ ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩ અને એપ્રિલ - ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ સુધીનું બે વર્ષનું સાથે ભરવું જરૂરી છે. બે વર્ષના રૂા. ૭૦૦/- ભરવાના રહેશે. નવા બનતા મેમ્બર્સ પણ બે વર્ષના લવાજમ ઉપરાંત રૂા. ૧૦૦/- દાખલ ફીના ભરવાના રહેશે. જેની નોંધ લેવા વિનંતી.**

**માનદ્ મંત્રીશ્રી**

# કાચી માટીના માનવી

**પ્રકાશ સોની**



ક્રોમિયમની ફ્રેમમાં મઢાયેલી મિલિંદની છબીને કપડાની ગડી વચ્ચે સાચવીને ગોઠવી બેગ બંધ કરતાં પહેલાં શોભાએ ભેંકાર ભાસતા મકાનની દીવાલો ફરતે એક નજર નાખી. આંખોમાં આંસુ સુકાઈ જતાં હતાં. પથ્થર બાંધ્યો હોય એમ પગ ઉપડવાનું નામ લેતા નહોતા. હૃદયના ખૂણે કંઈક કઠી રહ્યું હતું. કોઈ મોટી ભૂલ થઈ રહ્યાનો અંદેશો એના મનના દરવાજે ટકોરા મારી રહ્યો હતો. શા માટે ? શા માટે ?

કેટકેટલા કોડ લઈને તે આ ઘરમાં પરણીને આવી હતી ! ના નણંદ, ના ભોજાઈ. મોટી ઉંમરે જન્મેલો એકનો એક દીકરો એટલે ઘરમાં મિલિંદનો પડતો બોલ ઝીલાતો. આંખે બરાબર સૂઝતું નહીં તોય તારાબહેન હંમેશાં દીકરાને ફલાણું ખવડાવું અને ઢીંકણું પીવડાવું કર્યા કરે. રમણલાલ બિચારા સાદા ભોળા, તદ્દન ભગવાનનું માણસ. મરતાને મેર પણ ના કહે એવી એમની છાપ. બાપદાદા વખતની જામેલી પેઢી, વેપાર કે વહેવારમાં કોઈ ચાલાકી નહિ કરવાની. પૈસાની છૂટ હોવા છતાં ત્રેવડવાળો જીવ એટલે ગામમાં શાખ બહુ સારી. જરૂરિયાતવાળા માટે ગાંઠનું ઘસાય પણ ખરા. ન કોઈની ઈર્ષ્યા કે ન ક્યારેય કોઈને ખોટી સલાહ આપવાની એવો એમનો ઉમદા સ્વભાવ મિલિંદમાં પણ ઊતરી આવેલો.

ભલે ગાબટ જેવા નાના ગામમાં હતા પણ જ્ઞાતિમાં રમણલાલની સંસ્કારિતા અને સદ્ધરતાની ખ્યાતિ એવી કે અમદાવાદના જાણીતા બિઝનેસમેન જમનાદાસની નજરમાં એમબીએ ભણેલો મિલિંદ વસી ગયો અને શોભા ગામડે પહોંચી ગઈ.

ડબલ ગ્રેજ્યુએટ થયેલી વહુએ તો પહેલા દિવસથી પોતાનો જાદુ ચલાવી એની રૂઢિચુસ્ત સાસુ તારાબહેનને જીતી લીધા.

'છે કોઈને આટલી ભણેલી વહુ આટલા મલકમાં ? તોય બા બા કરતાં બિચારીનું મોઢું નથી સુકાતું. આ પેલી સામેવાળા હસમુખભાઈની વહુ એની સાસુને બા તો ઠીક નામ દઈનેય બોલાવતી નથી, જ્યારે જુઓ ત્યારે 'પેલી' કે 'ડોસી' - ફટમુઈ ક્યાંની !'

શહેરમાં ઊછરેલી મોટા ઘરની છોકરી, પણ જરાય ઉછાંછળાવેડા છે એનામાં ? બાપડી ડાહી છે. ભલે રસોઈ નથી આવડતી તો શીખી જશે. હજી નાની છે, ઘેર રસોયો હોય એટલે એને ક્યાંથી શીખવા મળ્યું હોય ? આમેય મારે ઘરમાં બીજું શું કરવાનું છે તે ? હોશિયાર છે એટલે ધીરે ધીરે ફાવી જશે.'

હવે તો તારાબહેન રમણલાલને અવારનવાર ટપારતાં : 'ઘરમાં ઢીંગલી જેવી વહુ છે તે હવે જરા બોલવા ચાલવા અને પહેરવા ઓઢવામાં ભાન રાખજો. ગમે ત્યારે આ થેપાળું ખસી જાય એ ન ચાલે હવે. બાથરૂમમાં જ કપડાં બદલવાનું રાખજો. આ શહેરની છે ને પાછી મોટા ઘરમાં ઊછરેલી એટલે એની મર્યાદા સાચવશો તો તમારો મલાજો જળવાશે.'

સાંભળી રસોડામાં કામ કરતી શોભા મરકતી.

એ ભલે તારા માટે વહુ હશે પણ મારે તો એ દીકરી જ છે સમજી ? એની વળી શી લાજ મર્યાદા પાળવાની ? ભગવાને આપણને શોભાના રૂપમાં દીકરી જ મોકલી આપી છે. મારા તરફથી તો એને જેમ રહેવું હોય; જેવાં કપડાં પહેરવાં ઓઢવાં હોય એની છૂટ છે. કૉલેજ ભણેલી છે તે એનેય જવાનીના શોખ પૂરા કરવાના અભરખા હોય કે નહિ ?' રમણલાલ ગાંજ્યા જાય એમ થોડા હતા ?

'સારું સારું હવે. બહુ વહુઘેલા થવાનીય જરૂર નથી, નકર પાછળથી માથે છાણાં થાપશે જોજો. ગામડા ગામમાં પહેરવા ઓઢવાનું ભાન નહિ રાખે તો સમાજ કાન કરડી ખાશે.'

ધર્મિષ્ઠ તારાબહેન અવારનવાર વૃંદાવન-હરિદ્વારની જાત્રાએ જવાનું ઊભું કરે ત્યારે વડીલોને એમના પ્રિય આશ્રમોમાં છોડી શોભા-મિલિંદ આસપાસનાં ટૂરિસ્ટ આકર્ષણોની મુલાકાત લઈ યુવા હૈયાંની હોંશ પૂરી કરી લેતાં. મોટા ઘરમાં ઊછરેલી શોભા માટે મસૂરી કે મનાલીની ખાસ નવાઈ નહીં પણ પતિ સાથે એ જ ચિરપરિચિત સ્થળો એને નવલો આનંદ આપતાં.

'ખરેખર હવે મિલિંદ પૂરેપૂરો ધંધો સંભાળી લે તો અમારે બે જણે હરિદ્વાર આશ્રમમાં જ આવીને વસી જવું છે - હવે થોડું પરભવનું ભાથું બાંધી લઈએ.'

શોભા એમને વચમાં જ ટપારે. 'બા,

આ બધું થોડા દિવસ માટે સારું લાગે પછી તો ધરતીનો છેડો ઘર જ યાદ આવે. અને અમારો વિચાર કરવાનો કે નહિ તમારે ? તમે અહીં રહો તો અમને ત્યાં શી રીતે ફાવે ? હવે તો કરુણા પણ બાની હેવાઈ થાય છે; એને અમદાવાદ મારા પપ્પાને ઘરે પણ ગમતું નથી, જાણો છો ને તમે ? કોણ જાણે તમને આવા ગાંડા વિચારો ક્યાંથી આવી જાય છે ?'

શોભાના સુખને જાણે કોઈની નજર લાગી હોય એમ એક ગોઝારા દિવસે મિલિંદના સ્કૂટર ઉપર રિવર્સમાં આવતી ટ્રક ચડી ગઈ અને મિલિંદ ગંભીર હાલતમાં હૉસ્પિટલ ભેગો થઈ ગયો. રમણલાલના માથે જાણે આભ તૂટી પડ્યું. તારાબહેન અડધાં પાગલ જેવાં થઈ ગયાં. જમનાદાસે તાત્કાલિક મિલિંદને અમદાવાદની જાણીતી હોસ્પિટલમાં ખસેડાવ્યો અને વિશ્વ સ્તરની સારવાર ચાલુ કરાવી. ત્રણ વરસની કરુણાને એની માસીના હવાલે સોંપી શોભા દિવસ રાત હોસ્પિટલમાં ધામા નાખી સતી સાવિત્રીની જેમ યમરાજ સામે ઝઝૂમી પરંતુ છ છ દિવસની દારુણ લડતના અંતે એક રાતે 'મારાં નોંધારાં માબાપના ઘડપણની લાકડી થઈ રહેજે' કહેતાં શોભાનો હાથ અને સાથ છોડી મિલિંદ અનંતની યાત્રાએ ચાલી નીકળ્યો.

અચાનક જ ઘા ખાઈ ગયેલા પરિવારના સભ્યો જાણે એકમેકથી અળગા અને અળખા થઈ ગયા. દિવસો વીતતા ગયા તેમ દીકરો ગુમાવ્યાનું દુઃખ તારાબહેનમાં વિકૃત સ્વરૂપ ધારણ કરવા લાગ્યું. રમણલાલ કે શોભાની લાગણીઓની પરવા કર્યા વિના એમની જુબાને ઝેર ઓકવાનું શરૂ કરી દીધું. એમના માટે દીકરો ગુમાવ્યાનો આઘાત વધારે કપરો હતો કે નજર આગળની બાળવિધવા વહુની અવદશા એ કળવું મુશ્કેલ હતું. પરંતુ એમની સંદિગ્ધ મનોદશા અત્યંત વરવા રૂપે પ્રગટ થવા લાગી. ક્યારેક રમણલાલ ઉપર તો ક્યારેક શોભા પર એમનો આક્રોશ વરસી પડતો. બિચારી શોભા વિધાતાને દોષ દેતી, એમના ઉપર સમસમીને બધું ઝેર પી જતી. છતાં ક્યારેક એનો પિત્તો જતો રહે ત્યારે સીધા સંઘર્ષનું નિર્માણ થઈ જતું.

ઘાણીમાં પીસાતા તલની માફક રમણલાલ આ બધું જોતા અને સહન કરતા. ક્યારેક તો ઘીના ઠામમાં ઘી પડી રહેશે એવા ઠાલા વિશ્વાસને પોષતા શાહમૃગ નીતિ અપનાવી પેઢી ભણી રવાના થઈ જતા. સંસ્કારિતાના ધૂમ્રપટલ ઓઠે ઓઝલ વહુના કુંઠિત અરમાનોની અબોલ વાચા એમના હૃદયને ડારી મૂકતી.

વચ્ચે વચ્ચે હળવી થવા વહુને એના પપ્પા સાથે રહેવા અમદાવાદ મોકલે પણ બેઉના જીવ એ પાછી ન ફરે ત્યાં સુધી ઉચાટમાં રહેતા. અઠવાડિયામાં પાછી ફરતી શોભા કો'કવાર પંદર દહાડા રોકાઈ જાય તો તારાબહેન રઘવાયાં થઈ જતાં. એમાંય રમણલાલ એકવાર શહેરમાં ગયેલા તો 'લાવ વહુની ભાળ લઈ આવું' કરી વેવાઈના ઘરે અણધાર્યા પહોંચી ગયા. ત્યાં શોભા અને કરુણાની સાથે એક અજાણ્યા યુવકને હીંચકે ઝૂલતો જોઈ એમની અનુભવી આંખોમાં કોઈ અગમ્ય અંદેશો ચમકી ગયો. વાતવાતમાં જોયું કે એ શોભાના દિલ્હીવાળા માસીનો દીકરો હતો; તોય પરપુરુષનો વિશ્વાસ કેમ કરાય એવી શંકાએ એમના મનમાં ઘર કરી લીધું.

ઘરે આવી એમણે તારાબહેનને વિશ્વાસમાં લીધા.

નાની બાળ વહુ આપણી દીકરી સમાન જ ગણાય. આપણી પોતાની દીકરી સાથે આવું થાય તો આપણે શું કરીએ ?'

'કરમની ગતિ ભોગવવી જ પડે.'

'આજના જમાનામાં એ બાપડીનો જન્મારો કેમ જશે ? આપણે તો આજે છીએ ને કાલે નથી ત્યારે કયો સમાજ એની વહારે આવવાનો ? આપણે એના માટે કાંઈક વિચારવું જોઈશે.'

તારાબહેન ચોંક્યાં.

'કેમ આપણી પાછળ આપણી મિલકતો નથી ? અને એના બાપનેય બે છોડીઓ જ છે તે એને ક્યાં કશું દખ પડવાનું છે કદી ?'

'તું સમજતી નથી. આજે જમાનો કેટલો ખરાબ છે જુએ છે ને તું ?' કાલે અજાણતામાં પગ બગ લપસ્યો તો કેટલું નીચાજોણું થશે એ દેખાય છે તને ?'

તારાબહેન એમનો ઈશારો પામી ગયાં, પણ સમાજમાં આબરૂના ધજાગરા વહોરી લેવાની એમની તૈયારી નહોતી.

'જો જો પાછા તમે કાંઈ ગાંડા કાઢતા. તમને તો ક્યાં સમાજની દરકાર છે તે ? આપણી કાંઈ નાતરિયા નાત થોડી છે ? આ વેવાઈના ઘેર જઈ આવ્યા તે એમણે કાંઈ કહ્યું છે કે શું ? એ તો પૈસાવાળા છે ને પાછા શહેરમાં રહે છે. એમને તો કોઈ શેહસંકોચ ના હોય પણ મારે તો જિંદગી અહીં ગામડાના લોકો વચ્ચે કાઢવાની છે એનું ભાન છે તમને ? લોક ચૂંટી ખાશે.'

'ખમ જરા. વેવાઈ તો મને મળ્યા જ નથી. હું તો ફક્ત ઊભાઊભ કરુણાને વહાલ કરીને આવતો રહ્યો છું. નાહકની એમનો દોષ જોઈ શંકાકુશંકા કરી પાપમાં પડીશ મા.'

જો કે તે દિવસથી તારાબહેનના દિમાગમાં વહુના દુઃખને હળવું કરવાનું વિચારબીજ આરોપાઈ ચૂક્યું હતું.

'ગમેતેમ તોય એ મારા વહાલા દીકરાની વિધવા છે. મારા ઘરની એકમાત્ર

વારસ છે. અમે ઘરડાં મૂઆં અડીખમ બેઠા છીએ અને એ બિચારી છત્તરવિહોણી થઈ ગઈ. અમારા સિવાય એનું કોણ આ દુનિયામાં ? એનો બાપ થોડો આખો જન્મારો બેસી રહેવાનો છે ? અને અમેય ખરતાં પાન. ભગવાન ક્યારે ઉપાડી લેશે કોને ખબર ! અમારી પાછળ એનો સહારો કોણ ? ભણેલી છે પણ એને બહારની દુનિયાનો શું અનુભવ ? લોકો એનો ખોટો લાભ લઈ જશે. દુનિયા નિર્દય છે અને નિર્લજ્જ પણ. એ બિચારી હોલા જેવીને કો'ક ભોળવી જાય તો એ શું કરશે ? અને અમારા છતેય કોઈ લલચાવી છેતરી જાય તો એની બિચારીનું જીવન રોળાઈ જતાં વાર ન લાગે. ના, ના. એના માટે જરૂર કાં'ક વિચારવું પડે. કશુંક અજુગતું બને એ પહેલાં જ એને સમજાવી કોઈ સારા છોકરા વેરે વળાવી દઈએ તો જ અમે એનાં સાચાં માબાપ ગણાઈએ. સમાજ કોઈના ઘરમાં કંઈ નાખી જવાનો નથી. લોક તો બે દહાડા વાતો કરી ભૂલી જશે.'

'પેલી શકરીનો દીકરો દેખાવડો છે અને પાડોશી રહ્યો તે અમારું પણ ધ્યાન રાખશે. શોભા-કરુણા પણ અમારી નજર હેઠળ રહેશે અને એમની અવરજવર ચાલુય રહેશે. ગરીબ ઘર છે એટલે સંબંધ ચોક્કસ ગોઠવાઈ જશે. શકરીનેય સારું બિચારીને; એની પાછલી જિંદગી સુખમાં જશે. આવો રૂપાળો રાય મેટ્રિક પાસ દીકરો હોવા છતાં કોઈ ગરીબ ઘરને પૂછતું નથી તે એનો મેળ પણ પડી જશે. અગાઉ આપણે એને ઘણી મદદ કરેલી છે, તે બે આંખની શરમ પણ નડશે અને કામ થઈ જશે.'

પિયરથી આવી એના બીજા જ દિવસે કરુણા બાજુવાળા ઘરે રમવા ગઈ ત્યારે એમણે શોભાને પોતાની પાસે બેસાડી સમજાવવાની શરૂઆત કરી.

'જો બેટા, અમે બે તો હવે આજ છીએ ને કાલ નથી. મિલિંદ ગયો છે ત્યારનો અમારો જીવ પણ હવે સંસારમાં રહ્યો નથી. મને તો એમ જ થાય છે કે હવે અમે બે હરિદ્વાર-ઋષિકેશ જઈ પ્રભુ ભજનમાં મન પરોવી બાકીનું આયખું પૂરું કરીએ. તારા બાપુજી તૈયાર થાય તો અમે મહિના બે મહિનામાં પેઢીનું કામ આટોપી ત્યાં અમારે લાયક કોઈ જગા શોધી કાઢીશું.'

શોભા માટે આ વળી નવો આઘાત હતો. 'અમને મૂકીને જતાં રહેશો બા ? પછી અહીં અમારું કોણ ? કરુણા તો હજુ શાળાએ જતી પણ નથી થઈ અને તમારે સંન્યાસ લઈ લેવો છે ? હજુ તો મિલિંદની વરસીય નથી વાળી !'

'પણ બેટા...'

'અને તમારે ખાલી તમારા દીકરાની જ સગાઈ હતી ? અમે તમારાં કાંઈ નથી તે અમને આમ નોંધારાં મૂકીને દૂર જતા રહેવાની વાત કરો છો ? અમે શું ખાશું પીશું ?' શોભાએ નારાજગી બતાવતાં પોતાનો અવાજ ઊંચક્યો.

'એમ નહિ બેટા. તમારા બે જણા માટે પૂરતી જોગવાઈ કરીને જ જઈશું. અને તું તો ભણેલી છે. આપણી પેઢીનું કામકાજ પણ જાણે છે. ઈચ્છે તો તું તારે તારી રીતે બધું સંભાળી લેજે ને ! માબાપ છીએ તે તારું હિત...'

'શું હિત, શું હિત ?' શોભા અકળાઈ, 'જુઓ બા, મિલિંદનું સ્વપ્ન હતું કે કરુણાને ભણાવી ગણાવીને જજ બનાવવી છે. તમે નહિ હોવ તો હું એના ભણતરમાં શી રીતે ધ્યાન આપી શકીશ ? આપણે લડશું ઝઘડશું તો પણ એક જ છીએ અને રહીશું. તમે ક્યાંય જવાનું વિચારશો પણ નહીં.'

'તું જરા શાંત થા દીકરા. મારા મનમાં કૈંક બીજું જ છે.' તારાબહેને મહાપરાણે હામ એકઠી કરી. 'તું જો અવળું ના સમજી લે તો કહું.'

શોભાના ઉત્સુક ચહેરા પર પ્રશ્નાર્થ દેખાતા અવળું જોઈ હિંમતથી કહી દીધું, 'તારા સસરા તને બીજે વળાવવા...'

શોભાએ એમના મોં પર પોતાનો હાથ દાબી દીધું. અવાચક તારાબહેન ગૂંગળામણ અનુભવી રહ્યાં. શોભાના ચહેરા પર ક્રોધ હતો કે આઘાત એ કળવું મુશ્કેલ બની રહ્યું. એ તુરંત ત્યાંથી ઊભી થઈ પોતાની રૂમ તરફ ભાગી. એનું મન ચકરાવે ચડી ગયું.

'મિલિંદની યાદો હજુ ઝાંખી સુધ્ધાં નથી થઈ ત્યાં તો આ લોકો મને બીજે પરણાવવા નીકળ્યા છે ! શું માણસની જિંદગીની આટલી જ કિંમત ? એય પાછાં માબાપ થઈને આવી વાત કરે છે ? હું ને મારી દીકરી હવે એમને ભારે તો નથી પડતાંને ? ના ના, એવો તો એમનો ઈરાદો નથી લાગતો. બધી મિલકત મને સોંપી, હરિદ્વાર જતા રહેવાની વાત કરે છે એટલે એવું તો ના જ હોય. ડોસી ગમે તેમ પણ જીવાળ છે અને બાપુજી તો સાવ ભગવાનનું માણસ. જિંદગીમાં કદી કોઈની સાથે દગો નથી કર્યો અને હવે મારી સાથે પોતાની દીકરી ગણી છે તે વહુ સાથે થોડી છેતરપિંડી કરવાના હતા ? કદાચ મારા ભલા માટે જ આવું વિચારતા હશે. વળી આવડો મોટો નિર્ણય લેતા પહેલાં એમણે મારા પિયરિયાંની પણ સલાહ લીધી હોવી જોઈએ. પપ્પા તો મારા હિતની જ વાત સ્વીકારે ને ?'

એ આખી રાત એણે પાસાં ઘસીને પૂરી કરી.

એના આશ્ચર્ય વચ્ચે બીજા દિવસે જમનાદાસ બાયડ પધાર્યા. રમણલાલે એમને પોતાના ઈરાદાનું કહેણ મોકલેલું તે એ બિચારા મારતી ગાડીએ આવી પહોંચ્યા. વેવાઈને હરિદ્વારનો વિચાર પડતો મૂકવા ઘણું સમજાવ્યા. છેવટે

શકરીબહેનના દીકરા મનોજવાળી દરખાસ્ત સાંભળી વિચારમાં પડી ગયા. વેવાઈના શુદ્ધ ઈરાદા ઉપર એમને સહેજે શંકા નહોતી.

'હવે એ તમારી જ દીકરી છે. તમને જે સૂઝે તે ખરું. તમે કંઈ થોડું એનું બૂરું વિચારવાના હતા ?'

બંને વેવાઈઓ ખાનગીમાં મનોજ પર નજર પણ નાખી આવ્યા. જો એનો મેળ પડે તો એને શહેરમાં પોતાની સાથે રાખીને ટેકો કરી ઊભો કરી દેવાય તેવો વિચાર પણ એમના મનમાં ઝબકી ગયો. કાલે શકરીબહેનના ઘરે વાત મૂકવાનો નિર્ણય લઈ બધા સૂઈ ગયા. વેવાણ પાસેથી શોભાને થોડા દિવસ પોતાની સાથે શહેર લઈ જવાની મંજૂરી પણ લઈ લીધી.

ના લાચાર હોવી જોઈએ, ના શર્મશાર હોવી જોઈએ,
જિંદગી તો બસ ખૂબસૂરત ને મજેદાર હોવી જોઈએ.

શક્ય છે, ક્યારેક પડે ધુવાંધાર દુઃખોના ધોધ જાત પર,
એને જીલી લે જીગરથી, એવી જોરદાર હોવી જોઈએ.

ઈર્ષાની આગમાં, ભલે જલીને રાખ થઈ જાય લાગણી બધી,
છતાં પણ જ્યારે જુઓ ત્યારે ખીલીખીલી સદાબહાર હોવી જોઈએ.

જો બંધિયાર રહેશે તો બદબો મારી જશે એકને એક દિવસ,
બે કાંઠે વહેતી નદી જેવી, નટખટ ને રમતિયાળ હોવી જોઈએ.

સૂતા જ રહેવું હોય શાંતિથી, તો પહોંચી જજો સ્મશાનમાં,
અહીં તો ધૂમધડાકા સાથે થોડી ધમાકેદાર હોવી જોઈએ.

'મિત્ર', મૃત્યુ પછી ભલે કોઈ યાદ કરે કે ના કરે, કોઈ ગમ નથી,
યાદ આવે ને ઊંઘ ઊડી જાય, એવી અસરદાર હોવી જોઈએ.

તારાબહેન અને રમણલાલ માટે એ રાત ઘણી લાંબી અને કપરી બની રહી. તારાબહેન મોડી રાત સુધી રડતાં રહ્યાં. વસ્તારનું દુઃખ એમને કોરી રહ્યું હતું. દુખિયારી વહુ એમની સાથે કેમ રહી ન શકે એ વિચાર એમને અકળાવી રહ્યો હતો. કેમેય કરી એને પોતાની પાસે જ રાખવા એમનું હૃદય દબાણ કરી રહ્યું હતું. કોઈ એમને લૂંટી જઈ રહ્યું હોય એમ લાગતું હતું. પરંતુ હવે તો પાસા ફેંકાઈ ગયા હતા. વહુ અને પૌત્રી એમના ઘરના થોડા જ દિવસના મહેમાન હતા. પછી આ ઘર, આ દુનિયા એમને કરડવા ધાશે. હરિદ્વારમાં પણ એમને શાંતિ મળશે કે કેમ એ એમને નહોતું સમજાતું. વહુ સાથે કરેલા ઝઘડાઓ માટે એમને હવે પારાવાર પસ્તાવો થઈ રહ્યો હતો. કોણ જાણે કેમ પણ રમણલાલે લીધેલા આ નિર્ણય માટે એ સ્વયંને ગુનેગાર લેખી રહ્યાં હતાં.

'મિલિંદ સ્વર્ગમાંથી શું વિચારતો હશે અમારા માટે ? સાપણ પણ મારા જેવી મા નહિ હોય. રે, મને આ શું સૂઝ્યું કે દેખતે ડોળે વહુને જાકારો આપી રહી છું ?'

અડધી રાતે ઊભા થઈ ઊંઘતી વહુની પાસે બેસી ક્યાંય સુધી એના માથા પર હાથ ફેરવતાં રહ્યાં. શોભા જાગતી હતી પણ આંખો બંધ કરી સાસુના પ્રેમભર્યા સ્પર્શનો અનુભવ કરતી રહી. છેવટે કરુણાના ગાલે હળવું ચુંબન કરી તારાબહેન પોતાના ઠેકાણે જઈ સૂઈ ગયાં.

સવારે બંને વેવાઈઓ વહેલા ઊઠીને શકરી-બહેનને ત્યાં જવા તૈયાર થઈ ગયા. ચા પાણી કરતાં જમનાદાસે શોભાને બેગ ભરી લેવા આદેશ આપ્યો.

'અમે જરા બહાર જઈને આવીએ પછી આપણે ઘેર જવા નીકળી જઈશું. બહુ મોડું ના કરતી. કરુણાને નવડાવીને તૈયાર રાખજે.'

શોભા સમજી ચૂકી હતી કે હવે એને આ ઘરમાં પાછું આવવાનું બનવાનું નથી. આ ઘર હવે નામનું જ એનું રહેવાનું છે. ન એ અહીં રહેવાની કે ન એના સાસુ-સસરા. એક ખાલીપો એના હૃદયમાં ભરાઈ ગયો. બેગમાં સામાન ભરતાં એને જૂની યાદો ઘેરી વળી.

સહસા એની નજર રમણલાલ ઉપર પડી. દુનિયાદારી નિભાવી રહેલા એ સાલસ વૃદ્ધ પુરુષના ચહેરા પર જામેલી હતાશાની ઝાંય એના હૃદયમાં ચિરાડો પાડી ગઈ. પાછલી રાતની સાસુની વણબોલી નિઃસહાયતા એને હચમચાવી ચૂકી હતી. મિલિંદના છેલ્લા શબ્દો એના કાનમાં પડઘાવા લાગ્યા.

'હે ભગવાન, હું આ શું કરી રહી છું ? આ ખરતાં પાનને સાચવવાની શું મારી કોઈ ફરજ નથી ? શું હું આટલી સ્વાર્થી, આટલી નિર્દય બની શકું ખરી ? આ મારાં માબાપ નથી ? શું આ જ મારા સંસ્કારો છે ?'

દોડતી એ રમણલાલને વળગી ચીસ પાડી ઊઠી: 'તમને બેને છોડીને હું કદી ક્યાંય જવાની નથી, બાપુજી. મારા પિયર પણ નહિ. મારા ભાગ્યમાં જો પતિસુખ હોત તો મિલિંદને જ શું કામ કાંઈ થાત ? કહેતાં એ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

જમનાદાસ ગર્વથી પોતાની જગદંબા સામે અપલક નેત્રે જોતાં હર્ષનાં આંસુ રેલાવી રહ્યા. ❖❖❖

**ગત અંકમાં ૧૧ લાખના ડોનરના નામો નીચે પ્રમાણે સુધારો કરી વાંચવા**

હેના જયભાઈ દોશી (પૌત્રવધૂ)
તન્વી મિનેષભાઈ દોશી (પ્રપૌત્રી)
અયાન શ્રેયસભાઈ દોશી (પ્રપૌત્ર)

# રેકી માસ્ટર



રોનક શાહ

જીવન જીવવાની મજા છેલ્લા શનિવારમાં.

એક દિવસ વહેલી સવારે એક બિઝનેસમૅને પોતાનો રેડિયો ઑન કર્યો.

આમ તો દરરોજ એ એટલો બધો બિઝી વ્યસ્ત રહેતો કે રેડિયો, ટી.વી. કે એવા અન્ય કોઈ મનોરંજનના સાધનોને એના જીવનમા સ્થાન જ નહોતું.

રાત-દિવસ પોતાના ધંધાના વિચારોમાં જ ખોવાયેલો રહેતો. એના બાળકો તેમ જ પત્ની એ પણ ભૂલી ગયાં હતાં કે છેલ્લે જોડે ભોજન ક્યારે લીધું હતું ?

પછી ફરવા જવાનો કે પિકનિકનો તો સવાલ જ ક્યાંથી આવે ?

એ શનિવારે એણે આમ જ રેડિયો શરૂ કર્યો હતો. ઘરના બાકીના સભ્યો હજી સૂતા હતા. જોકે રેડિયો સાવ અમસ્તો જ નહોતો શરૂ કર્યો !

હકીકતમાં એ વખતે એણે બહારગામના કોઈ બિઝનેસમૅન જોડે મિટિંગ રાખેલી.

કોઈ કારણોસર પેલાની ફ્લાઈટ કેન્સલ થઈ. એટલે હવે સવારના એક કલાકમાં શું કરવું એવી અવઢવમાં જ એણે રેડિયો ઑન કરેલો.

રેડિયો ઑન કર્યો ત્યારે એના પર કોઈ વૃદ્ધ માણસ એક હજાર લખોટીઓની વાત કરી રહ્યો હતો. એ માણસના અવાજમાં અને એની વાતમાં એવું કંઈક હતું કે બિઝનેસમૅનને ધ્યાનથી સાંભળવાની ઈચ્છા થઈ આવી. એ વૃદ્ધ માણસ રેડિયો પરથી ટોમ નામના પોતાના કોઈ મિત્રને સંબોધીને કહી રહ્યો હતો કે, ટૉમ, તું જ્યાં હો ત્યાંથી આ ક્ષણે જો મારી વાત સાંભળી રહ્યો હોય તો હવે પછી હું જે કંઈ કહું છું એના પર બરાબર ધ્યાન આપજે.

હું જાણું છું કે તું ખૂબ જ બિઝી (વ્યસ્ત) રહે છે અને અઢળક પૈસા કમાઈ રહ્યો છે, પરંતું તેં ક્યારેય વિચાર્યું છે કે એના કારણે તારે તારા ઘર અને કુટુંબથી કેટલો બધો વખત દૂર રહેવું પડે છે ?

ઘણોખરો વખત તું બિઝનેસ ટ્રીપ પર જ હો છો. તારા ઘરના આનંદના પ્રસંગોમાં પણ તું ગેરહાજર હો છો. તને યાદ હશે કે ગયા અઠવાડિયે તારી દીકરીના નૃત્યના કાર્યક્રમમાં તું હાજરી આપી શક્યો નહોતો, ખરુંને ? એ વૃદ્ધે બોલતા બોલતા થોડો વિરામ લીધો.

પેલા બિઝનેસમૅનને પણ હવે એની વાતમાં બરાબરનો રસ પડ્યો હતો. થોડુંક વૉલ્યુમ વધારી એ ધ્યાનથી સાંભળવા લાગ્યો.

રેડિયો પરથી પેલા વૃદ્ધે આગળ કહ્યું, +ટૉમ ! મારા ભાઈ ! હું તને એક એવી વાત કહેવા માગું છું કે જેણે મારી જિંદગી જ બદલી નાખી છે.

વાત એમ છે કે એક દિવસ મેં થોડુંક ગણિત માંડી જોયું. પુરુષની સરેરાશ ઉંમર પંચોતેર (૭૫) વર્ષની હોય છે. જોકે કેટલાક આનાથી વધારે તો વળી કેટલાક ઓછું પણ જીવતા હોય છે, પરંતુ સરેરાશ ઉંમર પંચોતેર વર્ષની હોય છે. હવે એ ૭૫ને ૫૨ વડે ગુણી નાખ્યા, કારણ કે એક વર્ષમાં ૫૨ શનિવાર હોય છે. ગુણાકાર આવ્યો ૩૯૦૦. એટલે કે આટલા શનિવાર સરેરાશ ૭૫ વર્ષ જીવતા માણસને એની આખી જિંદગી દરમિયાન મળે. (પરદેશમાં શનિવાર સૌથી આનંદનો દિવસ ગણાય છે, કારણ કે એના બીજા દિવસે રજા હોય છે !)

જ્યારે મેં આ હિસાબ માંડેલો ત્યારે મારી ઉંમર હતી ૫૫ વર્ષ ઉપર. એનો અર્થ કે એટલા વખત સુધીમાં હું લગભગ ૨૯૦૦ શનિવાર તો પસાર કરી ગયો હતો !

હવે જો હું ૭૫ વર્ષ સુધી જ જીવવાનો હોઉં તો મારી પાસે ફક્ત ૧૦૦૦ શનિવાર બચ્યા હતા !

એનો સાવ સાદો અર્થ એટલો જ કે મારી પાસે આનંદ અને રજાના માત્ર એક હજાર દિવસ જ બચ્યા હતા !

મને આઘાત લાગ્યો કારણ કે મારી પાસે મારા કુટુંબ અને મિત્રો સાથે ગાળવાના ફક્ત એટલા જ દિવસો બચ્યા હતા.

હું વિચારમાં પડી ગયો. ઘણો વખત વિચાર્યા પછી એ જ દિવસે ગામમાં જઈ, બેચાર સ્ટોરમાં રખડીને હું એક હજાર લખોટીઓ લઈ આવ્યો. એ લખોટીઓને મારા ટેબલ પર એક કાચની બરણીમાં ગોઠવી દીધી. દર શનિવારે હું એમાંથી એક લખોટી કાઢીને ફેંકી દઉં છું.

જેમ જેમ હું એ બરણીને ખાલી થતી જોઉં છું તેમ તેમ મને મારા મિત્રો, સગાં-વહાલાં અને કુટુંબીજનો માટે વધારે ને વધારે સમય ફાળવવાની ઈચ્છા થતી જાય છે. અગત્યના અને કરવા જેવાં કામોની મેં યાદી પણ બનાવી લીધી છે અને હા, તમારી જિંદગીના ઘટતા જતા દિવસોની સંખ્યા

તમને બાકીના દિવસોને જીવવા જેવા કઈ રીતે બનાવવા એ આપોઆપ સમજાવી દે છે !'

રેડિયો પર એકાદ ક્ષણ માટે શાંતિ છવાઈ ગઈ. પછી ફરીથી એ વૃદ્ધનો અવાજ આવ્યો, હા તો ટૉમ ! આજે મારી એ કાચની બરણીમાંથી મેં છેલ્લી લખોટી કાઢી ! મારા દોસ્ત ! આજે મને ૭૫ વર્ષ પૂરાં થયાં. અત્યારે હું મારી વહાલી પત્ની તેમ જ બાળકોને શહેરના મોટા અને આધુનિક રેસ્ટોરાંમાં નાસ્તો કરવા લઈ જવાનો છું. હવે મારી બરણી ખાલી છે.

હવે પછીનો દરેક શનિવાર મને ભગવાન તરફથી મળેલ ભેટ હશે.

હું ખરેખર ખૂબ જ આનંદથી જીવું છું. હું ઈચ્છું કે તું પણ તારા કુટુંબ સાથે આનંદથી જીવી શકે. એના લીધે પંચોતેરમાં વર્ષે શું ગુમાવ્યું એનો અફસોસ ન રહે ! તું એવું કરી શકે એના માટે તને મારી શુભેચ્છાઓ ! હું હવે રજા લઉં છું દોસ્ત ! બાય !'

રેડિયો પર વાર્તાલાપ પૂરો થયો.

એની અસર એવી હતી કે પેલો બિઝનેસમૅન ઊંડા વિચારમાં પડી ગયો.

થોડી વાર પછી એ ઊભો થયો. બેચાર ફોન કરી કંઈક વાત કરી પછી ઉપરના માળે જઈ પોતાની પત્ની તેમ જ બાળકોને ઉઠાડ્યા. બધાને નવાઈ લાગી.

કોઈ પણ વાર હોય, સવારના પાંચ વાગ્યામાં જ બિઝનેસની પળોજણમાં પડી જતાં એ માણસને આજે હળવા મૂડમાં જોઈ બધાને ખૂબ જ આશ્ચર્ય થતું હતું.

છતાં કંઈ પણ બોલ્યા વિના બધા તૈયાર થવા લાગ્યા. ઘરના બધા જ સભ્યો તૈયાર થઈને નીચે બેઠકખંડમાં આવ્યા એટલે બિઝનેસમૅને એમને કહ્યું કે એ દિવસે બધાએ શહેરની સારામાં સારી હોટલમાં નાસ્તો કરવા જવાનું છે અને એ પછી બાજુના દરિયાકિનારે પિકનિક પર !

ઘરની દરેક વ્યક્તિ આનંદના આઘાતમાં સરી ગઈ, પણ કોઈએ કંઈ જ દલીલ કરી નહીં. એમની જિંદગીમાં પ્રથમ વખત આવેલી એ પળોને દલીલોથી દુષિત કરવાની કોઈની પણ ઈચ્છા નહોતી.

બધા હોંશેહોંશે ગાડીમાં ગોઠવાયા. દરેકનો ચહેરો હસતો હતો. મનમાં કંઈક જુદા જ પ્રકારની ખુશી હતી. બજારમાંથી પસાર થતી વેળાએ એક સ્ટોર પાસે એ બિઝનેસમૅને ગાડી ઊભી રાખી. બધા ચૂપ થઈ ગયા. એની પત્નીથી ન રહેવાયું એટલે એણે પૂછી જ લીધું, કેમ તમારો વિચાર બદલી ગયો કે શું ? અહીંયા કેમ ઊભા રહી ગયા ?'

બિઝનેસમૅન થોડી વાર વહાલથી એની સામે જોઈ રહ્યો. પછી હસીને બોલ્યો, : 'નહીં વહાલી ! વિચાર નથી બદલ્યો ! આ તો મારે થોડીક લખોટીઓ ખરીદવી છે !'

*ડૉ. આઈ. કે. વીજળીવાળાના પુસ્તક મોતીચારોમાંથી*

## વ્યર્થ વાચાળતા



બેન્જામિન ફ્રેન્કલિન એ સાબુ અને મીણબત્તી બનાવનાર પિતાનાં ૧૭ સંતાનોમાંનું દસમું સંતાન હતા. માત્ર બાર વર્ષની ઉંમરે અભ્યાસ છોડીને એમના ભાઈના પ્રેસમાં શિખાઉ કારીગર તરીકે જોડાયા અને પછી આ વ્યવસાય અર્થે પહેલાં ફિલાડેલ્ફિયા અને ત્યાર બાદ લંડનમાં કામ કર્યું. બેન્જામિન ફ્રેન્કલિન પગ વાળીને બેસે એવો નહોતો, આથી એણે ચલણી નોટો છાપનાર તરીકેનું કામ શરૂ કર્યું. તહેવારો અને મહત્ત્વની પ્રસંગોની માહિતી આપતું અને એ તારીખોની ખાલી જગામાં ઉદ્યમ અને ડહાપણનો મહિમા દર્શાવતી શિખામણો આપતા કૅલેન્ડર છાપવા લાગ્યો.

આ વાચાળ યુવાન એક પછી એક કાર્યો કરતો રહેતો. એણે એક અગ્નિશામક વિભાગની સ્થાપના કરી. લૅન્ડિંગ લાઈબ્રેરી ઊભી કરી અને એક અકાદમી પણ સ્થાપી, જે સમય જતાં પેન્સિલ્વેનિયા યુનિવર્સિટીમાં ફેરવાઈ. આવા કેટલાંય કામો કરનાર બેન્જામિન ફ્રેન્કલિન પોતાની વાતને ખૂબ દ્રઢતાપૂર્વક રજૂ કરતો અને સતત બોલીને બીજાઓ પર છાપ પાડવાનો પ્રયાસ કરતો.

સામી વ્યક્તિની વાત શાંતિથી સાંભળવાને બદલે પોતાની વાત જ કરે જતો અને એથી કેટલાક લોકો એની વાચાળતાથી કંટાળીને એને સામેથી આવતો જુએ એટલે રસ્તો બદલી નાખતા. એક વાર બેન્જામિન ફ્રેન્કલિનના મિત્રે એને એની આ ક્ષતિ સમજાવી. એણે કહ્યું કે તમારી પાસે આગવી કાર્યશક્તિ હોવાથી આવી વાચાળતાનો આશરો લેવાની જરૂર નથી. તમારી વાચાળતા જ તમારા માટે અણગમો પેદા કરનારી બની છે.

બેન્જામિન ફ્રેન્કલિન મિત્રની એ સલાહ સ્વીકારી અને એણે જીવનમાં મૌનનો મહિમા કર્યો. બીજાની વાત શાંતિથી સાંભળવાનું ધૈર્ય કેળવ્યું. પરિણામ એ આવ્યું કે બેન્જામિન ફ્રેન્કલિન વિજ્ઞાની તો થયો, પરંતુ અમેરિકાને સ્વતંત્રતા આપનાર કુશળ મુત્સદ્દી પણ બન્યો.

# પરીલોક



જગદીશચંદ્ર ત્રિવેદી

દૂર અને લાંબો દેખાતો રસ્તો સાવ ટૂંકો લાગ્યો ! નાના પગ વડે દોડીને સીડી, ચડીને ઈસ્ત્રી માટેનાં કપડાં રામજીકાકાને ગણીને આપી આવતો ! એ સીડી સાવ રમકડાંની હોય એવી લાગી ! બાજુમાં રામજીમંદિરના વડવાઈની જટાના ફિંડલાવાળા અલમસ્ત તપસીબાપુ આવતા-જતા ભક્તોને નીરખતા દેરીમાં સ્થિર મૂર્તિ થઈ બેઠા છે ! ઝાલરો, નગારાં ગુમ છે ! ગૂગળના ધૂપ જેવુ બચપણ સુગંધસમેત સમેટાય છે ચિત્ત પર !

હમણાં ભાઈ સાથે માને મળવા જવાનું થયું ! જીવને જાતરા કરાવવાનું સાનંદ નિમિત્ત બન્યું !

નિશાળેથી છૂટીને દફતર-પાટી ફગાવીને વળગી પડતો માને ! ને એ ઝાઝું ઘી ચોપડી, ગોળ લગાવી ગરમા-ગરમ રોટલીનું ભૂંગળું બનાવી ભીની ભીની આંખે અભિષેક કરતી જમાડતી ! એ કામમાં જ રહેતી આખો દિવસ ! રાહ જોયા કરતી ડેલી ખખડવાની ! એ જ મા આજે ૯૦ વર્ષેય એટલી જ સુંદર, સમજદાર, ધીરજવાળી, શાંત, હેતાળ બેઠી છે ! ધૂણી ધખાવી, શ્રદ્ધાપૂર્વક ડેલી ખખડે એની રાહમાં !

એને સાત સહેલીઓ કે પહેલીઓનો લોક કહીશું ? કે કાળા કાગડાઓના મલકમાં ભીલી પડેલી સફેદ પરીઓ કે કબૂતરીઓ કહીશું ?

સૌને સૌની મા સુંદર મમતાળુ લાગે ! પણ મારી મા, અતિ સુંદર, જાણે દિનાનાથે નવરા હાથે ચીવટથી ઘડેલી મંગલમૂરત ! એની આંગળી ઝાલી રજાના દિવસે શાક લેવા જતો. રસ્તામાં વ્હોરાવાડમાં રહેતી એની સખી હસીનાબાનુને અચૂક મળતી. હસીનાબાનુ બૂરખામાં જ હોય ! પણ ઘરમાં એને જોતાં, મારી માની સુંદરતાને ટપી જાય એવી લાગે ! ગુલ્લાબી. એ હસે ત્યારે એના ગાલમાં ખાડા પડે ! ગુલાબની પાંખડીઓ વેરી દીધી હોય ! એવું ખુશ્બૂમય વાતાવરણ ગોઠવાઈ જતું, એની હાજરીમાં ! બન્ને સખીઓ મળે, એક-બે મહિનાની નવાજૂનીની પટારીઓ ખૂલે ! થોડી કૌટુંબિક સગવડો-અગવડો, નાના સંઘર્ષોની વાતોનો વિષય રહેતો ! વાત-વાતમાં હસી પડે, ક્યારેક રડી પડે ! એમની પાસે હળવાફૂલ થવાનો આ એક જ ઈશ્વરદત્ત ઉપાય હતો ! આવડા મોટા સંસારમાં આંખો મીંચી આવ્યા પછી પોતે પોતાનું પાત્ર પ્રામાણિકતાથી ભજવવાનું છે. એવા મંત્રો એનાં ઓછાં ભણેલાં માત-પિતાએ શું એની છઠ્ઠી વખતે જ કાનમાં ફૂંક્યા હશે ?

દુ:ખની વાતો સહજમાં સરકાવી ઘડીકમાં હસાતું કેમ હશે ? એ હું સમજી શકતો નહિ !

હસીનાબાનુને કેટલાંય વર્ષથી સંતાન જ નહિ ! એના માટે કૈંક બાધા-આખડી, માનતા એની આ બહેનપણીઓએ રાખેલી, પણ દ્વારિકાધીશે વ્હોરણનું વાંઝિયામણ ભાંગ્યુ જ નહિ !

બીજી સખી શારદા ! મા અને શારદામાસી બદલે-બદલાઈ જાય એવી, સગી બહેનો જેવી લાગે ! બંનેના પતિઓ પાક્કા ભાઈબંધ ! માસીને મા સાંજે થોડી નવરી પડે પછી શેરીના ઓટલે મળે ! ને એના મનનો મલક ખોલે !

બંનેનું મોસાળ એક જ એટલે વેકેશનમાં કે વ્રતો - જાગરણ વખતે ભેગી થતી હશે ! બંનેએ એના પ્રિય પુરુષને ધાર્યો હશે ! સોળ સોમવાર રહી શિવદેરીએ પ્રાર્થનાય કરી હશે ! વ્રતો રહી હશે ! નદીની રેતીમાં દેદો દાટી એના માટે કૂટીય હશે ! પણ એને કોણ પૂછે કે તને તારો ગમતો સપનાંનો શાહજાદો મળ્યો ? કે બસ જાલીમલોશન ?

મા ધોબીયારે કપડાં ધોવા જતી ત્યારે પિતાની ઊંઘમાં ખલેલ ન પડે, માટે મને શારદામાસીને ઘેર સોંપીને જતી ! માસી એકાદ અમરફળ જેવો પેંડો આપે ! કણી-કણી કરી ખૂટી ન જાય એ ખાઉં ! માની રાહમાં ડેલી તરફ સોએક વાર નજર નાખું ! માસી સમજી જાય. રડવા કે ઢીલો પડવા ન દે ! વાર્તાની ચોપડીઓમાંથી વાર્તા કહે, રંગીન ચિત્રો બતાવે, 'ચાંદામામા'ની અદ્ભૂત ચિત્રવિથિ વડે હજુયે બાળપણાની શેરીઓ સજાવેલી છે. ફટાફટ સમય ભાગતો લાગે !

ઘરમાં કોઈ પ્રકારનું મનોરંજન નહિ ! 'રેડિયો' તો હું હાઈસ્કૂલમાં આવ્યો ત્યારે છેક ઘરમાં - ફિલિપ્સ હોલેન્ડ' - લાવ્યાં ! મા આખો દિવસ કામમાં જ હોય ! ઢગલોએક વાસણો ઊટકતાં કે રસોઈના ધુમાડાની અકળામણ વચ્ચે ક્યારેક એનાં ગમતાં ગીતો વાગે, તો એનો થાક ભુલાઈ જતો ! એ સાથે ગણગણતી મેં સાંભળી છે - 'ઘૂંઘરવા મોરા છમછમ બાજે' એના

પગમાં ઝાંઝરીઓ પહેરેલી જોઈ હોય એને વર્ષો થયાં ! નવરાત્રિના નવેય દિવસ 'કેસરમા'ની ડેલી પાસે માતાજીના ગરબા ગવાતા ને ઠેસ લઈને કૈંક દુઃખો હડસેલાતાં ! મા અને શારદામાસી એકસરખી સાડી અને કોરા કંકુનો મોટ્ટો ચાંદલો કરી, પગમાં ઝાંઝરી પહેરી રાસ લેતી ! ત્યારે અમને દેવ-દેવીઓ બ્રહ્માંડથી ઊતરી આવ્યાનો અનુભવ થતો ! માતાજીનાં રોજ અવનવાં રૂપ ને વસ્ત્રો બદલાતાં. પણ મા કે માસીને તો ઘરની કડાકૂટ અને કરકસરમાં બધાંય સુખ કબાટમાં જ પૂરી રાખવાં પડતાં ! સમજણાં સુખ ક્યારેક વાર-પરબે બહાર સરી આવતાં ને વળી ઘડીમાં સંતાઈ જતાં !

અમારી સામેની જ ડેલીમાં રંજનમાસી રહે ! કાયમ જ્યારે જુઓ ત્યારે મરકતાં જ હોય ! સ્મિતનું વરદાન એમને જાણે જન્મથી જ મળ્યું હોય ! કદાચ ઊંઘતાં હશે ત્યારેય આ જ મુખમુદ્રા રહેતી હશે ! એના વરને સુથારીકામની દુકાન ! ઘોડિયાના પાયા સંઘેડા ઉપર ચડાવી ગોળ ફરતા - કેમ રંગાતા જાય એ અમે જોયા છે ! પણ આ રંગસૃષ્ટિ વચ્ચે પ્રેમજીકાકા સુથાર ભારે ખરાબ મિજાજના ! પારો કાયમ સાતમા આસમાને જ ચડેલો રહેતો. 'કેમ છો ?' એમ કોઈ કાકાને પૂછે તો સામેવાળાને વડચકું ભરી લેતા 'કાં ?' કંઈ ખોટ દેખાય છે મારામાં ?' એવો પ્રતિપ્રશ્ન કરી બેસતા ! એટલે એમને ન બોલાવવામાં જ નવગુણ એમ સૌ સમજતાં ! એટલાં જ બોલકાં અને હસમુખાં રંજનમાસી ! એમના લાંબા વાળમાં ક્યારેક મારી મા તેલ નાખી આપતી, રંજનમાસી માની ખાટલીથી નીચી પાટલી પર બેસે ને... એની કાળીઘટા ખોલી નાખતાં ! પણ એમના આ રૂપની કે ખૂબીઓની કદર કરનાર કોઈ નહોતું ! આ જન્મારે ! ઊલટાનું માસીને કોઈ સાથે હસતાં-બોલતાં પ્રેમજીકાકા જોઈ જતા ત્યારે કોઈ ને કોઈ બહાને ઝઘડો કરી આખું ઘર માથે લેતા ! કાકીને ઘીબીય લે, પછી પછતાય !

મારા પિતા સાંજે નોકરી પરથી આવે ત્યારે મા પરાણે માસી-કાકાને સમજાવવા મોકલે ! મને એના સૂના રસોડામાં રોટલા, શાક, ખીચડી ઢાંકી આવવા કહેતા. ત્યારે મનના ઈલાજ કે વર્તનવ્યવહાર ડૉક્ટર પાસે નહોતા, પાડોશી પરમેશ્વર પાસે હતા !

નિશાળે જતો ત્યારે એક શેરીમાંથી નીકળતાં હું ડરતો ! ચૂપચાપ નીકળું ત્યાં જ 'ઊભા રે તારી માના !' એવો અવાજ ડરાવી દેતો મને ! મોટી મોટી ભૂરી ભૂરી આંખોવાળાં જાજરમાન વિમળાભાભી ! ભાભી, શેરીમાં પાણીને કૂંડી ઠાલવતાં - ઉલેચતાં હોય ત્યારે જ મારે નીકળવાનું થતું ! આ વિમળાભાભી મા કરતાં ઉંમરમાં મોટાં, પણ મળે ત્યારે વરસી પડતાં મેહની જેમ ! એના ઘરવાળાએ એ વખતમાં 'કાળી ડોઝ' મોટર લીધેલી ! આસપાસનાં સુખદુઃખના પ્રસંગોએ ફેરા કરે ! ક્યારેક કોઈ બીમારને શહેરના દવાખાને દાખલેય કરી આવે ! કમાણી તો કુટુંબ ચલાવાય એટલીય ન થાય ! પણ પરગજુ સ્વભાવના શુક્લદાદા ! વિમળાને એનો ભોળોનાથ બે કપડાંભેર પરણવા આવેલો, પણ શિવથીય સવાયો લાગતો ! એ ભાભીની ભૂરી આંખોના તેજમાં કળાતું !

સૌને સૌમાં કંઈક વિશિષ્ટ હતું. સુંદરતા ઉછાંછળી કે છેતરામણી નહોતી ! અંદરથી-અંતરથી ઊભરાતી રહેતી ! શુષ્ક સંસારમાં દેવ-દેવીઓના વરદાન જેવી ઊતરી આવેલી પરીઓ ! એના ટહુકા ભલે કાનથી સંભળાતા નહિ ! પણ સંસાર સુંદર રસસભર લાગતો !

માની મા એના નાનપણમાં જ મૃત્યુ પામેલી ! બસ એને એકનો એક ભાઈ ! એય કાકાને ત્યાં ઊછરે ! પોતે સાસારે આવી પછી ક્યારેય પાંચ દિ'એ પિયર રહેવા ગઈ નથી ! એની જંજાળે એને જોતરી રાખી હળે ! એ 'જનની જોડ સખી' કવિતા ગાતી ત્યારે રડી પડતી પોકે-પોકે ! હુંય રડી પડતો ત્યારે વગર સમજ્યે !

આજે કવિતાઓ સમજાય છે, જીવન સમજાતું નથી ! એ કવિતા જેવું જીવન જીવનારાં પનોતાં પૂર્વજોયે ક્યાં છે ?

## ઝાલાવાડી ગૌરવ



અત્યંત ખુશાલી સાથે જણાવવાનું કે આપણા ઝાલાવાડ સભા ના મલાડ ના મેમ્બરે સુંદરીયાણા નિવાસી શ્રી ચેતનભાઈ ઈંદુભાઈ શાહ તથા સોનલબેન ના પુત્ર ચી. સ્મિત એ ગઈકાલે આપણા માનનીય પ્રધાન મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે ડ્રોન ફેડરેશન ઓફ ઈન્ડિયાનું હોસ્ટિન્ગ કરી ને સમાજ અને દેશ નુ ગૌરવ વધાર્યું છે.

ચિ. સ્મિત ને ખુબ ખુબ અભિનંદન.

# એકાંતનું આકાશ



**એ**કલા પડવાનું સુખ આજકાલ કુંડળીમાં શોધવું પડે એમ છે. સૂર્યનારાયણ જાગે એ પહેલાં મોર્નિંગ એલાર્મથી શરૂ થયેલું ડીસ્ટર્બન્સ મોડી રાતે સપના સુધી અનુસંધાન પામતું રહે છે. ઑફિસની બહાર સ્ટૂલ પર બેઠેલા પટાવાળાની ભલભલા ઈન્ક્રિમેન્ટને શરમાવે તેવી ઊંઘને જેમ સાહેબની ઘંટડીનો કર્કશ રૂઆબ તોડી નાખે છે એમ જ આપણા મંગલ એકાંતની મૂર્તિ કોઈ ને કોઈ દ્વારા ખંડિત થતી રહે છે. વ્યક્તિઓથી કે વસ્તુઓથી, સ્વજનોથી કે સાધનોથી, સંજોગોથી કે પ્રસંગોથી એકાંતના હવનમાં હાડકાં નખાતા રહે છે. 'મૈં ઔર મેરી તન્હાઈ અક્સર યે બાતેં કરતે હૈ...' એ જાવેદ અખ્તરના શબ્દો રીલ લાઈફના 'સિલસિલા'માં જ અનુભવવા મળે છે. રિયલ લાઈફમાં આવા સિલસિલા બહુ જૂજ હોય છે. માના ગર્ભમાં નવ માસ સુધી એકાંતનો ઉત્સવ ઉજવતો માણસ જન્મીને જીવનના છેલ્લા શ્વાસ સુધી આવું સ્નેહલ અને સલામત એકાંત ઝંખતો રહે છે. માત્ર એકલતા મળે છે, એકાંત આજીવન શોધવું પડે છે.

પૌરાણિક કે ઐતિહાસિક સિરિયલોમાં એક દશ્ય બહુ ગમતું. રાજા જ્યારે ઇચ્છે ત્યારે તાળી પાડીને મોટેથી બોલે - 'એકાંત' અને આજુબાજુમાં ઉપસ્થિત આલિયા-માલિયાથી લઈ પ્રધાનો-રાણીઓ સુધીના સૌ કોઈ દૂર જતા રહે. રાજા એકલો પડે. વિચારે, મંથન કરે સંજોગોનું. એ એકલો હોય છે પણ એકલતા શૂળની જેમ ભોંકાતી નથી. એકલા પડીનેય વિચારોનો સહવાસ હોય છે. મન સાથે મંત્રણા ચાલે છે. જાત સાથે વાર્તાલાપ ચાલે છે. ધીમે ધીમે મડાગાંઠો ઉકેલાતી જાય છે. યક્ષપ્રશ્નોના પ્રત્યક્ષ ઉત્તરો મળે છે. ફરી તાળીઓ પાડી એકાંતનો નાકવિચ્છેદ થાય છે અને સંબંધો હાજર થાય છે. તાળીના અવાજમાત્રથી એકાંતની જાહોજલાલી ભોગવવાનું સુખ માત્ર રાજાને જ મળે છે, અથવા તો આટલી સરળતાથી એકાંતનું સુખ મળી શકે છે માટે જ તેઓ રાજા કહેવાય છે! આપણામાંથી આવું સુખ મેળવનાર ભાગ્યવાન કેટલા?!

જોકે એકલા પડીને માત્ર મેવા જ મળે છે એ માન્યતા ભૂલભરેલી છે. કેટલીકવાર સમાજના શોરબકોરમાં ભીતરનો કોલાહલ દાબી દેવામાં જ શાણપણ રહેલું છે. એકાંત સાથેની લીવ-ઈન રિલેશનશિપ બાંધતા પહેલાં મુકુલ ચોકસીના આ મુક્તકને ટર્મ ઍન્ડ કન્ડિશન જેટલી જ ગંભીરતાથી વાંચવું અને વિચારવું હિતાવહ છે -

*'હો ભીડમાં જ સારું, બધામાં ભળી જવાય'*
*એકાંતમાં તો જાતને સામા મળી જવાય*
*ને સામા મળી જવાય તો બીજું કંઈ નહીં-*
*'કેમ છો' કહીને ના પાછા વળી જવાય!'*

એકાંતનું સૌથી મોટું જોખમ આ છે. એમાં આપણું આપણી જાત સાથે એન્કાઉન્ટર થાય છે. બધાને મળી જવું. બધામાં ભળી જવું, પરિસ્થિતિમાં ઓગળી જવું એ વ્યવહારુ વાત છે. એકાંતમાં જાત સામે મળી જાય છે અને ત્યારે ખળભળી જવાય છે, કારણ એ કે આ જાત આપણને બીજા કોઈપણ કરતાં વધુ સારી રીતે જાણતી હોય છે. કોઈ જ્યારે આપણી પ્રશંસા કે નિંદા કરતું હોય ત્યારે આપણો આ માંહ્યલો એના બેકગ્રાઉન્ડમાં રહી ખી-ખી-ખી હસતો હોય છે. આપણો અહમ્ જ્યારે દંભી શબ્દોનો અંચળો ઓઢીને પ્રકટતો હોય છે ત્યારે આપણી જાત અંદરથી ઉત્પલ દત્તના લહેકાથી કહેતી હોય છે - 'અચ્છાઆ...!' એકાંતમાં તલવાર કાઢીને ઊભેલી જાત સાથે હાય, હલો, જય શ્રીકૃષ્ણ કે કેમ છો કહેવાના સંબંધો હોતા નથી. જાત સાથે ઝઘડવું પડે છે, લડવું પડે છે. જે જાત સામે જીતી જાય છે એની એકલતા એકાંત બની જાય છે.

એકાંત ભીતર ડોકિયું કરવાની તક આપે છે. એક સરસ વિધાન વાંચેલું કે 'આપણે ખુદના વકીલ હોઈએ છીએ અને અન્યના ન્યાયાધીશ.' એકાંત સ્વયં એક અદાલત છે - આપણે પોતે ઊભું રહેવું પડે છે વીટનેસ બોક્સમાં અને આપણી જાત આરોપ નાખ્યા કરે છે આપણા પર. આ કાર્યવાહીમાં ક્યાંય કોર્ટ બહારનું સેટલમેન્ટ શક્ય નથી. જાતને જવાબ આપી જે પપ્પુ પાસ થઈ જાય છે તે જીવનની કોઈ પરીક્ષામાં નાપાસ નથી થતો.

એકાંત ટટ્ટાર ઊભું રાખે છે આપણાં માંદલા મનને. જાહેરમાં આપણું મન છેતરામણા ટેકાઓ શોધ્યા કરે છે. કોઈ એકની દંભી દયા, બીજાની પ્રશંસા, ત્રીજાની મિત્રતા, ચોથાની સહાનુભૂતિ. આ બધું કર્ણના જ્ઞાન જેવું હોય છે - ખરે ટાણે છોડીને જતું રહે છે. એકાંત અવકાશ પૂરો

પાડે છે જાત સાથે બોલવાનો. આપણી ધારણા અને પૂર્વધારણાઓને સુધારવાની ક્ષણો એકાંતના ચોઘડિયામાં જ મળે છે. સામાજિક અભિપ્રાયો વગર વ્યક્તિને ચાલી શકે પણ સ્વયંના અભિપ્રાયો વધુ અભિપ્રેત હોય જે એકાંતમાંથી જ સાંપડી શકે. આમ એકાંત આપણી જાત સાથે આપણા બુચ્ચા કરાવે છે!

પોતાના સાત્વિક અભિપ્રાયથી બળકટ બનેલી જાત પછી વાતવાતમાં અન્યના અભિપ્રાય કે દંભી સહાનુભૂતિની અપેક્ષા રાખતી નથી. કોઈ મારા વિશે શું કહે છે કે વિચારે છે એના કરતા હું મારા વિશે શું વિચારું છું એ વધુ અગત્યનું લાગે છે. પછી એકાંતની બીક નથી લાગતી, એકાંતની તક શોધ્યા કરીએ છીએ. ઈબ્સનનું વિધાન છે - 'વિશ્વની સૌથી શક્તિશાળી વ્યક્તિ એ છે જે સ્વયંનો સામનો કરી શકે છે.' એકાંતિક ક્ષણોમાંથી નવનીત જેમ સાંપડેલા વિચારો વ્યક્તિના જ નહીં, વિશ્વ સકલના શ્રેયસ્કર્તા બની શકે છે.

એકલતા કે એકાંત એ અસામાજિકતા નથી. દુનિયા તો જીવવા જેવી છે. ભાવુકતાથી ભરી ભરી સૃષ્ટિમાં ભરથરી બનીને વૈરાગ્યની વાતો વાગોળવાના અભરખા પણ ન હોય. 'અકેલે મેં મેલા ઔર મેલે મેં અકેલા' – આ સ્થિતિ પર પહોંચવું પણ દુષ્કર છે. એકાંતનું આકાશ આપણા જીવનની નક્કર ભોંયને વધુ રમણીય બનાવે છે એ સ્વીકારની સાથે જ કાઉપરના આ વિધાન સાથે સહમત થવું રહ્યું : 'કેટલું મધુર છે આ એકાંત અને છતાં મારા એકાંતને પ્રતીક્ષા છે એક એવા મિત્રની જેને હું કહી શકું કે કેટલું મધુર છે આ એકાંત!'

પ્રણવ પંડયા

# પ્રકૃતિને કાજે આપણે શું કરી શકીએ?

પ્રજા તરીકે કે એક સમાજ તરીકે આપણે આખી દુનિયાની બુરાઈ કરવામાં ખાસ્સા આગળ-પેલું આમ ને ફલાણો તેમ વગેરે. નેતાઓની તો ખેર નહીં, પણ આ બધું માત્ર બોલવા પૂરતું. આપણે જો એમ પૂછીએ કે તો આનો ઈલાજ શું, તો કહેશે કે અહીં તો કંઈ જ કરવું શક્ય નથી અને આપણે એકલા કંઈ પણ કરીએ તે શા કામનું? એનાથી શું ફરક પડવાનો?

કેવળ કવિતાની બે પંક્તિઓથી શું થયું તે જુઓ.

ઈ.સ. ૧૯૮૫માં પ્રકાશિત થયેલ સત્ય ઘટના છે. 'રીડર્સ ડાયજેસ્ટ', લાલસિંહ રાઓલ સંપાદિત ??? સામયિક 'ચાતક' તથા કુન્દનિકા કાપડીઆના પુસ્તક 'ચન્દ્ર તારા વૃક્ષ વાદળ'માં કહેવાઈ ચૂકેલી વાત છે.

જાપાનના શહેર ફુકુઓકામાં એક સાંકડા રસ્તાને પહોળો કરવાનું કામ હાથ પર લેવામાં આવ્યું હતું. રસ્તા ઉપર ચૅરી વૃક્ષોની હાર હતી. વસંત ઋતુ હોવાથી વૃક્ષો પર પુષ્પ-કળીઓ પ્રગટી ચૂકી હતી. વધતી વસ્તીના વધતા ટ્રાફિકને પહોંચી વળવા એ માર્ગ પહોળો કરવા આ બધા જ વૃક્ષોની હારનો ભોગ લેવાનું નક્કી થયું હશે. શરૂઆતનું એક વૃક્ષ તો કપાયું. પણ એના ઉપર હજુય વણ-ખિલી બિડાયેલી કળીઓની અવસ્થા જોઈ ઋજુ હૃદયની કોઈ વ્યક્તિએ શહેરના મેયરને ઉદ્દેશીને એક નાનકડું કાવ્ય લખ્યું અને બાજુના વૃક્ષની ડાળી પર તે કાર્ડ લટકાવ્યું.



ચૅરી વૃક્ષોના રખેવાળ માનનીય મેયર શિન્દોને,
ફૂલો પર દયા કરજો.
એમને પંદર દિવસની મુદત આપવાની કૃપા કરજો.
જેથી આ વસંતમાં છેલ્લી એક વાર તેઓ ખીલી શકે...

આ કાવ્ય-પંક્તિના સમાચાર ફેલાતાં જ થોડા દિવસોમાં બીજું એક કાવ્ય વૃક્ષની ડાળી પર લટકતું દેખાયું :

જે હૃદય ફૂલો માટે વ્યથિત થાય છે તે જાપાનનું સાચું અને ઉમદા હૃદય છે.

આ ઉમદા ભાવના સર્વદા વ્યાપત રહે. ચિકુઝેન (ફુકુઓકા)ના ચૅરી વૃક્ષોના રખેવાળ - કાઝુમા.

કાઝુમા ઉપનામ ધરાવતા મેયરનો આ જવાબ કાવ્યપંક્તિ પૂરતો સીમિત નહોતો. સત્તાધારીઓને રસ્તાનું આયોજન બદલવું પડેલું, બીજી તરફથી રસ્તો પસાર થયો અને બધાં ચૅરી વૃક્ષો બચી ગયા. વરસોવરસ સુંદર શ્વેત-ગુલાબી પુષ્પ-મંડિત વલય મ્હોરી ઉઠ્યાં.

હિમાંશું પ્રેમ

# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

*સંચાલિત*

## શ્રી કનુભાઈ ગંભીરચંદ શાહ ફોરેન એજ્યુકેશન સ્કીમ

## શ્રી સી.યુ. શાહ ઉચ્ચ શિક્ષણ યોજના

## શૈક્ષણિક ઉત્કર્ષ યોજના હેઠળ રૂા. ૧ કરોડનું વિતરણ

ઝાલાવાડી સભા સંચાલિત શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં અત્યાર સુધી રૂા. ૧ કરોડથી વધુની લોન આપણા સમાજના વિદ્યાર્થીઓને આપી ચૂક્યા છીએ અને હજુ વધુ ને વધુ વિદ્યાર્થીઓ પોતાની ઉજ્જવળ કારકિર્દી બનાવવા આ યોજનાનો લાભ લઈ રહ્યા છે જેની વિગત રજૂ કરતાં આનંદ અનુભવીએ છીએ.

| YEAR | NO. OF STUDENT | FOREIGN LOAN | NO. OF STUDENT | HIGHER EDU. LOAN (NATIONAL) | G. TOTAL |
|---|---|---|---|---|---|
| 2019-20 | 10 | 20,00,000 | 10 | 5,15,000 | 25,15,000 |
| 2020-21 | 6 | 12,00,000 | 8 | 4,00,000 | 16,00,000 |
| 2021-22 | 25 | 50,00,000 | 12 | 9,75,000 | 59,75,000 |
| TOTAL | 41 | 82,00,000 | 30 | 18,90,000 | 1,00,90,000 |

વિદેશ અભ્યાસ માટે ૪૧ વિદ્યાર્થીઓ અને ભારતમાં જ ઉચ્ચ અભ્યાસ માટે ૩૦ વિદ્યાર્થીઓ એમ કુલ ૭૧ વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ લઈ પોતાના કુટુંબને પગભર થવાનો પુરુષાર્થ કરી રહ્યા છે.

શૈક્ષણિક ઉત્કર્ષ યોજનાના દરેક દાતાઓનો અંતઃકરણપૂર્વક આભાર. આપના સાથ અને સહકારથી આપણો સમાજ સાચા અર્થમાં સમૃદ્ધ ઝાલાવાડ બનવા જઈ રહ્યો છે.

આપના સહકારથી ઝાલાવાડી સભા દરેક વિદ્યાર્થીને INTEREST FREE LOAN આપે છે અને ફક્ત પંદર દિવસમાં યોગ્ય ચકાસણી કરી દરેક વિદ્યાર્થીને આપવામાં આવે છે.

દરેક દાતાઓને નમ્ર વિનંતી કે આપના અનુદાનની રકમ (જો બાકી હોય તો) સભાની ઑફિસે મોકલી આપવી.

સંસ્થાને અપાતું દાન ૮૦-G હેઠળ કરમુક્ત છે.

સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને આ યોજનાનો વધુમાં વધુ લાભ લેવા તેમ જ વિશેષ માહિતી માટે કન્વીનરશ્રીનો સંપર્ક સાધવા વિનંતી.

**કન્વીનર**

શ્રી મુકેશભાઈ આર. શાહ (ચશ્માવાળા)
9819183325

શ્રી દિલીપભાઈ એ. શાહ
9324336356

શ્રી નરેન્દ્રભાઈ સી. ગાંધી
9820076460



# યુવકનો અદ્ભુત ઉત્સાહ

'કેમ ભાઈ, પછી નોકરીનો ક્યાંય પત્તો લાગ્યો ?' તાજા જ એન્જિનિયર થયેલા એક અમેરિકન યુવકને એના મિત્રે પૂછ્યું.

'ના, ભાઈ ! ના. છેલ્લાં દોઢ વર્ષથી નોકરી માટે રખડી રખડીને બૂટનાં તળિયાં ઘસાઈ ગયાં, પણ નોકરીએ રાખવાની કોઈ હા જ નથી પાડતું. ડિગ્રી મેળવતી વખતે હૈયામાં કેવાં કેવાં અરમાનો ભર્યાં હતાં ! એ વખતે કલ્પના સરખી નહોતી કે એ અરમાનોનો આવો કરુણ અંજામ આવશે. આના કરતાં તો અભણ રહ્યો હોત તો નાનો મોટો ધંધો કરવાની સૂઝ પડત. આ તો બાવાના બેય બગડ્યા !'

'ધીરજ રાખ, ભાઈ. કાંઈ બધા દહાડા એકસરખા નથી જતા. એક દિવસ તારા સુખનો સૂરજ પણ ઊગશે.'

'સૂરજ તો ઊગે ત્યારે સાચું. હાલ તો બેકારીના ઘોર અંધારામાં જ્યાં ત્યાં આથડ્યા કરું છું. કેટકેટલી જહેમત ઉઠાવીને હું ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ થયો છું. પૈસા પણ પાણીની માફક ખર્ચ્યા છે. મનમાં એમ કે પાસ થયા પછી સારી નોકરી મળશે એટલે દેવું તો બાર મહિનામાં માથેથી ઊલળી જશે, પણ અત્યારે તો જીવનનિર્વાહ માટે બીજું વધુ દેવું થતાં એ ભાર ઊલટો વધતો જાય છે.'

થોડી વાર શ્વાસ લેવા થોભી, મિત્ર સામે હતાશાભરી નજર કરી એ બોલ્યો : 'સવાર પડતાં જ છાપામાં પ્રકટ થતી જાહેરાતોનાં -'જોઈએ છે'ની - કૉલમ સૌ પહેલાં વાંચી જાઉં છું. એમાં જણાવ્યા પ્રમાણે અરજી કરું છું. કોઈવાર ઈન્ટરવ્યૂનો કૉલ પણ મળે છે, પણ સરવાળે બધું મીંડામાં જ પરિણમે છે. કારણ કે એ જાહેરાતો તો ફક્ત જાહેરાત કરવા ખાતર જ આપેલી હોય છે. એ ખાલી પડેલી કે નવી ઊઘડેલી જગ્યાઓ પર તો લાગવગિયાનાં નામો જાહેરાત પ્રકટ થતાં પહેલાં જ નક્કી થઈ ગયેલાં હોય છે.'

મિત્રેએ બેકાર યુવકને ખભે પ્રેમાળ હાથ મૂકી કહ્યું : 'ભાઈ, તું એક વાર ફરી પ્રયત્ન કરી જો. હું તને જણાવું એ જગ્યાએ જા. ત્યાં તારે નિરાશ નહિ થવું પડે. એ પેઢીને એક હોંશિયાર એન્જિનિયરની જરૂર છે. તું મળી તો જો. નંબર લાગે તો ઠીક. નહિ તો 'તેરા તેલ ગયા ઔર મેરા ખેલ ગયા,' એમ સમજી, બીજે પ્રયત્ન શરૂ કરવાનો. જે નિરાશ થઈને પ્રયત્નો છોડી દે છે એના ભવિષ્યને એ જ વખતે તાળું લાગી જાય છે. જે અખૂટ આશા સાથે પ્રયત્નો જારી રાખે છે એના જીવનમાં ભાગ્યને સૂર્યોદય પ્રકટ્યા વિના રહેતો જ નથી.'

યુવક તો હૈયામાં અખૂટ આશાનું ભાતું બાંધી બીજે દિવસે મિત્રે બતાવેલી પેઢીએ પહોંચી ગયો. મૅનેજરની મુલાકાત પણ ભાગ્યયોગે તરત જ મળી ગઈ. ખૂબ જ નમ્રતાપૂર્વક એણે મૅનેજર લૂઈને વિનંતિ કરતાં કહ્યું : 'સાહેબ, મેં સાંભળ્યું છે કે આપને ત્યાં એન્જિનિયરની એક જગ્યા ખાલી પડી છે. એ જગ્યા માટે ઉમેદવારી કરવા હું આવ્યો છું.'

'એન્જિનિયરની જગ્યા ખાલી છે ? અહીં ! કોણે આવી ખોટી માહિતી તમને આપી ? અમારે ત્યાં એન્જિનિયરની કોઈ પણ જગ્યા ખાલી નથી.'

'માફ કરજો, સાહેબ ! આપનો અમૂલ્ય વખત મેં બગાડ્યો. મને માહિતી આપનારની કંઈક ભૂલ થતી હશે. હું બીજે મારું ભવિષ્ય અજમાવીશ.' આમ કહીને પેલા યુવાને જવા માટે પગ ઉપાડ્યા.

'હા, અમારે ત્યાં એક જગ્યા ખાલી છે ખરી. પણ એ તો ટાઈપિસ્ટની જગ્યા છે. તમને ટાઈપ કરતાં આવડે છે ? તમને એ જગ્યા ફાવશે ?'

થોડીવાર વિચાર કરી યુવકે કહ્યું : 'સાહેબ, આપને સારો ટાઈપિસ્ટ જોઈએ છે ને ? મને ફક્ત ત્રણ દિવસની મહેતલ આપો. જુઓ સાહેબ, આજે શુક્રવાર થયો. આવતા મંગળવારે ટાઈપનું સંપૂર્ણ કામ શીખીને હું હાજર થઈ જઈશ.'

'જા, ભાઈ, જા ! તારું ચસકી તો નથી ગયું ને. ટાઈપનું કામ શીખવું એટલે કાંઈ રમતવાત નથી. કાબેલમાં કાબેલ માણસને પણ એમાં પારંગત થતાં મહિનોમાસ નીકળી જાય. આવી અસંભવિત વાત ફરીથી કોઈની પાસે ન કરતો !'

'સાહેબ, આપ મારામાં વિશ્વાસ રાખો. મને ફક્ત ત્રણ જ દિવસની મહેતલ આપો. હું જરૂર શીખી લઈશ. અત્યારના સંજોગોમાં મને નોકરીની ખાસ જરૂર છે.'

'અરે ! પણ તું ઈજનેર થઈને ટાઈપિસ્ટનું કામ કરીશ ! તારી ડિગ્રીનો, તારા મોભાનો તો કંઈક ખ્યાલ કર.'

'સાહેબ, ગજવામાં નોટોનાં બંડલ હોય અને પેટ ભરેલું હોય ત્યારે માન-મરતબો

સારાં લાગે છે. બેકાર થઈને ફરવું એના કરતાં નાનુંમોટું કોઈ પણ કામ હાથમાં લેવું સારું. મન નવરું પડે તો એના પર સેતાન સવાર થઈ જાય છે. સાહેબ, મને એક તક આપો. ટાઈપના કામમાં પણ હું આપને પૂર્ણ સંતોષ આપી શકીશ.'

યુવકની વાક્છટાથી મૅનેજર અંજાઈ ગયા. એમણે યુવકની વાત સહર્ષ સ્વીકારી લીધી.

યુવક તો જાણે, ડૂબતાને તણખલું મળ્યું હોય એમ, ઉત્સાહમાં આવી ગયો. બજારમાંથી ટાઈપરાઈટર ભાડે લાવી એ તો પ્રેક્ટિસ કરવા મંડી પડ્યો. ટાઈપ કરવાની પદ્ધતિ તો એને આવડતી જ હતી. સવાલ હતો પ્રેક્ટિસનો.

યુવાને ન જોયા દિવસ, ન જોઈ રાત. જરાય આરામ લીધા વિના એ તો આ ભગીરથ કામમાં લાગી ગયો. ત્રણ દિવસમાં તો એ પારંગત ટાઈપિસ્ટ થઈ ગયો.

યુવાનનું ભૂલ વિનાનું ચોક્ખું ટાઈપકામ જોઈ મૅનેજર ખૂબ જ પ્રભાવિત થયો. યુવાનની પીઠ થાબડતાં એ બોલ્યો : 'વાહ, ભાઈ! તેં તો આજે કમાલ કરી! પણ મારા દિમાગમાં હજી એક વાત ઊતરતી નથી, કે ત્રણ દિવસના આટલા ટૂંકા ગાળામાં આટલી બધી ઝડપ તારી આંગળીઓમાં આવી ક્યાંથી?'

'સાહેબ, શોધની જનેતા છે જરૂરિયાત. દરેક માનવીના હૈયામાં અખૂટ શક્તિઓ સુપ્ત અવસ્થામાં પડેલી છે. એને ઢંઢોળવાની જરૂર છે. 'કાલે શું ખાવું?' એવી ચિંતા એના મનમાં ઉદ્ભવે ત્યારે જ સુપ્ત અવસ્થામાં પડેલી એ શક્તિને માનવી ઢંઢોળે છે કે, 'દેવી, હવે ઊઠો. હવે તો તમારો જ આધાર છે. તમારા વિનાના મારા બધાય પ્રયત્નો પાંગળા છે.' એ પ્રમાણે મારે જ્યારે નોકરીની આવશ્યકતા ઊભી થઈ અને એ આવશ્યકતા જ્યારે અનિવાર્ય થઈ પડી ત્યારે મારામાં રહેલી ચેતના આળસ મરડીને બેઠી થઈ. એણે મારામાં એવો જોશ પ્રકટાવ્યો કે ઘડીભર તો મનેય થઈ ગયું કે અત્યારે જે કામ કરી રહ્યો છે એ હું નહિ પણ બીજો કોઈક જ કામ કરી રહ્યો છે. રાતદિવસ એક કરી, ફક્ત ત્રણ જ દિવસમાં મેં ટાઈપરાઈટર પર પ્રભુત્વ મેળવી લીધું.'

મૅનેજર તો યુવાનની ધગશ તેમ જ કામ શીખવાની અદ્ભુત તમન્ના જોઈને મુગ્ધ થઈ ગયો. યુવાનને ટાઈપિસ્ટની પોસ્ટ પર નિમણૂક કરતો નિમણૂક-પત્ર પણ આપી દીધો.

આ ઉત્સાહમૂર્તિ યુવક પછી કાંઈ ટાઈપિસ્ટની પોસ્ટ ઉપર જ જીવનભર નહોતો પડ્યો રહ્યો. એક-પછી-એક પ્રગતિનાં સોપાન ચડીને એ એક દિવસ અમેરિકાનો પ્રમુખ બની ગયો. એ પ્રમુખનું નામ હતું હર્બર્ટ હૂવર.

❖❖❖


## હાર્દિક અભિનંદન



## શેઠ પરિવારનું ગૌરવ

**ચિ. દેવાંશ જિજ્ઞેશ શેઠ**
**ઉ. વર્ષ – ૧૮**
**(લીંબડી નિવાસી –**
**હાલ – કાંદિવલી, મુંબઈ)**

**શ્રીમતી બિનીતા** તથા **જિજ્ઞેશ કિરીટભાઈ શેઠના સુપુત્ર ચિ. દેવાંશ** એ **NEET [Medical Entren Exam) Sep - 21**ની **Exam** માં સારા માર્કસે પાસ થઈને **Govt. Medical College** માં **MBBS** નું Admission મેળવેલ છે.

આ સિદ્ધિ બદલ સર્વે કુટુંબીજનો તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને તેના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામના અને અંતરના આશીર્વાદ...

◆ **શુભેચ્છકો** ◆

દાદા : સ્વ. કિરીટભાઈ શાંતિલાલ શેઠ
દાદી : સ્નેહલતાબેન કિરીટભાઈ શેઠ
નાના : શ્રી કિશોરભાઈ મણિલાલ બોરડિયા
નાની : શ્રીમતી નયનાબેન કિશોરભાઈ બોરડિયા

Advt.



## Serving Dairy Industries & Food Industries

**Since Last 4 Decades**

**Available Following Regularly at lowest rates :**

● Soyabean Lecithin Liquid ● BHA, TBHQ, BHT (antioxidants) ● GMS-Powder & Flakes ● CITRIC ACID Monohydrate ● Beeswax, Carnauba Wax, Parafin Wax ● Orange Oil ● Caustic Soda Flakes ● FOSS ● Vanillin, Ethyl Vanillin ● SORBIC ACID, Pot, Sorbate ● Maltodextrine, Liquid Glucose ● Pot Carbonate, Glycerien ● Sucralose, Fos, Aspartame ● Pot Carbonate Granular ● Sodium Citrate

**CONTACT : VR CHEMICALS**

The Lecithin People


**Plot No. 112, Block No. 3, Shanti Sadan, Ground Floor, Sion (W), Mumbai - 400 022 (INDIA) Tel. : 66662880**

The Lecithin People

● **Fax : 0091-22-2409 1500**
● **E-mail : vrchemicals22@yahoo.co.in**

(Advt.)

# BIO-DATA



**DISHA CHANDRESH DOSHI**

**Date of Birth**
27/09/1996

**Birth Place & Time**
Ghatkopar, Mumbai (4:29pm)

**Height / Weight**
5.3" / 78 Kg.

**Religion**
Dashashrimali Sthanakvasi Jain

**Native**
Sara

**Education**
B.Tech in InformationTechnology

**Occupation**
Deputy manager (DevOpsEngineer), Reliance Jio

**Hobbies & Interests** : Drawing, Art n'Craft, Reading, Travelling, Foodie, Gaming

**Mobile** : 9029311941

**Email Id** : disha.dd27.dd@gmail.com

**FAMILY BACKGROUND**

**Father** : Chandresh PurushottamDas Doshi

**Occupation** : Manager at "Wagad Kala Kendra Co-op Credit Society" 9967799673

**Mother** : Falguni Chandresh Doshi

**Occupation** : Home Maker - 9930477609

**Younger Sister** : Ami Chandresh Doshi

**Grandfather** : Lt. Shri PurushottamDas DharshiBhai Doshi, Sara

**Grandmother** : Lt. Smt. Hasumatiben PurushottamDas Doshi

**Mota Papa** :
1) Hasmukh P. Doshi, Tilak Nagar Chembur-West - 9820436514
2) Bipin P. Doshi, Mulund 9323949857
3) Yashwin P. Doshi, Rajkot - 9426969564

**Faiba/ Fuva** :
1) Kalpaben Shashikant C. Shah, Ranpur /Ghatkopar - 9833268456
2) Dharmishthaben RajeshKumar H. Sheth, Panishana / Chembur -9820075683
3) Anishaben DevenBhai H. Doshi, Botad / Ghatkopar - 9869145375

**Nana** : Lt. Shri Vanechand Fatechand Vora

**Mama** :
1) Lt. Dinesh Vanechand Vora, Rajkot 9427988699
2) Jitendra Vanechand Vora, Rajkot 9824566377

**Residence** : 91/2730, Shanti Niwas Chs., Pant Nagar, Ghatkopar - East, Mumbai-400075.

(Advt.)

# BIO-DATA



**PERSONAL DETAILS :**

**Name** : **PRACHI MANOJ KOTHARI**

**Date of Birth** : 22nd Oct, 1995

**Time & Place of Birth** : 9:12 AM, Mumbai

**Height** : 5'8

**Religion** : Zalawadi Stanakwasi Jain

**Native** : Limbdi

**Address** : 3 Jaiswal Niwas Jambli Gally, Borivali (West), Mumbai - 400092.

**EDUCATION & WORK**

**Qualification** : Bachelor in Management Studies Masters in Commerce MBA in Finance

**Occupation** : Working with Kotak Bank for merly Worked with HDFC Bank

**FAMILY DETAILS**

**Father** : Mr. Manoj Kantilal Kothari

**Occupation** : Packaging & Bio Film at Asian Sales Corporation

**Email ID** : asiantapes@gmail.com

**Contact** : 9892545454

**Mother** : Mrs. Dipali Kothari

**Occupation** : Homemaker

**Contact** : 9920560460

**Sibling** : Ruchi Kothari - Pursuing Masters in Psychology from Europe

**Grandparents** : Late Kantilal C Kothari
Late Kanchanben K. Kothari

(Advt.)

SHREE MAHAVIRAY NAMAH

# BIO-DATA



**PERSONAL INFORMATION:**

| | | |
|---|---|---|
| **Name** | : | **SHRENIK RAJESH DAGLI** |
| **Date of Birth** | : | 11-03-1994 |
| **Birth Time** | : | 03:56 PM **Birth Place** : Borivali |
| **Height** | : | 5ft 2inch |
| **Religion** | : | Digamber Jain (Zalawadi) |
| **Native Place** | : | Vinchhiya |
| **Horoscope** | : | Manglik |
| **Education** | : | Diploma in Automobile Engineering (2years completed) |
| **Occupation** | : | Business (Associated with brother in law in wholesale car accessories business - M/s Hem Motors) |
| **E-mail ID** | : | shrenikdagli5454@gmail.com |
| **Contact** | : | **9867165454** |
| **Interested In** | : | Cricket, Travelling, Listening to Music, Watching Movies. |

**FAMILY BACKGROUND:**

| | | |
|---|---|---|
| **Father** | : | Rajesh Kirtikant Dagli (9867512030) (B. Com, L.L.B, Customs freight broker, & Share market sub-broker) |
| **Mother** | : | Mita Rajesh Dagli (9867529555) |
| **Grandfather** | : | Late. Shri. Kirtikant Manilal Dagli |
| **Grandmother** | : | Late. Smt. Pushpaben Kirtikant Dagli |
| **Sister** | : | Foram Malay Doshi (M. Com) |
| **Brother-in-law** | : | Malay Pravinchandra Doshi (B. Com) (Business: M/s Hem Motors Opera House & Charkop Kandivali) |
| **Resi. Address** | : | 302, Om Tower CHS Ltd, Rajesh Nagar Complex, Near J.B. Khot High School, Sai Baba Nagar, Borivali West |
| **Office Address** | : | M/s Kahan Securities Pvt Ltd, A- 1/ 11, Jai Punit Nagar, Plot No.1, SV Road, Opp. Our Lady School, Borivali West |

**PATERNAL FAMILY :**

| | | |
|---|---|---|
| **Uncle** | : | Viren Kirtikant Dagli (Share Market Sub Broker) (9869257215) |
| **Aunt** | : | Deepali Viren Dagli (9867549555) |

**MATERNAL FAMILY :**

| | | |
|---|---|---|
| **Grandfather** | : | Late Shri. Kantilal Manilal Shah (Dhrangadhra) |
| **Grandmother** | : | Late Smt. Shubhadraben Kantilal Shah (Dhrangadhra) |
| **Mama** | : | Atul Kantilal Shah (Dhrangadhra) (8200841018)<br>Gaurang Kantilal Shah (Dhrangadhra) (7043336123) |

(Advt.)

**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar,**
**Mumbai - 400 002.**
**7208472884 • 7208481791**
**7208472744**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.250/ without Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) YEARLY MEMBERSHIP FEES (RENEWAL) RS.350/ With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-B) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18%

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST

**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 x 199 mm)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 x 234 mm)

**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-

**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-

**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

FOR 1 YEARS RS.400 + 72 = 472/-

**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-

(3) **SANATORIUM BOOKING** NO GST UPTO ROOM CHARGES RS.1000/- PER DAY ABOVE RS 1000 ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST Rs.1000+180=1180

(Advt.)

# પાંચમી પુણ્યતિથિ નિમિત્તે

## શ્રદ્ધાના સુમન



## હેમલ જયસુખભાઈ શાહ

**જન્મ : ૨૦-૧૨-૧૯૭૫**
**સ્વર્ગવાસ : ૦૮-૦૫-૨૦૧૭**

**સહજાનંદીશુદ્ધ સ્વરૂપી, અવિનાશી હું આત્મા સ્વરૂપ દેહ મરે છે, હું નથી મરતો અજરઅમર પદ મારું છે.**

આજકાલ કરતાં પાંચ વર્ષ પૂરાં થઈ ગયાં, તમે અમારા માટે ભગવાનની ભેટ હતા. આ જગત પ્રકૃતિના નિયમોના આધીન છે. આપનો આનંદિત સ્વભાવ હંમેશાં અમારા માટે માર્ગદર્શી રૂપે અમારી સાથે હંમેશાં રહેશે. એવા દિવ્ય આત્માને પરમકૃપાળુ શાંતિ આપે, જન્મોજન્મ જૈન ધર્મ પામી પ્રભુ વહેલા મોક્ષગતિ આપે એ જ પ્રાર્થના.


| | | |
|---|---|---|
| માતા-પિતા | : | મૃદુલા જયસુખભાઈ શાહ |
| પત્ની | : | નિકિતા હેમલ શાહ |
| પુત્ર | : | દક્ષ |
| ભાઈ-ભાભી | : | તેજસભાઈ - પૂનમબેન |
| બેન-બનેવી | : | હેતાલીબેન - ભાવિકભાઈ |
| ભત્રીજી-ભત્રીજા | : | દ્રુતિ, રાહી |
| સાસુ-સસરા | : | જાગૃતિબેન રજનીકાન્ત વોરા |

**શાહ તથા વોરા પરિવારના જયજિનેન્દ્ર**

(Advt.)

# માસિક પુણ્યતિથિ

**।। પિતૃદેવો ભવઃ।।**



## સ્વ. પ્રફુલભાઈ ત્રંબકલાલ સંઘવી

**જન્મતારીખ : ૧૦-૦૭-૧૯૫૦**
**અરિહંતશરણ : ૨૮-૦૪-૨૦૨૨**

રડી પડે છે આંખો અમારી,
દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી,
પળભરમાં છેતરી ગયા અમને, માત્ર યાદગીરીના
પુષ્પો અને વહેતા આંસુના અભિષેક અર્પણ કરીએ છીએ.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

**શોકાતુર**

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | ગં.સ્વ. કોકિલાબેન પ્રફુલભાઈ સંઘવી |
| પુત્ર-પુત્રવધૂ | : | નમ્રતા ચિરાગ સંઘવી<br>અંકિતા હર્ષિત સંઘવી |
| ભાઈ | : | સ્વ. અરવિંદભાઈ ત્રંબકલાલ સંઘવી<br>નવીનભાઈ ત્રંબકલાલ સંઘવી<br>પ્રદીપભાઈ ત્રંબકલાલ સંઘવી |
| બેન | : | સ્વ. મંજુલાબેન હસમુખલાલ દોશી |
| પૌત્ર-પૌત્રી | : | સલોની ચિરાગ સંઘવી<br>રિવાન હર્ષિત સંઘવી |

**સમસ્ત ત્રંબકલાલ જેઠાલાલ સંઘવી પરિવાર**
**શ્વસુર પક્ષ : ચંદુલાલ કસ્તુરચંદ શાહ**
**(નાથાભવનવાળા)**

(Advt.)

## અગિયારમી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



## સ્વ. નિરંજનાબેન હસમુખલાલ શાહ (નીરુબેન)

**મૂળ વતન : વઢવાણ સીટી (લીંબડી)**
**હાલ : ઘાટકોપર - વેસ્ટ (મુંબઈ - ૮૬)**
**જન્મ : તા. ૧૩-૦૨-૧૯૪૭ મહાસુદ ૮**
**અરિહંતશરણ : તા. ૧૪-૦૬-૨૦૧૧ જૈઠ સુદ ૧૪**

કેટલું નહીં કેવું જીવ્યા એ જ યાદ રહી જાય છે.
આપનો શાંત, સરળ, માયાળુ, લાગણીશીલ
તથા નિખાલસ સ્વભાવ
હંમેશાં યાદ આવે છે. છોડી સ્વજનોનો સાથ,
તમ વસ્યા પ્રભુને પાસ
નથી હયાત પણ છો સાથ એવો અમને રહે છે ભાસ
છલકાયું નહીં સુખ અને દેખાડ્યું નહીં દુઃખને
હસતું રાખી મુખડું સદા જીવી ગયા જીવનને.
**આપના પવિત્ર આત્માને જન્મોજન્મ જૈન ધર્મનું શરણ અને નવકાર મંત્રનું સ્મરણ રહે એ જ પ્રાર્થના**

| | | |
|---|---|---|
| પતિ | : | હસમુખલાલ છોટાલાલ શાહ |
| પુત્ર-પુત્રવધૂ | : | જતીન - બીજલ |
| દીકરી-જમાઈ | : | નીશાબેન સુધીરકુમાર ગાંધી |
| દીકરી-જમાઈ | : | નીતાબેન ભાવિનકુમાર શેઠ |
| દીકરી-જમાઈ | : | સેજલબેન જસ્મીનકુમાર ગાંધી |
| પૌત્રી - પૌત્ર | : | હિનલ - મોનીલ |
| દોહિત્ર- દોહિત્રી | : | રૂષભ, મનાલી, રીષી, યશ |

સ્વજનો
સ્વ. રંભાબેન છોટાલાલ શાહ પરિવાર
સ્વ. લીલાવંતીબેન જગજીવનદાસ શાહ પરિવાર

(Advt.)

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ભાવભરી શ્રદ્ધાંજલિ



## સ્વ. શારદાબેન જયંતીલાલ દોઢીવાળા

**થાનગઢ નિવાસી હાલ બોરીવલી - મુંબઈ**
**જન્મ : તા. ૪-૫-૧૯૩૧**
**અરિહંતશરણ : તા. ૧૪-૦૬-૨૦૨૧**

આંખો હજુ નિહાળે છે તમને,
અંતર હજુ પોકારે છે,
એકાંતમાં રડી લઈશું જ્યારે આવશે તમારી યાદ,
જ્યાં કુદરત જ રૂઠી ગઈ, ત્યાં કોને કરવી ફરિયાદ.

સ્મરણાંજલિ અર્પણ કરનાર
**સ્વ. ભુરીબેન હરખચંદ દોઢીવાળા પરિવાર**
**સ્વ. જયંતીલાલ હરખચંદ દોઢીવાળા પરિવાર**

(Advt.)

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ અશ્રુભરી શ્રદ્ધાંજલિ







**જન્મતારીખ**
**૦૯-૧૦-૧૯૬૩**

**અરિહંતશરણ**
**૨૧-૦૫-૨૦૨૧**

## સ્વ. કલ્પનાબેન જગદીશભાઈ જશવાણી

**(પાટી-બોટાદ નિવાસી - હાલ મુલુંડ)**

તમો એક પળમાં જિંદગીનું સંભારણું છોડી ગયા
જિંદગી ટૂંકી હતી પણ લાગણીઓ અપાર મૂકી ગયા
સ્તબ્ધ થઈ જિંદગી અમારી તમારા વગર
તમારા મધુર સ્મરણો અંકિત છે અમારા હૃદયમાં
તમારા કર્મોની સુવાસ જીવંત છે અમારા શ્વાસમાં
સદેહ તમે નથી એ સચ્ચાઈ છે પણ અસ્તિત્વમાં તમે છો
અને રહેશો એ વિશ્વાસ છે.
તસવીર તમારી મૂકીને તમે સ્વમાં ભળી ગયા
હાથ તારો છૂટી ગયો પડછાયો પણ તારો ના રહ્યો
જરૂરત જ્યારે હતી ત્યારે જ તું રહી નહીં
અવનિનું અમૃત, સ્નેહની સરિતા, પ્રેમની પ્રતિમા હે ''મા''
આપની પ્રેમાળ સ્મૃતિઓ અમારાથી કેમ દૂર થઈ શકે ?
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્યઆત્માને શાશ્વત શાંતિ આપે એ જ પ્રાર્થના

***લિ. આપના સ્વજનો***

**માતુશ્રી સ્વ. શાંતાબેન પરમાણંદદાસ જશવાણી પરિવાર**
**માતુશ્રી સ્વ. કાંતાબેન નટવરલાલ શાહ પરિવાર**

| | | |
|---|---|---|
| પતિ | : | જગદીશભાઈ પરમાણંદદાસ જશવાણી |
| પુત્ર-પુત્રવધૂ | : | ૠષભ - હીના |
| પુત્રી - જમાઈ | : | રીમા - નિશાંતકુમાર |
| દોહિત્ર | : | હિયાંશ |

(Advt.)

# BIO-DATA

***Personal Details***



| | | |
|---|---|---|
| Name | : | Darshit Bharat Shah |
| Date of Birth & Star Sign | : | 11th December, 1994 (Sagittarius) |
| Time & Place | : | 9.18 P.M / Mumbai |
| Height and Complexion | : | 5-10" and Fair |
| Interest and Hobbies | : | Watching Movies, Listening Music and travelling. |
| Residential Address | : | 1204, Aavishkar Apt, Gulmohor Marg, Opp. Merwans Cake Shop, Near Om Jewellers, Borivali (West). Mumbai- 400-092. |
| Religion | : | Zalawadi Visasrimali Sthanakwasi Jain |
| Email id | : | darshit.shah11@yahoo.in |
| Education and Profession | : | B.L.S L.L.B. and Company Secretary (CS). ***Advocate*** |
| Previous Work Experience | : | Divya Shah and Associates (Advocates and Solicitors) (2017 – 2021) |
| Currently Working | : | DSM Legal (Own Law Firm) |
| Office Address | : | 222-A, 1st Floor, Subodh Kunj, N.R. Joshi Marg, Opp. Post Office, Kandivali (West), Mumbai – 400 067. |

***Family Details***

| | | |
|---|---|---|
| Father | : | Bharat Chandulal Shah (9890023450) |
| Business | : | Builders and Developers (Prime Realtors) |
| Mother | : | Panna Bharat Shah (9860507561) |
| Education | : | B.A., B.Library Science |
| Elder Sister | : | Shweta Nilay Shah (Married) |
| Education | : | B.com, M.com, Company Secretary (CS), LLB |
| Currently Working | : | IL&FS Mutual Fund (IDF) |
| Brother-in-law | : | Nilay Mukeshkumar Shah |
| Education | : | B.E. Computers |
| Currently Working | : | G.E. Healthcare Ltd. (Bangalore) |

***Paternal Details***

| | | |
|---|---|---|
| Grandfather | : | Late Shri Chandulal Ujamshi Shah |
| Grandmother | : | Late Smt. Nirmalaben Chandulal Shah |
| Uncle | : | Paresh Chandulal Shah (9325394806)<br>Bhavesh Chandulal Shah (9371618668) |

***Maternal Details***

| | | |
|---|---|---|
| Nana | : | Late Shri Dalsukhbhai Jagjeevan Vasani |
| Nani | : | Late Smt. Hiraben Dalsukhbhai Vasani |
| Mama | : | Manish Dalsukhbhai Vasani (09879537035) (Surendranagar) |

Advt.

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# ઑફિસનું ઉદ્‌ઘાટન








# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# ઑફિસનું ઉદ્‌ઘાટન











To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2021-23. WPP Licence No. MR/Tech/WPP - 341/South/2021-23 Published on 5th of every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.

# પાંચમી પુણ્યતિથિએ સ્નેહસભર શ્રધ્ધાંજલી

॥ માતૃદેવો ભવઃ॥



જન્મ :
તા. ૦૭.૦૧.૧૯૪૩

અરિહંતશરણ :
તા. ૩૦.૦૬.૨૦૧૭

## સ્વ. અ.સૌ. મંજુલાબેન મનહરલાલ ખંધાર (શાહ)

મૂળ વતન - ચોટીલા-હાલ-અંધેરી, મુંબઈ

હૃદય અમારું રડી પડે છે, જોઈ તસવીર આપની,
હૈયું માનવા તૈયાર નથી કે હયાતી નથી આપની
પાંચ વર્ષ વીતી ગયાં છતાં અશ્રુ અમારા સૂકાતા નથી,
સદાય હસતો ચહેરો રાખી, ઓચિંતી લીધી વિદાય.
જીવન એવું જીવી ગયા ને મૃત્યુને શોભાવી ગયા.
વ્યવહારમાં કદી ચૂક્યા નથી, ધર્મ કદી ભૂલ્યા નથી
શ્રદ્ધાંજલિ આપતાં શબ્દો ખૂટે છે, અંજલિ આપતાં હૈયું તૂટે છે.
વારંવાર યાદ આવે છે તસવીર જોઈ આપની
આપની યાદ ક્યારેય પણ ભુલાય તેમ નથી.

**એ જ આજ અમારા સૌના શ્રદ્ધાંજલિનાં પુષ્પો**

## સ્વજનો-આપના સદૈવ ઋણી

મનહરલાલ ન્યાલચંદ ખંધાર (શાહ)

| | | |
|---|---|---|
| પુત્ર - પુત્રવધુ | : | આશિષભાઈ - રૂપલબેન |
| પુત્ર - પુત્રવધુ | : | પરેશભાઈ-ડિમ્પલબેન |
| પૌત્ર | : | મનન-સોહમ-રોહન |
| | | તથા સમસ્ત |

**સ્વ. ન્યાલચંદ ચતુર ખંધાર (શાહ) પરિવાર તથા મગનલાલ શીવલાલ શાહ પરિવાર**

જય જિનેન્દ્ર

Advt.

Printed & Published by Pravinchandra G. Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 47, Dr. M. B. Velkar Street, 1st Floor,Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Mobile : 98675 40524. Editor : Sandhya B. Shah